અંક ૬
૧૪૨

કુમાર

આસો
૧૯૯૧

તંત્રી : રવિશંકર રાવળ   સંપાદક : બચુભાઈ રાવત




જીવન મંગલ
આલેખક : કનુ દેસાઈ



મુદ્રક: બચુભાઇ પોપટભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક: રવિશંકર મહાશંકર રાવળ; કુમાર પ્રિન્ટરી–કુમાર કાર્યાલય, ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.

વાર્ષિક લવાજમ, રૂ. ૬ (પરદેશ ૧૨ શિ.) છ માસિક લવાજમ રૂ ૩ (પરદેશ ૬ શિ.) છુટક ૦-૧૦-૦

મુંબાઈના એજન્ટ: સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ; તથા આર. આર. શેઠની કંપની પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ–૨



શ્રમની શોભા

ચિત્રકાર · રસિકલાલ પરીખ

કુમાર

આવતી કાલનાં નાગરિકોનું માસિક

આસો : ૧૯૯૧

કોણ ?

પુષ્પતણી પાંદડીએ બેસી હસતું કોણ ચિરંતન હાસ?
પૃથ્વીઉરથી ઊડે કોનો સુરભિત પુલકિત મુખરિત શ્વાસ ?

કોણ બદલતું સંધ્યાકાશે પલપલ નવલાં પ્રેમળ ચીર ?
કોણ ઉછળતી મોકલતું નિજ કુમળી ઊર્મિ સરવરતીર ?

અહો, ગૂંથતું કોણ પૃથ્વીને સેંથે ઝાકળમોતીમાળ ?
તરુએ તરુએ ફળની કોની આશા કેરી સાખ રસાળ ?

કોનાં કંકણ બાજે એકલ સરિતા કેરે સૂને ઘાટ ?
પર્વતને શિખરે સ્થિર બેસી કોણ સનાતન જોતું વાટ ?

આ સારસની જોડ વિષે ઊડે છે કોની ઝંખનઝાળ ?
અહો ફલંગે કોણ અધીરું વાદળ વાદળ માંડી ફાળ ?

અંતરની એરણ પર કોની પડે હથોડી ચેતન રૂપ ?
કાળતણી ધરતીમાં ખોદી કોણ રહ્યું જીવનના કૂપ ?

સુન્દરમ્



દીપોત્સવીનાં અભિનંદન!
નવાં સ્વપ્નાં, નવાં કર્તવ્યો,
નવાં સાહસો, નવા ઉત્કર્ષો
કુમારનાં પ્રેમીઓ સૌ
પામો.

કૉલેજો બસ કૉલેજો જ, બીજું કંઈ નહિ?

● આપણી કૉલેજોએ દેશનું શું ઉકાળ્યું છે એ વાત હવે નાનું બાળક પણ સમજે એટલી ચોખ્ખીરીતે છપાઇ ગઇ છે. દેશના લાખો રૂપિયા ખર્ચાવી તે સરેરાશ માસિક રૂા. ૨૫ની આવક કરી આપતો વેદીઓ તૈયાર કરી આપે છે એવો નિષ્ણાત અભિપ્રાય જાહેર થયો છે; છતાં આપણા રાજવીઓ, શ્રીમંતો અને વિદ્વાનો મળી નવી આર્ટ્સ કૉલેજો કે લૉ કૉલેજો ઊભી કરવાની ધમાલ કરી રહ્યા છે. કૉલેજના ગ્રૅજ્યુએટો, ડૉક્ટરો અને વકીલો બેકારીની બૂમો પાડતા ભટકે છે. તેમના સૈન્યમાં વધારો કરવાની બુદ્ધિ કોના ભેજામાંથી ફૂટી નીકળી છે તે સમજાતું નથી. કોઈ બેકાર પડેલા વિદ્વાનો કે પ્રોફેસરો પોતાને માટે જગ્યાઓ ઊભી કરવા આ હીલચાલો ચલાવે છે કે આજ સુધી સ્થપાએલી કૉલેજોની કારકીર્દિથી અસંતોષાએલા દેશહિતૈષી ક્રાન્તિકારો નવા ચીલે શિક્ષણ લઈ જવા ચાહે છે એ કોયડા જેવું લાગે છે.

જગતમાં ઘણા ધંધાઓ વધ્યા છે. તેમનું શિક્ષણ લઈ સ્વાશ્રયથી માણસ જીવનનિર્વાહ કરી શકે તેવું જ્ઞાન આપનારી સંસ્થાનું તો હજી સ્વપ્ન જ છે; તેવામાં ગાંઠનું ગોપીચંદન કરી નકલી સુધરેલા જીવન પર પ્રજ્ઞાહત થઇ ગએલા બેકાર ભણેલાઓ વધતા જશે તેનું કરીશું શું?

નવ ગુજરાતના ભાગમાં (વડોદરા બાદ કરતાં) હુન્નરઉદ્યોગની તાલીમ આપનારી કૉલેજો છે જ નહિ. તેથી વિદ્યાર્થીઓને પૂના જેટલે દૂર જઇ ખેતીવાડી, યંત્રકામ અને વીજળીક ખાતાની ડિગ્રીઓ લેવા વધુપડતો ખર્ચ અને પ્રવાસ ખેડવાં પડે છે અને એમ કર્યા પછી પણ સ્થાનિક વિદ્યાર્થીઓ જે ગરીબી અને કરકસરથી એમની જ સાથે ભણીને પાર ઊતરે છે તેની સાથેની હરીફાઇમાં ઓછો પગાર લઈ કામ પર ચડવા અશક્ત બને છે. આથી જ મદ્રાસ, મહારાષ્ટ્ર અને બંગાળના નિષ્ણાતો જલદી નોકરી કે કામ મેળવી શકે છે અને ખર્ચની નજરે કિંમત મૂકનારો ગુજરાતી આથડતાં રંક રહે છે.

હવે તો કોઇ એકાદી કૉલેજ કરવાનું માંડી વાળે અને ચાલુ ધંધાઉદ્યોગને લગતું જ્ઞાન આપતી બબ્બે વર્ષના ટૂંકા અભ્યાસ-ક્રમોવાળી સંસ્થા કરે તો કંઇક વિદ્યાર્થીઓ થોડા ખર્ચે પોતાની તાલીમ પૂરી કરી ડિગ્રીની શરમ વગર ૩૦ થી ૫૦ રૂપિયાની આવક કરતા થઇ શકે.

હજારો અને લાખોની કમાણી કરવાનું દરેકના ભાગે આવવાનું જ નથી, તો બધાને મિથ્યા દોડ કરાવી તેમનાં જીવન, પ્રાણ અને સાધનનો ભોગ લેનારી ડિગ્રીની લાલચથી દૂર રાખવા ઠીક નથી શું? મૌલિક બુદ્ધિ અને સર્જકશક્તિવાળા તો એટલી તાલીમથી યે જગતને કંઈકંઇ રીતે નવાજી પોતાનો ઉત્કર્ષ કરી શકશે. બધા જ પ્રથમ શોધકો અને હુન્નરકળાઓનો ઇતિહાસ આ વાતની સાક્ષી આપે છે.

મૅટ્રિક પાસ કરનાર દરેક વિદ્યાર્થીને લાંબી રખડપટ્ટી ઉપર ચડાવવાથી તેને, તેના કુટુંબને કે દેશને શો લાભ થવાનો છે? કૉલેજ-દલાલો આ બાબત ઉપર ઊંડો વિચાર કરતા હશે ખરા? દરેક પ્રોફેસરને પૂછો કે તમારી કૉલેજ બંધ થઈ જાય તો તમે શું કરી શકો? તેમનાથી જગતમાં કંઈ બનવાનું ન હોય તો તેમના વિદ્યાર્થીમાં તેઓ શું સત્ત્વ પૂરી શકશે? ગુરુ પોતે જ બંધાએલા તે શિષ્યનો ઉદ્ધાર કેમ કરી શકશે?

આપણા ભણેલાઓમાંથી ભાગ્યે જ કોઇ એવા માણસો મળશે જેણે કદી હથોડી ચલાવી હોય, જેણે ઝાડનું એક ફૂંડું પણ ઉછેર્યું હોય અથવા સોયના ટાંકાથી પોતાનું બટન પણ સાંધી જાણ્યું હોય કે રંગની પીંછીથી એક ખોખું પણ રંગ્યું હોય અથવા દીવો કે સ્ટવ સમો કરી જાણ્યો હોય. મહેનતુ ક્રિયાની વાત જવા દ્યો. ગૃહસેવા કે સમાજસેવામાં પણ તેમનો એકડો નહિ હોય. મોટે ભાગે કૉલેજિયનો કોઇપણ પ્રવૃત્તિમાં પ્રેક્ષકો જેવા જ રહે છે. એનું કારણ, તેઓ જે ગુરુઓ અને જે સંસ્થાઓના માનસગર્ભો છે તેમણે તેમનું જરા યે ભાવિચિંતન કર્યું નથી.

છતાં આજે કાઠીઆવાડમાં ને ગુજરાતમાં હજી બીજી નવી કૉલેજો ફૂટી નીકળવાની તૈયારી છે. જેઓને અગાઉના કૉલેજશિક્ષણના દોષો અનુભવવામાં આવ્યા છે તે પણ નહિ બોલે? તમારી પાછળ બેકારી, નાલાયકી અને હડધૂતની ખાડમાં ધસી આવતા હજારો બંધુઓનું બલિદાન થતું નહિ અટકાવો? નવી સંસ્થાઓ માગો, નવી તાલીમ માગો, નવી જીવનસરણી ઊભી કરો, પણ હવે તો બચો આ હતબુદ્ધિ કરનારી શિક્ષા-પ્રણાલીથી!

એને બદલે શું જોઈએ?

● હાલની કેળવણીથી આપણે શહેરોમાં જઇને આજીવિકા શોધનારા થઇ પડ્યા છીએ કારણકે શહેરના સહવાસમાં જ આપણી આખરી કેળવણીની સંસ્થા પથારો નાખી પડી છે. આથી ખર્ચાળ પદ્ધતિ અને દેખાવનું પાંડિત્ય વધી ગયું છે. માબાપ કે કોઈ દાનવીર તરફથી પૈસાની મદદ ન મળવાને કારણે જેને શક્તિ હોવા છતાં પણ કેળવણી વગર જીવન ખેંચી

કાઢવું પડે છે એવાં કેટલાં યે કુદરતે આપેલાં માનવરત્નોથી આપણે વંચિત થઇ બેઠા હોઇશું? કેળવણીની સાથે વૈભવી જીવન અને ખર્ચાળ રહેણી હોય તે કેળવણીનું કલંક છે.

કેળવણીની સંસ્થાઓ શહેરને સાંકડું કરવા કરતાં ઘણા માઇલો દૂર વિશાળ ખેતરો વચ્ચે ઊભી કરવામાં આવે તો દરેક જણ આ પૃથ્વીની ખરી પ્રેરણા અને તાજગી મેળવી શકે. ઉપરાંત શહેરના શોખ અને તમાશાથી બચે. બચેલો સમય તે પુસ્તકાલય, હુન્નરશાળા અને સ્વપ્રયોગોમાં વાપરી શકે. ચારસો કે પાંચસો વિદ્યાર્થીઓની એક સંસ્થા આમ ગ્રામ-પ્રદેશમાં હોય તો તેઓ પોતા પૂરતી ખેતીવાડી, દુગ્ધાલયો ગૃહ-નિર્માણ, વસ્તુશિલ્પ અને નાનાંનાનાં કારખાનાં ચાલતાં રાખી સ્વાશ્રયપૂર્વક અભ્યાસ સાધી શકે આપણે ત્યાં એક કુટુંબમાં એક જ માણસ કમાણી કરતો હોય છે છતાં બીજાં તેને આશરે ભણતાં ઉછરતાં મોટાં થાય છે. તો ચારસોપાંચસો યુવાન વિદ્યાર્થીઓ વચ્ચે પ્રોફેસરો અને પ્રિન્સિપાલો તો શિક્ષણ આપતાંઆપતાં કેટલી યે ઉપયોગી વસ્તુઓ અને સામગ્રી ઉપજાવી શકે અને સંસ્થાનો ખર્ચ કમી કરી શકે.

આવી સંસ્થાને 'સંયુક્ત ક્ષેત્ર વિદ્યાલય' કહી શકાય. અભ્યાસ-ઉપરાંત જેઓ મહેનત કરી કંઈ નીપજ કરી આપે તેનો ખર્ચ બાદ કરતાં નફો આવે તે તેના નામે જમા થાય તો તેનામાં રળવાની આત્મશ્રદ્ધા પ્રકટે. આ સંયુક્ત સંસ્થામાં પોશાક, ખોરાક અને શોખની મર્યાદાઓ સૌને એકસરખી જ પાળવાની હોય, એટલે ત્રણ કે ચાર વર્ષનું વિદ્યાર્થીજીવન કોઇને ભાર-રૂપ ન લાગે. શું દુનિયામાં ગરીબી આવી એટલે પ્રગતિનો માર્ગ બંધ જ થવો જોઇએ?

એક સરળ સરસ આર્યગ્રંથ સસ્તામાં

● સાંપ્રદાયિકતાની ધૂંસરી નાખનારાં પુસ્તકોની ભલામણ સામાન્યત: આજકાલના રાષ્ટ્રધર્મમાં સુસંગત નથી થતી, પરંતુ શ્રીમદ્ભગવદ્ગીતા અને તેનું મનનસેવન તેથી પર રહે છે એમ મહાન ચિંતકોનો પણ અભિપ્રાય છે. એટલે કોઇપણ ભારતીય યુવાન પોતાના જીવનમાં તેનો સત્સંગ શોધે તો એ ચરિતાર્થ બનશે. એ ગીતાનું લગભગ ૬૦૦ પાનાંનું ભારે દળનું પુસ્તક ગોંડળના કવિ શ્રી 'વિહારી' (શ્રી બહેચરલાલ ત્રિકમજી પટેલ) એ તૈયાર કર્યું છે. તેમાં મૂળ સંસ્કૃત શ્લોકો, તેનો અન્વય, ગુજરાતી પદ્યસાર અને સમશ્લોકી ગુજરાતી પદ્યો ઉપરાંત કેટલાક પ્રેરક મંત્રોની ગીતરચના તથા પાછળના ભાગમાં તત્ત્વજ્ઞાનના પારિભાષિક શબ્દો આપીને એમણે તેને અતિ ઉપયોગી બનાવ્યું છે. આ પુસ્તક તેમના પુત્ર શ્રીમાન ચંદુલાલ બહેચરલાલે પોતાના પિતામહના સ્મરણાર્થે માત્ર એક જ રૂપિયામાં પડતર કરતાં પણ ઓછી કિંમતે ગોંડલથી બહાર પાડ્યું છે એનો લાભ ગીતાપ્રેમીઓ ન ચૂકે એવો આગ્રહ કરવાનું સહજ મન થઇ જાય છે. તેમની આ જનસેવા અભિનંદનપાત્ર ગણાવી જોઇએ.

—ર.મ.રા.

આપણી નજરે

ઇટાલી-ઍબિસીનિયા યુદ્ધની શરૂઆત ગઈ તા. ત્રીજી ઑક્ટોબરે ઈટાલીએ કરી.

બનારસ હિંદુ યુનિવર્સિટીએ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ માટે ફરજિયાત શારીરિક તાલીમ રાખવાનો ઠરાવ કર્યો છે.

એક અમેરિકને અગાઉ લાગટ ૭૨ કલાક ચાલીને કરેલા જગતના રેકોર્ડને, અજમેરના ગિ. એલ.ડી. શર્માએ લાગલાગટ ૮૦ કલાક સુધી ચાલીને તોડ્યો છે.

દામોદર ગજાનન પાંસરે નામના એક મહારાષ્ટ્રી યુવક ઉરણ અને એપોલો બંદર વચ્ચેનું દસ માઇલનું અંતર સફળતા-પૂર્વક તરી ગયા છે.

પાંચ વર્ષના લાંબા ગાળા પછી યુરોપથી સ્વદેશ પાછા ફરતા શ્રી ઇન્દુલાલ યાજ્ઞિક ગઇ તા. ૭ મીએ મુંબાઇને કિનારે ઊતર્યા.

ભાવનગર પાસે ઘોઘામાં કુદરતી ગૅસના કુવાઓ નીકળ્યા છે, જેની સત્તાવાર પ્રમાણભૂત તપાસને અંગે હિંદી સરકારના ભૌગોલિક ખાતાના અમલદારે તેને સંતોષકારક જાહેર કર્યા છે, અને એમાંથી વીજળી ઉત્પન્ન કરી ગુજરાતની ઔદ્યોગિક ખીલવણી કરવાના ઉદ્દેશથી એક કંપની ઊભી કરવાની હીલ-ચાલ શરૂ થઇ છે.


ટપાલનાં પારસલોમાં, જેના નામે પારસલ મોકલાયું હોય તે ધણી સિવાય બીજા કોઇના પણ નામના બીજા કાગળો મોકલવાની મના કરતી સરકારી યાદી હમણાં બહાર પડી છે. ૧ લી નવેમ્બરથી તેનો અમલ થશે અને જે પારસલમાં એવા કાગળો હોવાનો શક હશે તે તેના ધણીની રૂબરૂમાં ખોલી ગેરકાયદેસર પત્રોનું બેવડું ટપાલખર્ચ વસુલ લેવાશે.

કુદરતી રસમાંથી રબરનો સામાન બનાવવા માટે હિંદુ-સ્તાનમાં પહેલુંવહેલું રબરનું કારખાનું ગયા માસમાં ત્રિવેન્દ્રમમાં ખોલવામાં આવ્યું છે, જેમાં દરેક જાતની વૉટરપ્રુફ ચીજો, સાઇકલની ટયૂબો, રમકડાં વગેરે બનશે અને આગળ જતાં મોટરનાં પૈડાં પણ બનશે.

સિંધના પહેલા ગવર્નર તરીકે મુંબાઇના સિવિલિયન અને હાલના ધારાવિભાગના સરકારી સેક્રેટરી સર લેન્સીલૉટ ગ્રેહામ નીમાશે એવા સમાચાર છે.

ચંપારણ્યમાં શેરડીનું વાવેતર કરવા માટે ખોદતાં ઇ.સ. ના ત્રીજા સૈકાના સમયનો બૌદ્ધ સ્તૂપ હાથ લાગ્યો છે.

કોલંબિયા યુનિવર્સિટીના અધ્યાપક એડવર્ડ જાહેર કર્યું છે કે ભણવાની ખરી ઉંમર બચપણ નહિ પણ વીસ વરસની આસપાસ છે. એ વયે માણસ થોડા સમયમાં ઘણું ગ્રહણ કરી શકે છે.



ટૉમસ ગૅરિગ મસારિક

વિધિએ ઠોકી બેસાડેલી હીન

- દૈવે એને રાજબીજના ગુલામ બનેલા ગાડીવાનને ત્યાં જન્મ આપ્યો: પણ એ પ્રયત્નાત્માએ પોતાના દેશમાં કોઇને યે ગુલામ ગાડીવાન ન થવું પડે એવી પરિસ્થિતિ પ્રવર્તાવી.
- મામૂલી ગાડીવાનનો દીકરો; તાળાંકૂંચીનો ફેરિયો બન્યો; પછી લુહારને ત્યાં કામ શીખવા રહ્યો; પછી રીંછનો શિકારી અને પછી—પછી . . . તત્ત્વજ્ઞાનનો અધ્યાપક.
- એક વખતનો એ આલમગશહૂર વિદ્વાન પછી રીઢો બળવાખોર બન્યો, અને અંતે જગતના પ્રથમ કોટિના પ્રજાવાદી રાજ્યનો લોકપ્રિય શાસક થયો.
- જીવનનાં આ સોપાન ચડતાંચડતાં એના અંતરમાં જાણે એક જ ભાવનાનો ધબકાર અહોનિશ હતો: दैवायत्तं कुले जन्म मदायत्तं तु पौरुषम्।

હિંદની સંસ્કૃતિના ઇતિહાસપટ પર એક સંસ્કારસ્વામીની છબિ એવી અમર રેખાઓમાં અંકિત થએલી છે કે પુરુષાર્થના સૌ પૂજારીઓને એ પ્રયત્નાત્માના અલૌકિક પૌરુષનું સ્મરણ એ સર્વકાળ માટે કરાવતી ઝળકયા કરશે.

જન્મે ક્ષાત્રબીજ, પરંતુ ભાગ્યવશ સૂતપુત્ર બન્યો. બાંધવ રાજપુત્રોનાં પગરખાં સાચવતો એ ભણતો. પૃથ્વીને નક્ષત્રી કરનાર અગ્નિ સમા સર્વનાશી ગુરુ પાસેથી અત્યંત ધીરજથી એણે વિદ્યા સંપાદન કરવા યત્ન કર્યો. પોતાના રાજાની મહેરબાની મેળવી એકવાર એ એક વિશાળ પ્રદેશનો શાસનકર્તા પણ બન્યો. જે કૌટુંબિક રાજકલહને પરિણામે જગતનું સર્વપ્રથમ મહાન યુદ્ધ ખેલાયું, એમાં એના સૈનિક મુત્સદ્દીપણાના સર્વ ગુણો પ્રકાશમાં આવ્યા.

એને પોતાની જન્મજાતિ કરતાં કર્મજાતિ માટે અનહદ અભિમાન હતું, અને વિધિના લેખ પર મેખ મારી એણે પોતાનું અપ્રતિમ પૌરુષ સર્વકાલના પુરુષાર્થીઓ સમક્ષ દૃષ્ટાંત રૂપ મૂકી દીધું.

એનું નામ કર્ણ.

આર્યાવર્તના એ મહારથીને મળતું પુરુષાર્થી પાત્ર આજના જગતમાં પણ વિદ્યમાન છે. પ્રગતિમાન પશ્ચિમના દેશમાં જન્મેલા એ મહાવીરની જન્મજાતિએ એના જીવનવિકાસને અવરોધ્યો નથી. ઊલટું એ અન્યની પ્રગતિમાં દૃષ્ટાંત રૂપ થઈ પડી છે.

ઇ.સ. ૧૯૧૪-૧૮ના મહાન વિશ્વયુદ્ધે યુરોપની રાજકીય ભૂગોળનું સ્વરૂપ પલટી નાખ્યું છે. જે પ્રજાઓ એ તકનો લાભ લઈ સ્વતંત્ર થઇ એમાં ઝેક અને સ્લાવ પ્રજાનું સ્થાન અતિ ગૌરવભર્યું છે. મહાયુદ્ધ પહેલાંના ઑસ્ટ્રીઅન સામ્રાજ્યનું એક અંગ ગણાતી એ યુક્ત પ્રજાના આજના સ્વતંત્ર રાજ્યના પાટનગર પ્રાગમાં એક મહાન નર વસે છે.

હજી હમણાં જ એણે પોતાના જીવનમાં ૮૪ નાતાલ જોયા-જીવ્યાનો લહાવો લીધો છે; પરંતુ એ સવાચાર કૂંડી નાતાલો દરમ્યાન એણે જીવનની કેટકેટલીયે કપરી-મીઠી લીલીસૂકી જોઇ નાખી છે.

ઓગણીસમી સદીના પૂર્વાર્ધનું એ છેલ્લું વર્ષ હતું. એ વર્ષમાં ઝેકોસ્લોવાકિયાના હૅપ્સબર્ગી રાજવંશના કોઇ

દશામાંથીયે જે મહત્ત્વાકાંક્ષી પ્રયત્નાત્માએ સંસ્કારસ્વામી બની પોતાના દેશને સ્વતંત્ર કર્યો તે.. ઝેકોસ્લોવાકિયાનો તારણહાર

ટૉમસ ગૅરિગ મસારિક

ગાડીવાનને ત્યાં સાતમી માર્ચને દિવસે એનો જન્મ થયો. પોતાની પછી પોતાનો પુત્ર પણ એ જ રાજવંશને વફાદાર રહી, ગાડીવાન અગર તો રસોઇયાનું મામૂલી ઘરકામ કરી સંતોષમય સુખી જીવન ગાળશે એવી મનોરમ કલ્પનાઓમાં રાચતો એનો પિતા એને ઉછેરતો હતો.

અવતારવાદમાં માનતા આર્યોની એક વાર્તા છે કે સૃષ્ટિના પ્રલયકાળે પોતાની પ્રજાને બચાવી લેવાની, સાગરકાંઠે ઊભાઊભા પ્રાર્થના કરતા કોઇએક રાજાના હસ્તસંપુટમાં એક નાનીશી માછલી આવી. ખોબામાં તરવરતી એ માછલીનું કદ આશ્ચર્યથી પમાડે એમ વધવા લાગ્યું. એને કમંડલુમાં યે ન ફાવ્યું, એટલે રાજાએ એને પોતાના બાગના મોટા સરોવરમાં મૂકી. ત્યાં પણ એ વધવા જ લાગી. છેવટે એણે રાજાને કહ્યું, મને સમુદ્રમાં જ પાછી પધરાવી દે; હું પ્રલયકાળે તારૂં રક્ષણ કરીશ. પુરાણો કહે છે કે સૃષ્ટિના પ્રલય વખતે એ મત્સ્યાવતારે એ રાજાને અને એની પ્રજાને ઉગારી લીધી.

એ માછલીની પેઠે આપણા આ જીવનચરિત્રનો નાયક પણ પોતાની દુનિયાના પરાધીનતાભર્યા વાતાવરણના પ્રથમ શ્વાસે જ એવો તો અકળાયો કે પોતે મુસાફરી કરી શકે એટલી પુખ્ત ઉમરનો થયો કે તરત એણે પોતાનાં માબાપની પાસેથી વિદાય માગી.

એની મા અજબ કલ્પનાશક્તિવાળી હતી. એનો પિતા તો તદ્દન અભણ હતો અને પડોશની કોઇ ડોશીમાના ખેતરમાંથી બટાટા ખોદી આપવાના બદલામાં એ ડોશી પાસેથી એ અક્ષરજ્ઞાન શીખેલો. આવા નિરક્ષર અને આજન્મ નોકરીમાં પરાધીન પિતાને લખતાં શીખવાડી બેટાએ એને સામાન્ય ગાડીવાનની સ્થિતિમાંથી ખેતરોમાં દેખરેખ રાખનારની પાયરીએ આણ્યો.

દૈવે એને ગુલામી જેવી નોકરી કરતા એક મામૂલી ગાડીવાનને ત્યાં જન્મ આપ્યો હતો, પણ એ પ્રયત્નાત્માએ તો પોતાના દેશમાં કોઇને પણ એવી ગુલામી ન કરવી પડે એવી પરિસ્થિતિ આજે જમાવી છે. પરંતુ આજની એ પરિસ્થિતિ ઉપજાવતાં પહેલાં એને કેટલાયે આકરી કસોટીએ ચડવું પડ્યું હતું. કેટલાક વરસ સુધી તો એણે વીએનાના માર્ગો પર તાળાંકૂંચીની ફેરી કરી હતી. ત્યાર બાદ એક લુહારની કોડમાં એ શિખાઉ તરીકે કામે રહ્યો. તાવેલા લોઢા પર હથોડાના ઘા ઝીકાય અને એરણ પર ચપટો થતો એ લોખંડનો કકડો તિરસ્કાર કરતો ઘા ન સહેવા માટે તણખા ઉડાડે, તેમ એ હીન દશામાં ન રહેવા માટે ટૉમસનું અંતર સદાકાળ બળવો પુકાર્યા જ કરતું.

અને એને પણ લાગ્યું કે નિર્જીવને ટીપવામાં શો લાભ? એટલે એ શિકારી બન્યો. સામાન્યરીતે તો માછીમારી કરતો એ ટૉમસ લાગ ફાવે ત્યારે રીંછ અને ભૂંડનો પણ શિકાર કરતો. એક વખત એણે એક રીંછ પર નિશાન તાક્યું. પરંતુ સવેળા ચેતી ગએલું એ પ્રાણી ઘાયલ થઇ નાસી છૂટ્યું. હાથમાં આવેલા શિકારને ગુમાવતાં ટૉમસ બહુ બેચેન થયો. મિત્રોથી એ છૂટો પડ્યો અને રીંછની ખોજમાં એ કાર્પેથિયાની ખીણમાંના પહાડો અને જંગલોમાં ખૂંદી વળ્યો. ખૂબ ભટક્યા પછી એને જિંદગીની વેદનાઓ ખતમ કરી ચૂકેલા રીંછનું મુડદું મળ્યું. પણ આ પ્રસંગે એનો જીવનપલટો કર્યો. એના હૃદયમાં ન્યાયની આહ ઊઠી. એના શૂન્ય બનતા જતા અંતઃકરણે જાણે ઉજાસ માગ્યો હોય તેમ ત્યાર પછી ટૉમસે નિશાળે જવું શરૂ કર્યું.

બૂઝાતો દીપક તેલ પૂરાતાં સચેત બને એમ કવેળ એળે જતી ટૉમસની બુદ્ધિમત્તા ઝળકી ઊઠી. તરત જ એના તરફ એના શિક્ષકોનું ધ્યાન ખેંચાયું. એના બાપને એમણે સલાહ આપી કે તમારો દીકરો મોટો પ્રોફેસર થવાને લાયક છે. પરંતુ દેશમાં બેફામ બનતા જતા ઉમરાવજાદાઓને ઠેકાણે લાવવા માટે તલસી રહેલા

ટૉમસને એ વેળા તો એ પંતુજી થવાની સલાહ ન રૂચી.

ખાનગી વખતમાં ટ્યૂશનો આપીઆપીને પેટિયું મેળવતાં એણે વીએના વિશ્વવિદ્યાલયની સર્વોચ્ચ ઉપાધિ પ્રાપ્ત કરી. તરત જ એને એ જ વિદ્યાલયમાં અધ્યાપકની જગ્યા મળી. માનસશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન એના પ્રિય વિષયો હોવાથી એમાં પ્રવીણતા મેળવી એણે 'આત્મહત્યાની મીમાંસા' નામનો એક નાનો ગ્રંથ છપાવ્યો. એ પુસ્તકમાં માનસશાસ્ત્રના મૂળ સિદ્ધાંતોની સૂક્ષ્મદર્શી લાક્ષણિક રીતે ચર્ચા કરી એક નવો જ સિદ્ધાંત તારવેલો હોવાથી ઘણા વિદ્વાનોનું એ તરફ ધ્યાન ખેંચાયું. એ અરસામાં એણે જર્મનીના લાઇપઝિગ નામના શહેરમાં એક વર્ષ ગાળ્યું.

ઑસ્ટ્રિયાની સીમા પાર જર્મનીના લાઇપઝિગ વિશ્વવિદ્યાલયમાં અભ્યાસ માટેના વસવાટ દરમ્યાન ટૉમસના જીવનમાં એક અગત્યનો બનાવ બન્યો. ઘણા જુવાનોના જીવનની પ્રગતિને યોગ્ય સમયે વેગ આપનાર કોઇ ને કોઇ પ્રેરણા મળી રહે છે. ટૉમસને પણ એવી સિદ્ધિ સાંપડી. એ પોતે શિસ્તપાલન અને સત્ય માટે અત્યંત ચોંપીલો હતો. અવ્યવસ્થાનો વિચારમાત્ર એને ત્રાસ ઉપજાવતો. એના આ જ સ્વભાવને અનુરૂપ એવી એક અમેરિકન કુમારી સાથે એને ત્યાં પરિચય થયો. અમેરિકાના વતનદારની એ પુત્રીનું નામ શાર્લોટ ગૅરિગ હતું. શિસ્તપાલન માટે એની તીવ્રતા ટૉમસથી ઊતરે એવી ન હતી. સમય જતાં પરિચય વધતાં હ્યુજીનૉટ વંશની એ કુમારીએ ટૉમસનું અંતર જીત્યું અને સહચારિણી થવા ઇચ્છા બતાવી. પરંતુ નિર્મળ પ્રેમનાં ઝરણાં અસ્ખલિત વહેતાં નથી. ટૉમસ ગરીબાઇમાં ખૂંપતો જતો હતો. શાર્લોટને એના સંગાથી બનવું હતું. આખરે શાર્લોટના શ્રીમંત વાત્સલ્યભાવી પિતાએ ટૉમસને પોતાની લાડકી પુત્રીનો હાથ સોંપવા હા પાડી.

ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ થતાં જેને બીજા કશાયની પરવા નહોતી એવી મિસ ગૅરિગ પોતાના વહાલસોયા બાપને છેવટનું મળી લેવા અમેરિકા જવા ઊપડી. એ વાતને બે વરસ જેટલો સમય વીતી ગયો હતો, એટલામાં અચાનક ટૉમસને સમાચાર મળ્યા કે મુસાફરી કરતાં ગાડીમાંથી પડી જવાને લીધે શાર્લોટને સખત ઇજા થઇ છે. પ્રેમાળ ટૉમસને બહુ લાગી આવ્યું. બેબાકળો બની એ અમેરિકા જવા ઊપડ્યો. એને યે સ્ટીમર પર જીવલેણ અકસ્માત નડ્યો. પરંતુ એના દેશની ભાવિ પ્રજાના સુભાગ્યે એ એમાંથી ઊગર્યો. આ બાજુ શાર્લોટની તબિયત સુધારા પર આવતાં ઇ.સ. ૧૮૭૮માં બંનેએ પરસ્પરને પતિપત્ની તરીકે સ્વીકાર્યાં.

જીવનના એ પ્રેમળ મહત્ત્વપૂર્ણ પ્રસંગની યાદમાં ટૉમસે પોતાની સહચરીના કુટુંબનું નામ, પોતાના નામ સાથે સ્વીકાર્યું અને સ્લોવાક પિતા તથા ઝેક માતાનો આ પુત્ર ટૉમસ ગૅરિગ મસારિકના નામે જાહેરમાં ઓળખાયો.

એક સૌભાગ્ય બીજાને નોતરે છે એ ન્યાયે આ પ્રસંગ પછી તરતમાં જ તેની મહત્તામાં વધારો કરતો, મસારિકને એના એક શિષ્ય તરફથી સારો વારસો મળ્યો.

સ્વભાવને અનુકૂળ એવી પત્નીએ મસારિકના નિત્યના સાથીદાર અને સલાહકાર તરીકે, એના આત્મમંથનનાં વરસો દરમ્યાન તેમજ આંતરરાષ્ટ્રીય ખટપટોમાં અને રાષ્ટ્રીય ઉત્થાનમાં એકસરખો સહચાર સાધ્યો અને એમના દાંપત્યજીવનને સોહાવ્યું. એ દાંપત્યજીવનને અનુલક્ષી મસારિક કહે છે: 'દરેક કાર્ય અમે સાથે જ કરતાં. પ્લેટો સુદ્ધાં અમે સાથે જ વાંચતાં. અમારું સારું યે દાંપત્યજીવન સહકારના પ્રતીક રૂપ હતું. મારી પ્રજાના અલૌકિક મનોબળમાં એને દૃઢ વિશ્વાસ હોવાથી એ મારા રાજકીય સંગ્રામો અને રાજકીય પ્રવૃત્તિઓમાં મદદ કરતી. એના સહકાર વિના હું કશું યે કાર્ય ન કરતો. લડાઇ દરમ્યાન હું પરદેશમાં હોઉં એવા અપવાદ રૂપ પ્રસંગોમાં એકાકી કાર્ય કરતી વખતે પણ એના સહકારથી જ હું કાર્ય કરી રહ્યો છું અને એમાં એની સંપૂર્ણ અનુમતિ છે: એમ હું માનતો.

મસારિક તત્ત્વજ્ઞાનનો અધ્યાપક તો બન્યો, પરંતુ અહીં એ જીવનમાંથી તત્ત્વજ્ઞાન શોધી શક્યો નહિ. એ જીવન જીવતાં શીખ્યો એ શરૂઆતના સમયમાં તો એને પોતાને યે ખબર સુદ્ધાં નહોતી કે પોતે ઝેક હતો. બારાખડીના ગણેશ પણ એણે જર્મન ભાષામાં માંડેલા અને એ જ ભાષામાં એણે ઉચ્ચ કેળવણી મેળવેલી. એટલે જ્યારે એ પહેલવહેલો પ્રાગમાં અધ્યાપક તરીકે નિયુક્ત થયો તે વેળા તો એને પોતાને સ્વભાષા પરના પોતાના કાબુ માટે પણ શંકા હતી.

એથી જ્યારે ઇ.સ. ૧૮૮૨માં પ્રાગ વિશ્વવિદ્યાલયની પુનર્રચના કરવામાં આવી ત્યારે એને પોતાના

વતનની સેવા કરવાની તક સાંપડી હોય એમ લાગ્યું. વિદ્યાપીઠમાં જર્મન અને ઝેક એવા બે વિભાગો હતા અને મસારિકને ઝેક વિભાગમાં નિયુક્ત કરવામાં આવ્યો હતો. એની શીખવવાની ઢબ આકર્ષક હોવાથી એણે ટૂંક વખતમાં વિદ્યાર્થીઓનાં દિલ જીતી લીધાં અને એ શિષ્યપ્રિય અધ્યાપકનું નામ વિદ્યાર્થી આલમમાં સર્વતોમુખી થઇ પડ્યું.

આ સમય દરમ્યાન પ્રજાના ભૂતકાળના શિક્ષણ સંબંધી કેટલાંક ઝેક લખાણોની સત્યતા બાબત એણે શંકા ઉઠાવતાં, ચોમેરથી એનામાં સ્વદેશાભિમાન ન હોવાના પ્રખર પ્રહારો થયા હતા. એ સમયની ઑસ્ટ્રો-હંગેરિયન સરકારની નજરમાં એ વિચારો અત્યંત રાજદ્રોહી જણાયા. તેમની વિદ્વત્તા અગર અધ્યાપન-કૌશલ્ય બાબતની તો કોઈપણ ખામી એ કાઢી ન શકી, એટલે સરકાર એને રજા તો આપી શકતી ન હતી. બીજી તરફથી આવા રાજદ્રોહી ગણાતા મસારિકને તત્ત્વજ્ઞાનના મુખ્ય અધ્યાપક નીમી તેની કદર પણ તે કરી શકતી ન હોવાથી કોઇપણ પ્રકારે તેની કનડગત કરવાની તરકીબ સરકાર શોધી રહી હતી. એટલે નાના અને નવા નીમાએલા અધ્યાપકોના હાથ નીચે કામ કરવાનું એને ફરમાવવામાં આવ્યું અને રાજદ્રોહી ભાષણના આરોપસર એનું પ્રમોશન અટકાવવામાં આવ્યું.

સરકારની આ ખફાગીરીને ટેકો આપવા માટે ઇતર ધાર્મિક સંસ્થાઓએ ઇ.સ. ૧૯૧૦માં મસારિક સામે પોતાનો વિરોધ દર્શાવવા એક સભા બોલાવી અને કૅથૉલિક વર્તમાનપત્રોએ તો એને નિરીશ્વરવાદી તરીકે પણ જાહેર કર્યો. સરકાર સાથે પાદરીઓના આ સહકાર પાછળ મસારિકને વિદ્યાપીઠમાંથી હાંકી કાઢવાનો ભેદ સ્પષ્ટ જ હતો. પરંતુ સરકારના આ બધાયે પ્રયત્નોને સખ્ત ફટકો મારવા ઇચ્છતો હોય તેમ એણે રાજસભાના સભ્ય તરીકે વિદ્યાપીઠના પ્રતિનિધિ બની પોતાની ઉમેદવારી બહાર પાડી અને લાગણીભર્યા શિષ્યોના ઊર્મિલ પીઠબળને પરિણામે વિજયી બનેલા મસારિકે એક ઝેક સ્વદેશાભિમાનીને છાજે એવી પ્રખર વાક્ધારાથી રાજસભામાં પોતાનો વિરોધ એટલી સચોટ રીતે રજુ કર્યો કે ધૂંધવાઇ રહેલી સરકારને માટે તો એ નરને રાજદ્રોહના આરોપસર અટકાયતમાં લઇ હવે કેદમાં પૂરવા જેટલું જ બાકી રહ્યું હતું. પણ એ પરિસ્થિતિ ઊભી થાય એ પહેલાં મસારિકે ચેતી જઇ, સ્વદેશનો સ્વેચ્છાએ ત્યાગ કર્યો.

અને આ પ્રમાણે સ્વદેશના ઉત્કર્ષ માટે જનમભોમકાનો ત્યાગ કરનાર મસારિક લંડનમાં જઇ વસ્યો ને ત્યાં ઠરી ઠામ થયો. એ દિવસોમાં એ અર્થશાસ્ત્રનો અધ્યાપક હતો. હૅમ્પસ્ટેડ ખાતે એ શાંત જીવન ગુજારતો.

જેની સ્વતંત્રતા ખાતર મસારિક દેશવટો વેઠી રહ્યો હતો એ ઝેકોસ્લોવાકિયા સૈકાઓ પૂર્વે બોહીમિયા તરીકે ઓળખાતું અને ઇ.સ. ૧૬૨૦માં વ્હાઇટમાઉન્ટની લડાઇમાં એકવાર પોતાનું સ્વાતંત્ર્ય ગુમાવ્યા પછી, લાગટ ત્રણસો વર્ષથી એ પરદેશીઓની સત્તાનીચે કચડાતું હતું. પરતંત્રતાની એ ધૂંસરી ફગાવી દેવાનો પ્રયત્ન કરી જોવાનો દૃઢ નિશ્ચય પ્રથમ મસારિકને જ થએલો એમ નહિ, પણ આજ સુધીના એ સંબંધીના વિચારો એટલા તીવ્ર નહોતા; અને ઑસ્ટ્રોહંગેરિયન સરકાર સામે માથું ઉંચકવાની કોઇની તાકાદ પણ નહોતી. સંજોગવશાત એ અરસામાં યુરોપભરમાં અશાંતિની નોબત ગગડી અને ૧૯૧૪માં વિશ્વયુદ્ધનાં ગણેશ બેસતાં, મસારિકે એ તકનો લાભ જતો ન કરવાનો મનસૂબો કર્યો.

એ સમયે મસારિક જીવનનાં વન વટાવી ચૂક્યો હતો એની વય ૬૪ વર્ષની હતી. સામાન્ય જિંદગીની જીવનસંધ્યાને આરે પહોંચેલી એ ઉંમરે એણે પોતાના દેશને સ્વતંત્ર કરવા કમર કસી. ઑસ્ટ્રિયા-હંગેરીના હાથે તો પોતાની સ્વતંત્રતા હરગીઝ શક્ય ન હોવાથી એણે પોતાનો મોરચો મિત્રરાજ્યો તરફ માંડ્યો અને લોકમત કેળવવા 'ન્યુ યુરોપ' નામનું પુસ્તક લખ્યું.

૧૯૧૪ના ડિસેમ્બરમાં ઑસ્ટ્રિયા છોડી એ પ્રચાર માટે ઇટાલી ગયો. પણ ત્યાં એને માલૂમ પડ્યું કે રાજ્યે એને દેશનિકાલ કર્યો હતો. પોતાની દીકરી એલિસને એણે સ્વદેશમાં રાખી હતી. એને એની ગેરહાજરીમાં કેદ કરવામાં આવી. પ્રેમાળ ગૃહજીવનના નાયકનો એ કાળ આત્મમંથનનો હતો. એ જણાવે છે કે: 'મારી પત્ની માંદી હોવાની પણ ઉડતી ખબર મને મળી. એલિસ કેદમાંથી પાછી છૂટવા પામશે કે કેમ એ માટે મને પૂરી શંકા હતી. મારે ખાતર મારા નાના પુત્રને ઑસ્ટ્રિયામાં ફાંસીને માંચડે લટકાવવામાં આવશે એવા સમાચાર અમેરિકન છાપાંઓમાં છપાયા હતા. ગેલિશિયન આશ્રિતોમાંથી પકડાએલા મારા મોટા

પુત્રને વિષમજ્વર આવ્યો અને તે અવસાન પણ પામ્યો.

આ બધી અને બીજી અનેક આફતોએ એના પર એકસામટો હુમલો કર્યો છતાં એ હતાશ ન થયો. માણસની નજર સામે એની સાધ્ય વસ્તુ જો સતત રહ્યા જ કરતી હોય અને ગમે તે ભોગે એ સાધ્ય વસ્તુને તેણે મેળવવી જ જોઇએ એવો એ કૃતનિશ્ચય બન્યો હોય તો એ ગમે તેવી પરિસ્થિતિને પણ સહન કરી શકે છે, એવું માનનારા મસારિકે આ અસાધારણ કૌટુમ્બિક સંકટોને પી જઇને પણ પોતાનું કામ અવિશ્રાંતપણે ચાલુ જ રાખ્યું અને ૧૯૧૫ની આખર સુધીમાં તો તેણે ફ્રાન્સ, હૉલંડ, ઇંગ્લંડ અને ઇટલીમાં પર્યટન કરી, જીનોવામાં ઠરીઠામ થઇ પોતાની ચળવળને લગભગ સંપૂર્ણતાએ પહોંચાડી.

રશિયા, ફ્રાન્સ અને ઇટાલીએ તો પહેલેથી જ સહાનુભૂતિ બતાવેલી. સૌથી પ્રથમ એણે ફ્રાન્સ અને ઇંગ્લંડની સહાનુભૂતિ માટે યત્ન કર્યો હતો, પણ એ વ્યર્થ ગએલો. આખરે લંડનના એના વસવાટ દરમ્યાન લંડન ટાઇમ્સના પરરાષ્ટ્રીય ખાતાના સંપાદક વિકહૅમ સ્ટીડે અને બીજા કેટલાક પત્રકારોએ ઝેકોસ્લોવાકિયાના સ્વાતંત્ર્ય માટે એનો પુરસ્કાર કર્યો. પોતાના સ્વદેશ તરફ લંડનવાસીઓની લાગણી આકર્ષવા એણે મેળવેલી સભામાં ખુદ મુખ્ય પ્રધાન ઍસ્કિવથે સહાનુભાવભર્યો સંદેશો પાઠવ્યો કે 'ભવિષ્યમાં પોતાની પ્રજાનું જીવન અને પ્રજાકીય સંસ્થાઓનો યોગ્ય વિકાસ થાય એ માટે પડોશનાં જોરાવર રાજ્યોની ધૂંસરીમાંથી નાની પ્રજાઓની સ્વતંત્રતા છોડવવામાં અમે બ્રિટિશો પ્રથમ અને અગ્રણી લડનારા છીએ.'

મસારિકની આ બધી રાજકીય પ્રવૃત્તિઓમાં એકધારો સબળ સાથ આપનાર બે મિત્રોને ઓળખ્યા વિના સઘળું નકામું ગણાય. પ્રાગ વિદ્યાલયના ડૉ. બેનેસે અને પરદેશમાં નામાંકિત થએલા ડૉ. મિલન સ્ટેફિનિકે પણ દેશના સ્વાતંત્ર્ય કાજે સર્વસ્વ ન્યોચ્છાવર કરેલું. આ ત્રણેએ પારીસમાં સાથે મળી 'ઝેકોસ્લોવાક નૅશનલ કાઉન્સિલ'ની સ્થાપના કરી, એ સંસ્થા દ્વારા વ્યવસ્થિત પ્રચારકાર્ય કરીને દેશની સત્તા સંસ્થાના કાબૂમાં આણવાનો પ્રયત્ન કર્યો. ડૉ. સ્ટેફિનિકના પ્રયત્નને પરિણામે ફ્રાન્સના પ્રમુખ મ. બ્રાયાંની મસારિક સાથે મુલાકાત થઈ જેના અનુકૂળ પરિણામથી મસારિકનો ઉત્સાહ વધ્યો. ૧૯૧૭-૧૮ દરમ્યાન યુરોપભરમાં અને અમેરિકામાં વસવાટ કરીરહેલા ઝેકોસ્લોવાક લોકોનું સંગઠન કરવાના આશયે એમણે પ્રવાસ કર્યો અને એમની પાસેથી અઢળક દ્રવ્ય મેળવ્યું. રાષ્ટ્રની ક્રાન્તિ માટે આટલી પૂર્વ તૈયારીઓ કરી મસારિક રશિયા ગયો. ત્યાં પહેલેથી જ ઝેકોસ્લોવાકિયાનું લશ્કર સજ્જ હતું.

ઇ.સ. ૧૯૧૮ની ૭મી ફેબ્રુઆરીને દિવસે એણે ઝેકોસ્લોવાકિયાના સ્વાતંત્ર્યની ઘોષણા કરી. તરત જ તે સાઇબિરિયા થઇ જાપાન માર્ગે ફરી અમેરિકા ગયો. ૫મી મેને દિવસે એણે શિકાગોમાં પ્રવેશ કર્યો અને એ દેશમાં તો ઝેકોસ્લોવાકિયા માટે પહેલેથી જ સહાનુભાવ મેળવવામાં આવ્યો હોવાથી એમનો બહુ સારો સત્કાર થયો. ૨૯મી મેને દિવસે અમેરિકાના પરરાષ્ટ્રીય મંત્રી લૅન્સિંગે ઝેકોસ્લોવાકિયાની સ્વતંત્રતાને સન્માનનારૂં જાહેરનામું કાઢ્યું અને મસારિકના કાર્યને યશ આપતા આ કાર્ય પર પ્રેસિડૅંટ વિલ્સને પોતાના ચૌદ મુદ્દાઓમાં ઝેકોસ્લોવાક પ્રજાની સ્વતંત્રતાનો હક્ક માન્ય રાખી કળશ ચઢાવ્યો. જયકલગીએ પાછા વળતા મસારિકને સ્વતંત્ર રાષ્ટ્રના અધ્યક્ષ તરીકે સન્માનતી અમેરિકાની સરકારે ૩૧ તોપોની સલામી આપી, એમનું ગૌરવ વધાર્યું.

ઇ.સ. ૧૯૧૮ની ૧૮મી ઑકટોબરને દિવસે મસારિકે ઝેકોસ્લોવાકિયાના સ્વાતંત્ર્યનું જાહેરનામું પ્રસિદ્ધ કર્યું. ઝેકોસ્લોવાકિયાના ઇતિહાસમાં એ પ્રસંગ સદાયે ઊજળો રહેશે. એ જ વર્ષમાં ૨૧મા ડિસેમ્બરે મસારિકે પોતાની જનમભોમકા પર પગ મૂક્યો. પ્રાગના નાગરિકોએ કૃતરીભાવથી ઉભરાતા હૃદયે એનો ભવ્ય સત્કાર કર્યો.

'નૅશનલ કાઉન્સિલે' પ્રજાસત્તાક ઝેકોસ્લોવાકિયાના પ્રથમ અધ્યક્ષ તરીકે મસારિકની પસંદગી કરી એના માટેની પોતાની કૃતજ્ઞતા વ્યક્ત કરી. ઈ.સ. ૧૯૨૧ની ર૭મી મેને દિવસે ફરીવાર એને અધ્યક્ષસ્થાને સ્થાપવામાં આવ્યો અને હવે તો એ પ્રેમઘેલા દેશબાંધવોએ એને આજીવન અધ્યક્ષ તરીકે કાયમના ચૂંટી, પોતાના સ્વતંત્ર રાષ્ટ્રના નિર્માતાની અજબ ભાવથી ભકિત કરીછે.

આજે એણે ૮૫ નાતાલ જોઈ છે અને આવી બુઝર્ગ ઉમરે, કોઇપણ સ્વપ્નશિલ્પીને શરમીંદો બનાવે એવા પોતાના ભૂતકાળના યશસ્વી જીવનની એ ઝાંખી કરી રહ્યા છે. ડાન્યુબ નદીના પ્રદેશમાં વિસ્તાર પામેલા



બાધા
ચિત્રકાર કનુ દેસાઈ
કાવ્યકાર · સુન્દરમ્

સર્જીને સૃષ્ટિ યોજી ચરણપથ પરે, જે ઊભો ઊર્ધ્વ સૌથી,
ને પેખે વિશ્વલીલા નિજપદતલમાં ખેલતાં પ્રાણીઓની,
શીળી સૌમ્ય પ્રસન્ના ઉદધિથી અધિકી ધ્યાનગંભીર મુદ્રા-
-વંતા રૂપે વિરાટે નિખિલ ભુવનને જે સદા આશિષે છે,
તેનાં પામી કૃપાનાં જલ શિશુજનની સૃષ્ટિસંગ્રામ માંડે.

આ અંકના પૂંઠા પરનું તથા આ ઉપરનું એ બંને ચિત્રો શ્રી કનુ દેસાઈના તાજેતરમાં પ્રકટ થએલા ચિત્રસંપુટ 'જીવનમંગલ'માંનાં છે. એ આખી ચિત્રમાળામાં ગાંભાર્યભરી શક્તિ અને અવાક્ કલ્પનાના અપ્રતિમ નમૂના તરીકે આ ચિત્ર તરી આવે છે. ચિત્રકારે વસ્તુ રજુ કરવા કોઇ અણધાર્યું નવું જ દૃષ્ટિબિંદુ પકડયું છે. મૌલિકતા અને પ્રગલ્ભ આલેખનનો આ અચ્છો નમૂનો છે. પાષાણમયી મૂર્તિ અને સજીવ પત્રોનો ભેદ આંખને સુસ્પષ્ટ જણાય છે; છતાં મૂર્તિનું સત્ત્વ આખા ચિત્રને વ્યાપી દેતું લાગે છે.



એલોરા (વેરૂળ)ની ગુફાઓમાંનું એક શિલ્પ

ફોટો • મંગળપ્રસાદ ભટ્ટ

એ દેશનું રાજતંત્ર મધ્ય યુરોપમાં નર્યું પ્રજાબંધારણવાદી છે. અને આવા અનન્ય રાજતંત્રના લાગલાગટ ચાર ચાર વાર પ્રમુખ ચૂંટાઇ, છેવટે એ પદ પર આજીવન સ્થિર થનાર લોકલાડીલા મસારિકે કોઇપણ પ્રજાવાદી રાજતંત્રની પ્રગતિનો આંક પાછો હઠાવ્યો છે.

રાજકીય દુનિયાની ક્ષિતિજ પર દૃષ્ટિપાત કરતો પ્રખ્યાત ચરિત્રનવેશ એમિલ લડવિગ લખે છે કે ભવિષ્યમાં જો સમસ્ત યુરોપ એક પ્રજાસત્તાક થઇ જાય અને તેનાં સંયુક્ત રાજ્યો માટે પ્રમુખ ચૂંટવાનો હોય તો તેને માટે મસારિકનું જ નામ સગર્વ રજુ કરી શકાય. આજના ઝેકોસ્લોવાકિયાના પ્રજાવાદી તંત્રનો એ સ્થાપક અનેકના મત મુજબ આધુનિક યુરોપની મહાન જીવંત વ્યક્તિ છે.

સ્વ. લોકમાન્યનો એક જીવનપ્રસંગ એવો છે કે કોઇએ એમને પ્રશ્ન પૂછયો કે સ્વદેશી સરકાર સ્થપાયા પછી એ જવાબદારતંત્રમાં તમે કયો હોદ્દો સ્વીકારશો? એનો જવાબ વાળતાં લોકમાન્યે કહેલું કે 'ભાઇ, હું તો મારે પાછો ગણિતનો અધ્યાપક બનીને બેસી જઇશ. આ તો માતા બંધનમાં છે એટલે એની મુક્તિ માટે ઝઝૂમું છું.' પોતાની જન્મભોમકાને સ્વતંત્ર થએલી જોવાને લોકમાન્ય જીવ્યા નહિ. એમનું તો એ સ્વપ્નું જ રહી ગયું. પરંતુ એ જ પ્રકારનું સ્વપ્ન સેવનાર મસારિક દેશને સ્વતંત્ર કરી, આજે રાજતંત્રને લગતા કાર્યમાંથી નિવૃત્તિ મળ્યે Concrete Logic વિષે આજથી પચાસ વર્ષ પૂર્વે છપાએલી પોતાની ચોપડીની નવી આવૃત્તિ તૈયાર કરે છે.

પોતે વ્યવસાયથી રાજપુરુષ હોવા છતાં અઠવાડિયાના પાંચ દિવસ તો, ઝેકોસ્લોવાકિયાના પાટનગર પ્રાગથી ઘોડેસવારને પહોંચતાં આશરે એક કલાક થાય એટલે છેટે આવેલા લાનીના કિલ્લામાં ગાળે છે. આટલી વૃદ્ધ વયે પણ એ નિયમિત રીતે હમેશાં ઘોડેસવારી કરે છે. સવારે ઘણો વહેલો જાગે છે અને જાગે છે ત્યારથી એ પ્રવૃત્તિ આદરે છે. એનો પોશાક પણ ચપળ અને અક્કડ છે ચપોચપ બંધબેસતો કોટ, બ્રીચીઝ અને ટોપી. ઘોડેસવારી કરતાં પૂર્વ જીવનનાં દૃશ્યો એની આંખ આગળ તરવરે છે અને ભૂંડ કે વરૂની પાછળ જંગલોમાં ભટકતો જુવાન મસારિક એને યાદ આવે છે.

મસારિકની મુલાકાત ચાહનારો હ્રાડકનીના શાહી મહેલમાં એને મળી શકે છે. અહીં એ અઠવાડિયાના ઓછામાં ઓછા બે દિવસ રહે છે. એના એ વસવાટ દરમ્યાન, રાજધાનીના કોઈપણ ભાગમાંથી કોઈપણ જોઇ શકે એવો, એ મહેલના ઉન્નત બુરજ ઉપર સફેદ, લાલ અને આસમાની રંગનો વાવટો એના હોદ્દાનું સન્માન સૂચવતો ફરકયા કરે છે. એના ઉપર ઝેકોસ્લોવાકિયા રાજ્યનું ધ્યાનસૂત્ર લખેલું છે: 'સત્ય જ અંતે પ્રવર્ત્શે.'

આ શાહી મહેલના પાયાનો પથ્થર છેક તેરમા સૈકામાં મુકાયો હતો અને ભૂતકાળનાં અનેક સંસ્મરણો એની સાથે સંકળાએલાં છે. નદીના બન્ને કાંઠે વિકાસ પામેલી સુવર્ણમયી પ્રાગ નગરીની સુંદરતાની ઝાંખી કરતી, અને દરસાદાર પુરાતન કિલ્લેબંદીમાંથી પસાર થતી મુલાકાત લેનારની ગાડી કિલ્લાના વિશાળ દરવાજા પરની ઝેક લશ્કરી પહેરેગીરોની ચોકીમાં દાખલ થાય છે. અહીંથી વિવેકી મુસાહિબ મુલાકાત લેવા ઇચ્છનારને એક લિફ્ટમાં બેસાડી આગળ લઇ જાય છે. થોડીવારમાં એને એક લાંબી પરસાળમાંથી દોરી પ્રમુખના દિવાનખાનાની તિજોરીમાં દાખલ કરવામાં આવે છે.

ચોપડીઓથી ઊભરાઈ જતી આ તિજોરીમાં પડતું દીવાનખાનાનું દ્વાર ખૂલે છે અને વિદ્વાનની ગુફા કહેવાને કોઇપણ લલચાય એવા પ્રેસિડેન્ટના એ અભ્યાસગૃહમાં મુલાકાત લેનાર પ્રવેશે છે. જેવી એની ભાષા તળપદી છે એવું જ સાદું એનું ફરનિચર છે. એ બધાંમાં એક ભાંગ્યુંતૂટયું ટેબલ એના વિદ્યાપીઠના દિવસોના અવશેષરૂપ ધ્યાન ખેંચે છે. અભ્યાસગૃહ હારબંધ ચોપડીઓથી ગોઠવાએલું છે. યુરોપની દરેક પ્રાંતીય ભાષાના અર્વાચીન સાહિત્યના સંપર્કમાં એ રહે છે અને દરેક પુસ્તક વાંચીને તેના હાંસીઆમાં પોતાના મતની નોંધો કરે છે. અને આવી તો કેટલી યે ચોપડીઓ, ચંપાઇ અને ગુલાબી રંગી કાગળોને પોતાના બદનમાં દબાવી ટેબલ પર ખડકાએલી પડી હોય છે. આ રંગીન કાગળો પર મસારિક પોતાના સંશોધનનાં ટિપ્પણો નોંધે છે. રાજતંત્રની આંટીઘૂંટીમાં અટવાએલો છતાં એના અભ્યાસનો વ્યાસંગ હજી એટલો જ તીવ્ર છે.

મળવા આવનારને આવકાર આપવા એ ઊભો થાય છે, અને લાંબો વખત વાંચ્યા કરવાની ટેવ વાળા માણસ જેવે બળાત્કાર પોતાની આંખો ચોળે છે. ઝીણ-

વટથી ઝાંખી કરનારને એની ચામડી નરી સૂકી, બરડ અને નાજુક કરચલી વળી ગએલી દેખાય છે. મુલાકાત લેનારને ઝેક ભાષા ન આવડતી હોય તો વાતચીત માટે એને કોઇપણ ભાષાની પસંદગી કરવાની છૂટ હોય છે; કારણકે એ નવ ભાષાઓ જાણે છે!

આગળ જોયું તેમ એની પત્ની અમેરિકન હતી એટલે, તેમજ દેશની સ્વતંત્રતા કાજે અમેરિકા અને ઇંગ્લંડમાંના લાંબા વખતના વસવાટને લીધે એની વાગ્ધારા અંગ્રેજીમાં અસ્ખલિત વહે છે. એ જ પ્રમાણે યુરોપના બીજા દેશોમાં એને ફરવું પડેલું હોવાથી મહાવરાને લીધે સૉરબૉની ફ્રેંચ વિદ્યાપીઠના કોઇપણ અધ્યાપક જેટલું સરસ ફ્રેંચ પણ એ બોલી શકે છે. લેશમાત્ર ચીપ્યા વિના કે બીલકુલ થોથવાયા વિના ઘણી સરળતાથી એ જર્મન અને રુસ ભાષાના ઉચ્ચાર કરી શકે છે. એનો અવાજ ઘોઘરો છે. પરંતુ જ્યારે એ પોતાના અંતર્ગત વિષયો ચર્ચે છે ત્યારે એ જ અવાજ ઘેરો હોવા છતાં એમાં કર્ણપ્રિય રણકાર રેલાતો લાગે છે.

એ બોલે છે ત્યારે એ કેવળ રાજપુરુષ કે સૈનિક મુત્સદી નથી લાગતો, પરંતુ એનો શ્રોતા એ વાક્ધારામાં ભૂતપૂર્વ અધ્યાપકની આછી છાંટ અનુભવે છે. જ્યાં બીજા મુત્સદ્દીઓ કેવળ વર્તમાન પરિસ્થિતિ પરત્વે ચર્ચા કરે છે ત્યાં એ ભૂતકાળને કસી, ભાવીને અનુભવની ભઠ્ઠીમાં તાવે છે. એણે ઝેકોસ્લોવાકિયાને સ્વતંત્ર બનાવ્યું અને ખરેખર પોતાના એ કાર્ય માટે એ પોતે અત્યંત મગરૂર હોવા છતાં, પોતાના કાર્યની શિથિલતા તરફ એનું બીલકુલ દુર્લક્ષ્ય નથી. દેશને સ્વતંત્ર બનાવવાના પ્રયત્નો સફળ થતાં એણે કહ્યું હતું કે: આવી સસ્તી રાજ્યક્રાન્તિ થયાનું આલમની તવારીખમાં ક્યાંય પણ નથી!

ઝેકોસ્લોવાકિયા જેવા અનન્ય પ્રજાસત્તાવાદી રાજ્યનો પ્રમુખ હોવા છતાં એનું નિયમન એટલું કડક છે કે પોતાના વિચારોના અમલ માટેની એની સત્તા 'જાલીમની' ગણાવી શકાય એટલી આકરી છે.

ઉમરને આરે એ આવી પહોંચેલો હોવાથી, એના દેહાંત બાદ, એણે નિર્માણ કરેલા પ્રજાસત્તાકનું ભાવિ કલ્પવું અયોગ્ય નહિ ગણાય. મસારિક પોતે તો પોતાના પરદેશમંત્રી ડૉ. બેનેસને મુખ્ય શાસનકર્તા થએલો જોવા ઇચ્છે છે. પરંતુ કદાચ તેમ ન પણ બને છતાં યે મસારિકનો આત્મા તો એણે સર્જેલા નૂતન રાષ્ટ્ર પર સદા યે અમીવર્ષણ કરતો રહેશે જ.

ઠાકોર ચોકશી

(અંગ્રેજી ઉપરથી તારવીને)

શ્રીજીનો ભક્ત

·પૃથ્વી·

'ખમો વરસ આટલું, ગણ ઘણો થશે બાપલા;
તમેય ધરમી થઇ અકજ શીદ કોપો ભલા?
જુવાર કણ ના બચી, નગદ—વ્યાજ ક્યાંથી ભરૂં?
પલેગ ભરખી ગયો પરભુએ દીધો બેટડો
જુવાન, મજ રંકની સકળ મૂડી લૂંટી ગયો.'
પટેલ નયનો ભર્યાં, શબદ કંઠ રૂંધી રહ્યા.

'અલ્યા!' હકમચંદ કૂહે: 'નગદ લૈ જતાં લાજ ના,
અને ટટળતો હવે? મનખ જો ભલો, લાવને
બધી રકમ સામટી. ધરમફંડની એ બધી
તને ન પચશે કદી. મગન એક ચાલ્યો ગયો;
નવી ય ઉપડી જશે; પરભુ ન્યાય સાચો કરે.
પલેગ હિમ જો નડ્યાં, કરમ-ભોગ એ તાહરાં,
મને ન ગમ એ બધા.' વચન બોલતાં શેઠીએ
લલાટ પર છાપિયાં તિલકછાપ 'શ્રીજી' કહી.

ઠાકોર ચોકશી

પ્લેગમાં દીકરો ગુમાવી બેઠેલા અને હિમથી પાયમાલ થએલા ખેડુતના કાલાવાલાના ઉત્તરમાં તેને ધર્મ-કર્મની ફિલસુફી સમજાવતા શ્રીજીના એ નિષ્ઠુર ભક્તનું આ આબેહૂબ ચિત્ર છેલ્લી લીટીમાંના તીખા કટાક્ષ વડે સંપૂર્ણ બની રહે છે.

ભગત

જે પોતાનું ઝૂંપડું સળગ્યું ત્યારે કંસાર ખાતો-ખાતો સંસારનો સાચો અર્થ સમજાવતો હતો

દીવાળીની થતી સાંજ હતી. વર્ષ આખરનાં આવકખર્ચ અને જમાઉધારનાં સરવૈયાં જેવા દેખાતા પ્રાણશંકરના હાટે આજે ભારાવો હતો.

'ધુધા! આમાં સવાશેર તે ક્યાંથી માય એટલું તો જોવું'તું! અક્કલ આમ 'ને આમ સુકાઇ ગઈ લાગે છે. પણ ઠીક, હવે સાચવીને લઇ જાજે.'!

તેલનું છલોછલ છાલિયું લઇ, ધુધો દુકાનનો ઓટલો ઊતરી આગળ ચાલ્યો.

એને એક પૌરાણિક પ્રસંગ હૈયે ચડ્યો.

જનક રાજાએ પરીક્ષા કરવા શુકદેવજીને દુગ્ધપાત્ર માથોમાથ ભરીને આગળપાછળ પ્રતિહારોની ચોકી વચ્ચે નગર-પ્રદક્ષિણા કરવાની ફરજ પાડેલી. ટીપું ઢોળાય કે પ્રતિહારોને મુનિનું માથું ધડથી જુદું કરવાની ફરજ—રાજઆજ્ઞા—અદા કરવાની.

જીવનમોહી એ મુમુક્ષુ મુનિ અદ્ધર શ્વાસે કચવાતે મને પાછા આવ્યા ત્યારે તેમના મુખ ઉપર પ્રગટેલાં આનંદચિહ્નોથી મર્માળું હસતાં જનકરાજે પૂછેલું:

'ઋષિ! આજે તો પર્વણીનો શુભ દિવસ છે; ગામમાં આનંદોત્સવો થઇ રહ્યા છે; વાદ્યધ્વનિ અહીં સુધી સંભળાય છે; એ બધાંમાં તમને શું ગમ્યું?'

'મેં એવું કશું જોયું—સાંભળ્યું નથી મહારાજ! મારું લક્ષ તો દુગ્ધપાત્ર ઉપર જ હતું!'

અને મહારાજ એ ઉત્તરથી આછું હસી પડ્યાં.

હાસ્યધ્વનિ ધુધાના કાને અથડાયા. એણે નજીક જોયું તો ચોરામાં છુટાછવાયા, રડ્યાખડ્યા બેઠેલાઓ, ઢોળાતા તેલથી પોતાની બેભાન દશા પર હસતા હતા. એમાંથી એક કોઇ બોલ્યું પણ ખરું:

'એલા ધુધા! તેલ તો ઢોળાય છે!'

ધુધાએ ઉત્તર વાળવાનો નહતો. તેલ ઢોળાતું હતું જ.

'ન ઢોળાય? સવા શેર તેલ છે! મેં ના કીધી તોય કે' ભરી આપો!' પ્રાણશંકરથી ન રહેવાયું તે એ પણ બોલ્યો.

'હા માળું! તાંસળી નાની નીકળી ખરી!' લુખ્ખું હસી ધુધો બોલ્યો. અને એક ડગલું આગળ ચાલ્યો ત્યાં વળી પાછું હેલે ચડેલું તેલ કપડાં ઉપર છલકાઇ ઢોળાયું.

અને ડાયરો વળી હસી પડ્યો.

ધુધાને શુકદેવજી ડરપોક લાગ્યા. પ્રતિહારોની ખુલ્લી તલવારની ધાર જેવી ડાયરાની ઉપહાસવાણી પર અવગણના જેવું અનુભવતો એ 'આગળ ચાલવાને બદલે ઊભો રહ્યો અને થોડુંક તેલ ઢળે તેમ છાલિયું હલાવી બોલ્યો: 'લે છલકા!' અને પા ભાગનું તેલ ઢોળી નાખ્યું. ઢોળાતા તેલ અને ધુધાના વલણના ધ્વનિ જેવો ડાયરો થોડું ખચકાતાં ખચકાતાં મરક્યો.

સામું ઠાકર-મંદિર હતું. બાજુમાં પ્રાણશંકરની દુકાન, પડખે શેરી અને સામે ચોરો; એટલે માનવીઓની અવરજવર થાય-રહે—એવી એ જગ્યા હતી. નાનાં મોટાં સૌનું ધ્યાન ધુધાના હાથમાંની તાંસળી અને એમાંના અખતરા કરતાં તેના મોઢા ઉપર હતું.

'હવે છલકા જોઉં'! કહેતાં એણે તાંસળી ઊંધી વાળી!

ધુધાના હાસ્યમાંથી ઘેલછા તથા છાલિયામાંથી તેલ બંને ખૂટી ગયાં.

ડાયરામાં એક બ્રાહ્મણ બેઠેલો. એનાથી ન રહેવાયું:

'પાત્રાધારે તૈલં કિંવા તૈલાધારે પાત્રં?'

અને મૃગજળ જેવું હસી પાછો મુંગો થઇ ગયો.

'માળો ગાંડો!'

'મૂરખ નહિ તો!'

'ઢોર—અજડ!'

ધુધો ન સાંભળે તેવાં વિશેષણો ફેંકાયાં.

'હવે આમાં અરધો શેર આપો!' ધુધો પ્રાણશંકરને ફરી તેલ આપવાનું કહેતો હતો.

'એલા! એટલે થાશે?'

'નહિ થાય તો થોડ્યું, પણ છલકાશે તો નહિ!'

'એલા! શું ગંધાય છે?' ઘેર તેલ આપી, પાછું બજારમાંથી કાંઇક ખરીદી આવતાં ધુધાએ કુબામાં દાખલ થતાં જ પૂછ્યું.

વાલી છોકરાને ધવડાવતી હતી. આસપાસમાં જોઇ લઈ, શ્વાસમાં પુરાતી હવામાં યાદ આવતા ગંધના પ્રકારો સરખાવી એ બોલી: 'ઉંદરડો મરી ગયો હશે?'

'આંહં. કાં લૂગડું 'ને કાં રાડું સળગતું લાગે છે!'

'હેં!' કરતી વાલી બેઠી થઇ ગઈ. છોકરાને બહાર મૂકી પાછી અંદર આવી તો ધુધો નીચે મોઢે ધરતી ઉપર કાંઇક વાંચતો હોય તેવો દેખાયો. નજીકમાં રહી બન્ને હાથ મૂકી ધુધાને જગાડતી હોય તેમ વાલીએ એને હલાવીને પૂછ્યું:–

'શું વિચાર કરો છો?'

'કાંઇ નઈ!'

પણ વાલીની બીકણ નજર ચોમેર ઢૂંઢતી ફરતી હતી. તેલ ઘી ગોળ રાખવાની પેટી પાછળ ચૂલાની બાજુમાં બહાર રહેલા પવને અંદર બળતાં રાડાંનાં તણખા ઉડાડ્યા.

બંને ચમક્યાં. અર્થભરી આંખે એકમેકને ટીકી રહ્યાં.

'મને તો વ્હેમ હતો!' લે હાલ્ય બહાર નીકળી જઇએ. ધાંધી વાલીના ચહેરાનું ઊડી ગયેલું નૂર જોતાં જોતાં, ધુધે એની, ઘરની સમૃદ્ધિ ઉપર ફરતી આંખ નજરમાં લઇ બાવડેથી પકડી એને બહાર ધક્કેલી દીધી.

'તમે ઓલી ટંક લઇ લ્યો, ત્યાં હું આ પેટી ખેંચી લઉં! કહેતી વાલી અંદર આવવા પાછી બારણામાં આવી.

'લે હવે ગાંડી થા મા! તું તારો છોકરો સાચવ એટલે બસ!'

નાનું ઝૂંપડું પવન અને અગ્નિની મૈત્રીનું રૂપ બની ગયું. અંદર ધુમાડો, છ હાથની લાંબીચોડી એ ઝૂંપડીનું બારણું કઈ દિશામાં આવ્યું તેનો અંદાજ ન નીકળે તેવો, ધૂંધવાઇ ગયો.

કશું લીધા વગર ધુધો પણ તરત જ બહાર નીકળી આવ્યો.

વાલી તેના મોઢાનો મેલ કાઢતી રહી. બળતા કુબા તરફ બંને જોતાં ઊભાં રહ્યાં. છોકરાને કાખમાં તેડીને ધુધો ન સાંભળે, આંસુ ન પડે તેવું વાલી રડતી હતી.

'લે, કે! લાપસી તો અંદર રહી ગઇ. છોકરો લાવ મને! તું પાટિયો આંઇ લઇ આવ્ય, જા!'

ગામ દીવાળી ઊજવતું હતું. ઘરના આંગણામાં છોકરાંઓ ફટાકડા ફોડતાં હતાં. બૈરાંઓએ ડેલીના ગોખલામાં દીવા પેટાવી આંધળી લક્ષ્મીને ઘરનો રસ્તો સૂઝે તેવું બનાવી મૂક્યું હતું. મરદો ઘરમાં થએલી–થઇ રહેલી નવી વાનીમાં જીવ રાખી, વાળુના કહેણની રાહમાં બાઘાની જેમ જ્યાંત્યાં ભમતા હતા. કોઇક જમીપરવારી પેટે હાથ ફેરવતા, ગલોફું હલાવતા હતા.

પાદરમાં પ્રવેશતા ગોકળી કે કોઇ ગાડાવાળાને કે વાડી સીમમાંથી આવતા ખેડુ, સાથી યા શૌચ ગએલાને દૂર રહ્યું ધુધાનું ઝૂંપડું સળગતું દેખાયું હશે. એટલે હાહો કરતાં, કૌતુકપ્રિય કે દિલસોજ બની, સૌ આ તરફ ધસમસ્યાં આવી ભેગાં થઇ ગયાં. ગામના ઘરડા જુવાન ગરાસીઆઓ, રડ્યાખડ્યા બ્રાહ્મણો અને લોકવરણનો નાનોસરખો સમૂહ એકત્ર થતો ગયો. ગામડાની સહાનુભૂત જનતા આવા વખતે જે હાથોહાથ મદદ કરી કુટુંબવત થઇ વર્તે છે તેવું એક પણ ચિહ્ન કરવાની કોઈની તૈયારી નહોતી.

ધુધો અને તેની વહુ વાલી, દાઝે નહિ તેટલે દૂર બેસી પાટિયામાંની લાપસી પટકાવતાં (ખાતાં) હતાં. છોકરાને ખોળામાં બેસાડી, તેને ક્યારેક ફૂંક મારી ઠારીને કોળિયો આપતી વાલી, ધણીની પાસે બેસી ખાતાં, વધતાં જતા માનવ સમૂહની હાજરીના ખ્યાલે શરમાવા માંડી હતી.

'અરે ધુધા! આ શું કરછ? ઠારવું નથી?'

'ના માબાપ! રાંડ્યા પછી હવે શું ઠારું? પહોંચતા હોય ઇ ગોખલામાં દીવા મૂકે; અમ ગરીબના કુબામાં ઇ સંપત ક્યાંથી? આવો મોટો દીવો થીયો છે, તો પછે એના અજવાળામાં જેબે બટકાં ખવાણું ઇ!'

'ગાળો ચક્રમ! આવો ને આવો રહ્યા! એક વૃદ્ધ દાજી આ નફટ દંપતીની આમન્યાહીન વર્તણૂકથી ચીડાઈ ચાલવા માંડતા બબડતા ગયા.

'આ કુબો કાંઇ થોડી હવેલી કે બંગલો છે કે ચણાવતાં અરધી જિંદગી વઇ જાય; કે બંધાવતાં સાત પેઢીનો ભેગો થએલ પૈસો જોઇએ? જેના ધણીનું એવું આલીશાન મકાન બળી ખાખ થઇ જાય ઇ યે માડીના દીકરાની આંખ ભીની થાતી નથી જોઇ; ત્યાં મારો આ ખોબા જેવો કુબો તે શું બીચારો!'

'પણ ગાંડા! એવા ગૃહસ્થોએ તો ઘરનો–કિંમત કરતાં વધારે–વીમો ઉતરાવ્યો હોય, તે ક્યાંથી રડવું આવે? જાણીબૂઝીને દીવાસળી ચાંપનારાઓને તો ઇ નવો ધંધો થયો છે, સમજ્યો!'



'ઇ અધરમ કરશે એનાં કરતુક એને નડશે! બાકી મરદ જેવો મરદ કેડીને પીલુડાં પાડે એમાં શું માલ છે? ઇ તો જેી ઉપલાની મરજી! એની ઇન્ચ્છા વિના પાંદડું ય નો હાલે. ઝાઝું એને ઝાઝી હાયવોય. મેંય ઠીમો ઉતરાવ્યો છે!'

'ઇ શું કહે છે ધુધા?'

સાચું કહું છું. આ બે હાથ સાબૂત છે તો આવો કુબો અરધા દિ'માં ઊભો કરીશ. આખી જિંદગી ગોલાપો કરી, માખીઉં નીચોવી, ચોરીઉં કરી કરીને માંડ ભેગું કર્યું હોય, નેં તંઇ બળે તો એને હજી એવું બીજું બનાવવું ભારે પડે. તમતમારે બાપુ સૌ સૌને ઘીરે પધારો! એ . . . ને . . . ઇ ભલે બળતો. થોડા ઉંદરડા વધ્યા છે તે ઠેકાણે પડશે!'

હળવે હળવે સૌ વિખરાઇ ચાલ્યાં ગયાં. પાછો વિચારમાં પડી ગએલો ધુધો ખાતો અટકતો જોઇ વાલી બોલી:

'એવા તે એવા રીયા! ખાવ નેં!' સામી મીટ માંડી જોઇ રહેલા મૂંગા ધુધાનું ત્રાટક વધારે ન ઝીલી શકાતાં વાલી સુખભર્યું હસતી નીચું જોઇ ગઇ.

'તારૂં લખાણું ય ખીસામાં રાખી ફરૂં છું, હો વાલી! તને ન ગમે તે દિ' તું તારે તારા છોકરાને લઇ મને પૂછ્યા વિના હાલી નીકળજે! ઉંકારો કરૂં તો કેજે! અને તો તો સીધો હિમાળે!'

ખંડિતા શી વાલીની આંખ પચીશો વટાવી ચૂકેલી ધુધાની કાયાની નખશીખ પ્રદક્ષિણા ફરતી રહી. પેટને માટે કાળી મજૂરી કરતા ધણીની સૂર્યતાપમાં અહર્નિશ સ્નાન કરતાં કાળી પડી ગએલી છતાં હમેશાં જોવી ગમે તેવી ચામડીની નીરોગિતામાં સંરક્ષાએલું એનું શરીર–સ્વાસ્થ્ય પોતાને રસવૃત્તિ જગવવા સાથે ટાંઢી બનાવી દેતું લાગ્યું.

મોઢા ઉપરનો પૂળો મૂછો અને ગાલ તથા કપાળમાંની સળ પડતી રેખાઓ ધુધાને પ્રભાવશાળી બનાવતી હતી તે એ જોઇ રહી. પોતાનો સહ્ય રોષ શાંત બનતા જતા ધુધા ઉપર એણે ઠાલવ્યો:

'મારી મેળે આવી છું; પણ માથે પડવા નહિ! તમને બોલતાં શરમ ન આવે, પણ મારાથી એવું સાંભળ્યું જતું નથી: કાંઇ વાંક ગના વગર . . .!'


એને આગળ બોલતી અટકાવી ધુધાએ કહ્યું: લે, રાખ! હાલી બળ્ય મા! ઇ તો અઠેહિ દ્વારકાં. સંસાર છે, તે મન ખાટુ મોળું થાયે ખરૂં. પણ આવલાં મારીને ય નર્યે છુટકો!'

કુબો, રાખ અને કાટનો ઢગલો થતો જતો હતો; ઘર મટી સ્મશાન બનતો જતો કુબો, દંપતીની ચોકી કરતી આંખની સામે રૂપ બદલતો જતો હતો.

'સાધુ થઇને ય લૂગડાં વગર નહિ હાલે. પેટ પણ સવાર સાંજ અનાજ માગશે. હિમાળે જઇએ તોય શું

(અનુસંધાન આગળ પાન ૩૭૬ને છેડે)

વૈરાગ્યવૈભવનો વારસો



પશ્ચિમ હિન્દમાં જે પ્રસિદ્ધ ગુફાઓ છે તેને વિષે હું એક પત્રમાળા લખવાનો હતો. તે અધૂરી જ રહી ગઈ. હવે તે પૂરી થશે એમ લાગતું નથી. . . . . . .જેટલો ભાગ લખાયો તેટલો પણ ઉપયોગી છે. વિવેચન એકાએક અટકે છે એ સારું જ છે. એને લીધે કોઇ પ્રવાસરસિયો વીર યુવાન આ બધી ગુફાઓ જોઇ આવવા અને એને વિષે વિસ્તૃત ચોપડી લખવા કેમ ન પ્રેરાય? . . . . . . આ બધી ગુફાઓ આપણા વૈરાગ્ય-વૈભવનો વારસો છે. એમાંથી જ ભારતીય જીવન ફરી જાગી ઊઠવાનું છે.

—કાકા

પ્રિય બાળ,

ધારાપુરીની ગુફાઓ જોઈ આવ્યો. તમે ધૂર્તોએ મારા પહેલાં એ જોઇ લીધી છે. શિવાજીની જન્મભૂમિ સાથે લેણ્યાદ્રિની ગુફાઓ પણ તેં મારા પહેલાં જોઇ લીધેલી હતી!

ગુફાઓ જોઇ એટલા બધા વિચારો મનમાં આવ્યા છે કે લખવા બેસું તો પ્રોપ્રાએટરી હાઈસ્કૂલના વિદ્યાર્થીઓનો ધોધ જેમ એકસામટો બહાર નીકળે છે તેમ એ વિચારો દોડતાકૂદતા અને એકબીજાને પાછા ઠેલતા બહાર આવવાના. પણ જેમતેમ એમને નોંધ્યે જ છૂટકો. કોઇને કામમાં આવશે. આજે તો કેવળ મગજ ખાલી કરવા જ લખું છું.

જોગેશ્વરી, કાન્હેરી અને ધારાપુરી ત્રણે એક જ કાળની ગુફાઓ છે કે ભિન્ન કાળની? કોણે કોતરી? શા હેતુથી કોતરી? ક્યારે કોતરી? કયા સંજોગોમાં કોતરી? તે વખતે એ ગુફાઓનો શો ઉપયોગ થયો? ક્યાં સુધી એ ચાલ્યો? ત્રણે ઠેકાણે ચાલતી પ્રવૃત્તિઓનો અંત શી રીતે આવ્યો? મુંબાઇમાં રહેતાં, આ ત્રણે ગુફાઓ આટલી પાસે હોવા છતાં તેને વિષે આપણે કશું જ જાણતા નથી; એટલે કેવળ કલ્પનાથી જ એ કાળ અને એ દૃશ્ય પ્રત્યક્ષ કરવાનું રહ્યું.

મુંબાઇ આજે એક રીતે હિંદુસ્તાનની રાજધાની છે. કલકત્તા કે દિલ્હી કરતાં પણ મુંબાઇનું મહત્ત્વ કેટલીક રીતે ચડે છે. પરંતુ આ ગુફાઓના કાળમાં આ બધા બેટો ભારે પ્રખ્યાત હોય એમ લાગતું નથી. ઇતિહાસમાં જે કલ્યાણી નગરીનું વર્ણન આવે છે તે શું હાલનું કલ્યાણ જ હશે? અને કલ્યાણી નગરીની નજીકમાં સારા રૂપાળા બેટો જોઇ આ ગુફાઓ કોતરાઇ હશે? જોગેશ્વરી અને ધારાપુરી તો ચોક્કસ સનાતની શૈવ સંપ્રદાયની ગુફાઓ છે. પણ કાન્હેરીની ગુફાઓ હિંદુ ધર્મની છે કે બૌદ્ધ ધર્મની? ઘણા સાધુઓ એકત્ર રહે, એકત્ર ભણે, એકત્ર ચિંતન અને ચર્ચા કરે એ પ્રથા કેવળ બૌદ્ધોની હતી કે સનાતનીઓમાં પણ હતી? આજે હૃષીકેશ પાસેની ઝાડીમાં સેંકડો સંન્યાસીઓ ઝૂંપડાં બાંધીને એ જ ઢબે રહે છે, એ પ્રથા કેટલી જૂની છે? ભગવાન વ્યાસ જેટલી? આદ્ય શંકરાચાર્ય જેટલી? કે બૌદ્ધ મઠોનું તે અનુકરણ છે?

ભગિની નિવેદિતાએ કલ્પના ચલાવી છે કે કાન્હેરી એ એક વિશ્વવિદ્યાલય હતું, જ્યારે ધારાપુરીની ગુફાઓ મંદિર અને મઠ હતાં. એમ જ હોય તો જોગેશ્વરીની ગુફા શું તંત્રમાર્ગી કે નાથસંપ્રદાયી યોગીઓનું ધ્યાનનું સ્થાન હતું? એ ગુફાઓમાં ઊભા રહી લાંબા વાતાવરણમાં ભૂતકાળને પ્રત્યક્ષ જોઇ સવાલ પૂછીએ છીએ કે 'આનું રહસ્ય કોણ કહી શકે?' ખવાઇ ગએલી પથ્થરની દીવાલો જવાબમાં પૂછે છે કે 'કોણ કહી શકે?'

કાર્લીની અને ભાજાની ગુફાઓ અહીંથી બહુ દૂર ન કહેવાય. જુન્નર-શિવનેરી પાસેની લેણ્યાદ્રિની ગુફાઓ તું ચિંચવડથી જોવા ગએલો તે પણ નાણાઘાટ વાટે અહીંના પ્રદેશ સાથે જ સંબંધ ધરાવતી લાગે છે. નાશિક દેવલાલી તરફની પાંડવ ગુફાઓ પણ મુંબાઇના રસ્તાની બાજુ પર જ છે. આ બધી ગુફાઓનો એકબીજા સાથેનો સંબંધ શો? ગુફાઓનું આ એક મોટું કુટુંબ હશે? કે એક પછી એક દીક્ષા ચલાવનારી કોઇ શિષ્યપરંપરા?

અને અજંતા તથા વેરૂળ (ઇલોરા)ની ગુફાઓનું શું? પશ્ચિમ કિનારાની આ ગુફાઓનું પેલું વૈભવશાળી અનુકરણ છે કે અજંતા વેરૂળની ગુફાઓની ઝાંખી પ્રતિકૃતિ—આછો અનુવાદ—કરવાની દૃષ્ટિએ આ તટવાસી ગુફાઓ ખોદાઇ ગઇ છે? મોટો થઇશ ત્યારે આ બધું તપાસીશ?

લિ.

કાકાના સપ્રેમ શુભાશિષ

પ્રિય બાળ,

મારો છેલ્લો કાગળ મળ્યો હશે. ગુફાઓની કલ્પના માણસને ક્યાંથી સૂઝી હશે?

ધરડામાં ધરડા પહાડ આબુને પૂછવું જોઇએ. ત્યાં કેટલીક કુદરતી ગુફાઓ પ્રખ્યાત છે, જેમનો સંબંધ ગોરક્ષ, મચ્છીંદર અને રાજા ગોપીચંદ સાથે છે. નિવૃત્તિ-પરાયણ સાધુઓ ધ્યાનમાં જીવન વિતાવવા માટે આવા ગિરિકંદરો શોધતા હતા એવું પુરાણોમાં વર્ણન છે. પહાડમાં મોટું પોલાણ જોઈ તેમાં રહેવાની સગવડ શોધવાની પ્રથા હિંદુસ્તાનમાં જ નહિ, પણ દુનિયાના બધા દેશોમાં ચાલતી આવી છે. ટાઢ, વરસાદ અને તાપમાંથી રક્ષણ મેળવવા માટે ફાંફાં મારતો માણસ ગુફાઓમાં ધુસે એ અત્યંત સ્વાભાવિક છે. એકવાર નૈસર્ગિક ગુફાઓનું સાધન મળ્યું એટલે એવી જ કૃત્રિમ ગુફાઓ તૈયાર કરવા મથવું એ માણસના સ્વભાવમાં જ રહેલું છે; અને માણસ એકવાર ફાવ્યો એટલે એ વસ્તુને વિશાળ, વ્યાપક અને વ્યવસ્થિત બનાવતાં એને વાર લાગતી નથી. લોક-સંગીતમાંથી જેમ શાસ્ત્રસંગીત ઉદ્‌ભવે છે તેમ જ કુદરતી ગુફાઓમાંથી કોતરેલી ગુફાઓ સિદ્ધ થઇ છે એ અનુમાન જરા યે વધારેપડતું નથી.

ધ્યાન, ભજન અને ભિક્ષામાં જીવન સમાપ્ત કરનાર તપસ્વીઓ હમેશ પાણીનો આશ્રય શોધે છે. કોઇ ઝરણું હોય, કોઇ તળાવ હોય, નદી હોય કે મહાનદ હોય, પણ પાણીની સગવડ જોઇએ જ. જેટલાં આશ્રમો અને શહેરો પ્રાચીન તરીકે પંકાએલાં છે તે જળાશયને કિનારે જ છે. ભરવાડ, ગોવાળ, શિકારી અને સાધુઓ આવાં ઝરણાંનું અને નદી-નદનું મૂળ શોધતા જાય એમાં આશ્ચર્ય શું? અજંતાની ગુફાઓનું સ્થાન તપાસીએ. વાંકીચૂંકી ટેકરીઓ વચ્ચે થઇને એક નાનકડો પ્રવાહ વહે છે. પાણી સરસ છે. આસપાસની ભૂમિ શાંત, રમણીય અને પ્રસન્ન છે. એટલે સાધુઓ ત્યાં જઇને વસ્યા. ઊંડાણમાં વધુ ને વધુ પ્રવેશ કરવાની ઝંખના રાખનારા સાધુઓ ખુલ્લા મેદાનમાં નદીને કાંઠે લાંબા વખત સુધી શી રીતે રહી શકે? આ બધું પાણી ક્યાંથી આવે છે? પહાડની દરીમાં શું સંતાએલું છે? એ શોધવા તેઓ નીકળવાના જ. વાંક અને વળાંક ચડતાંચડતાં સાધુઓ ટેકરીઓના ચકરાવાની અંદર ધુસ્યા, વધુ ને વધુ અંદર ધુસ્યા. અંતે ચંદ્રાકાર કરાડ પરથી પાણીનો ધોધ પડતો એમણે જોયો. નદીના મૂળ સુધી તેઓ પહોંચ્યા. શી એ સ્થાનની ભવ્યતા! જાણે કુદરત શાંતિની દીક્ષા આપવાની તૈયારીમાં છે. અહીં જ રહી જઇએ તો? નિર્ભય સાધુઓએ એ નિર્જન પ્રદેશમાં વાસો કર્યો. અગવડો વેઠવી એ તો એમને મન ઉજાણી. વાઘ, વરૂ કે બીજાં જનાવરો કવિ (કિપ્લિંગ)ના મોગલી (Mogli) સાથે જે આત્મીય ભાવે રહેતા હોય તે જ ભાવે આ સાધુઓ સાથે પણ રહેવાના.

માણસના સ્વભાવની કેવી વિચિત્રતા! એને સમાજ કરીને રહેવાનું પણ સૂઝે છે અને સમાજનો ત્યાગ કરી એકાંત સેવવાનું પણ મન થઇ આવે છે; અને એથી યે વિચિત્ર વાત તો એ કે એકાંતના રસિયા બેચાર ભેગા થયા એટલે એકાંતને અખંડ વખાણતા વખાણતા ચોવીસે કલાક સાથે રહેવાના! નહિ તો અલખ નિરંજન-નું ધ્યાન લગાવનાર બાવાઓનો અખાડો કેમ જામે?

આવા સાધુઓએ અજંતામાં ભેગા થઈ પહેલાં તો ગુફાઓ શોધી હશે. પણ પછી કિલ્લાની દીવાલ જેવી અંતર્વૃત ચંદ્રાકાર કરાડ જોઇ એમાં ગુફાઓ કોતરવાની હામ ભીડી. નિવૃત્તિમાર્ગીઓની પ્રવૃત્તિ વધી પડી. પાષાણ-નું હૃદય કોતરાયું અને હૂંફાળી ગુફાઓ તૈયાર થઇ.

આ સાધુઓ નિર્વાણની શોધમાં ભલે ભેગા થયા હોય, પણ અસલના તો કારીગરો હોવા જોઇએ. રાજા-ઓના મહેલ બાંધવાનું કામ તેમણે છોડી દીધું; પણ ધર્મરાજ તથાગતની સેવાથી તેઓ કેમ અટકી શકે? જે કલાસમૃદ્ધિ સ્વાર્થેથી તેમણે રાજમહેલમાં વેરી હોત તે જ અહીં વિહારમાં તેમણે ઠાલવી નાખી. રાજવી વિજય સિંહલદ્વીપને જીતવા જાય છે; ઇરાનના એલચીઓ પુલકેશીના દરબારમાં આવે છે; અપ્સરાઓ અને યક્ષકિન્નરો ધર્મચક્ર ચાલુ થયાનો આનંદ ગાય છે; —એવાં એવાં અનેક ચિત્રો એમણે ગારાની છોમાં ચીતરી કાઢ્યાં. એ ઉત્સવ જોવા કોણકોણ ભેગા થયા હશે? ગરીબ તવંગરની ન્યાતો તે વખતે પડી નહોતી, એટલે રાજા અને રંક, બાળકો અને પંડિતો, સતીઓ અને ગણિકા-ઓ, તપસ્વીઓ અને રસિકો બધા જ ઊલટ્યા હશે.

વેરૂળની ગુફાઓ અજંતા પછી તૈયાર થઇ લાગે છે. અજંતામાં લાલિત્ય વધારે છે, વેરૂળમાં ભવ્યતાનો ઉન્માદ છે. અજંતામાં ધ્યાનવીરો રહેતા હશે, જ્યારે વેરૂળમાં વિદ્યાવીરો જ્ઞાનનાં અનેક ક્ષેત્રો ખેડતા હશે. બહારની દુનિયા જોવા આવે તો અજંતા તેને સહન કરશે; વેરૂળ, બહારની દુનિયા ન આવે તો એને નોતરશે.

લિ.

કાકાના સપ્રેમ શુભાશિષ

પ્રિય બાળ,

કાર્લાની ગુફાઓ તેમજ નાશિકની ગુફાઓ અજંતાના વલણની છે. વચમાં એક વિશાળ વ્યાખ્યાનમંડપ, એની સામે બોધિસત્ત્વ કે બુદ્ધની મૂર્તિ અથવા સ્તૂપ. બાજુ ઉપરની દીવાલમાં અંધારામાં સંતાએલી શ્રમણોની ઓરડીઓની હાર અને વ્યાખ્યાનમંડપમાં તેમજ સામેની મૂર્તિ ઉપર પ્રકાશ પાડવા માટે પ્રવેશદ્વારને માથે પીપળપાનના આકારનું મોટું ગવાક્ષ, એ આ ગુફાઓનું સામાન્ય સ્વરૂપ ગણાય. આ ગુફાઓ ત્રણે ઋતુમાં સ્થિરસુખ હોવાથી સાધુઓ માટે ખાસ અનુકૂળ હોય છે. એકવાર કોતરાઇ તે કોતરાઇ. પછી દર વરસે એની મરામત કરાવવાપણું ન રહે. બહાર ધોધમાર વરસાદ પડતો હોય તોપણ અંદરની ઓરડીઓ કોરીને કોરી. શિયાળામાં બાણના વર્ષાવ જેવો તીણો પવન વાતો હોય તો યે અંદરની હૂંફ જરા યે ઓછી ન થાય. અને હિંદુસ્તાનના પ્રખર ગ્રીષ્મમાં પણ અંદર તો શીતળ શાંતિ જ સચવાઇ હોય. દરેક ગુફા દીઠ પાણીની ટાંકી તો હોય જ, જેમાં પહાડનું જીવતું અને અમૃત જેવું પાણી હમેશ ભરેલું મળે. નિવૃત્ત થવું હોય તો અહીં બહારની આખી દુનિયા ભૂલી શકાય. અને ડોકિયું કરવું જ હોય તો મોટા જળપ્રપાત, દૂરદૂર સુધી પથરાએલી ગાલીચા જેવી વનરાજી અથવા જીવન સાથે જ સરખાવી શકાય એવા સમુદ્રનો વિશાળ જીવનરાશિ સહેજે નજરે પડે. આ ગુફાઓમાં એકધારૂં વાતાવરણ રહે છે. તેને સુંદર અને વિવિધ બનાવવાનું કામ પ્રકાશ અને અંધારાનું હોય છે. આ સનાતન સમોવડીઆઓ અનંત કાળ માટે અહીં રમતો રમતા હોય છે. ભરતીઓટની લીલા થાકે તો પ્રકાશ અંધારાની રમત વિરમે. અને શું આ ગુફાઓમાં રહેનાર તપસ્વીઓ અને સંન્યાસીઓની હૃદયગુફામાં પ્રવૃત્તિ અને નિવૃત્તિ, રસિકતા અને સંયમ, કારુણ્ય અને ઉગ્રતા એની અનેક જોડીઓની અખંડ રમત નહિ ચાલતી હોય ? શાંત વાતાવરણમાં આવી સૂક્ષ્મ અશાંતિ કેટલી મીઠી અને છતાં કેટલી ગંભીર જણાતી હશે ?

લગ્નમાં વિઘ્ન હોય જ છે, પણ લેખનમાં પણ વિઘ્ન કેટલાં ? હવે આ કાગળ પૂરો કરવા બેસું તો કોણ જાણે ક્યારે મોકલાશે ? એટલે આટલો જ કકડો મોકલું છું.

લિ.

કાકાના સપ્રેમ શુભાશિષ

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર

ભગત . . . . (અનુસંધાન પાન ૩૭૩થી)

મરણ થોડું કેડો મૂકવાનું છે ? સંસાર ઉપર ગમે એટલો અણગમો આવે,' ને એનાથી ફાવે એટલા છેટા ભાગીએ તોય જન્મ્યા ત્યાંથી આજદિન સુધી બોલતાં, ચાલતાં, ખાતાં, પીતાં, ઓઢતાં પહેરતાં, પેટ ભરવા માટે ગમે તે કરતાં સંસારમાંથી શીખાણું. આ પરણીએ, છોકરાં થાય, અને એમ કરતાં મરીએ, ત્યાં સુધી જે કાંઇ કરી એઇ બધું એનું એ. ઇ જ્યાં જઇએ ત્યાં થોડું ભુલાવાનું છે ? ખોળિયું કાંઇ થોડી સાપની કાંચળી છે તે ઉતારી નાખીએ ?' બુધો એકલો છતાં વાલી સાંભળે તેમ વાતો કરતો ગયો. વાલી એના મોઢા પર બદલાતી મનોદશાનું માપ કાઢતી રહી. એનાથી બોલી જવાયું: 'તમે તો ભગત થવા માંડ્યા!'

'એમાં કાંઇ નવું ન થાયું કહેવાય ! આદુથી થાતા આવે છે બીચારા! શું કરે! ગામને છેવાડે રહેવાનું, છેટેથી ચીજ વસ્તુ લેવાનું, હલકાં ગણાવાનું, દયાના ટુકડા ખાઇ નિર્ધન થઇ જીવવાનું, ભણેલા ભા ભણાને એમ ભણવાનું, 'ને આખો જન્મારો ગોલાપો કરીને છેવટે કોકની દયા ઉપર ખાંપણ પામવાનું, પછી બીચારા ભગત થાય, કાં, ચોર લૂટારા બારવટીયા કે વટલેલ થાય. માણસમાં ઊંચનીચના અંકાર રહ્યા ત્યાં તે ક્યાંથી મન કોળે ?'

ઓવારી જવાના સ્વાર્પણ ભાવમાં અચેતન સ્મિતભર્યાં અને આવો અપૂર્વ, અજોડ કે સંપૂર્ણ પતિ પામ્યાના હર્ષાવેશથી ઉપજેલા સંતોષના તસભાવમાં, વાલી; બુધાની વાતના તથ્યમાં વમળાતી રહી.

નિર્જન કાળી રાતમાં આછો પ્રકાશ ભરી દેતું કુબાનું શગ, બંને માટી બૈયરની હીલચાલ બતાવતું રહ્યું. નજીકમાં શિયાળ અને ઘુવડ બોલી રહ્યાં. દૂરના ખેતરોમાંથી રખોપીઆની ગોફણમાંથી છૂટેલા પથરાની સનસનાટી અને ટોય ઉડાડી મૂકતી તીણી કિકીયારી પડઘા પાડતાં શમી ગયાં. ઘડીક ઊંઘતા છોકરાને ખોળામાં રાખીને ઝોકાં ખાતી વાલી સામું તો ઘડીક આકાશની અકલ્પ્ય અગાધતા સામું જોતા બુધાના ગળામાંથી આછું ઘેરૂં વિષાદપૂર્ણ રુદનમિશ્રિત સ્વરગુંજન છૂટતું રહ્યું:

'મારૂં દિલ લાગ્યું હરિ તારા નામમાં.
કપટી જોયો રે સંસાર—
—કુડીઓ ભાળ્યો લોકાચાર
મારૂં દિલ લાગ્યું હરિ . . . .'

ઉમેશ કવિ

સ્મરણયાત્રા

મારી યોગ્યતા

નિશાળે જનારા સૌ વિદ્યાર્થીઓ પ્રશ્ન વર્ગોમાં પૂછવાની એક રીતથી બરોબર માહિતગાર હોય છે. બધા વિદ્યાર્થીઓને તેમના ક્રમ પ્રમાણે બેસાડવામાં આવે છે. પછી શિક્ષક પહેલા નંબરથી પ્રશ્નો પૂછવા શરૂ કરે છે. પહેલાને જવાબ ન આવડે તો બીજાને, તેને ન આવડે તો ત્રીજાને, એમ શિક્ષક જલદી જલદી પૂછતા પૂછતા આગળ ચાલે છે. એમાં જેનો જવાબ સાચો પડે તે ત્યાંથી ઊઠીને બધા નંબર ચડી જઇ પહેલો જઇને બેસે છે. પછી તેના મૂળ નંબરની પછીના વિદ્યાર્થીને બીજો પ્રશ્ન પૂછાય છે. 'વિજયી વિદ્યાર્થી હારેલા બધા વિદ્યાર્થીઓ ઉપર ચડી જાય' એ આ પ્રથાનો સર્વસાધારણ નિયમ છે. એનો અર્થ એમ તો નહિ જ કે આ રીતે પ્રશ્નો પૂછવામાં વિદ્યાર્થીઓની સાચી પરીક્ષા થાય છે. અને એમ પણ ન કહી શકાય કે એક કલાક આ રીતે ચાલ્યા પછી વિદ્યાર્થીઓને જે નંબર મળે છે તે તેમના અભ્યાસની યોગ્યતા પ્રમાણેના હોય છે. આ તો એક પ્રકારની લૉટરી છે. શિક્ષક જો પક્ષપાતી હોય તો પોતે ચાહે તે વિદ્યાર્થીને ઇચ્છા મુજબનું સ્થાન અપાવી શકે. હા, શિક્ષકને વિદ્યાર્થીઓનો પરિચય બરાબર હોવો જોઇએ.

પ્રશ્નોની આ લૉટરી વિશાળ જીવનના જ એક પ્રતિબિમ્બ જેવી છે. પણ આમાં વિદ્યાર્થીઓ બધા જાગૃત રહે છે, ઉત્તર દેવામાં ઝાઝો સમય નહિ મળે એમ જાણતા હોવાથી વિદ્યાર્થીઓ શીઘ્રમતિ બને છે અને શિક્ષકનો પણ ઘણો સમય બચી જાય છે. આમાં વળી શિક્ષક અને વિદ્યાર્થીઓને આળસ આવવાનો પણ ઓછો સંભવ હોય છે. આજે તો આ પદ્ધતિને હું મહત્ત્વ ન આપું, કેમકે તેમાં અનેક દોષ છે. પરંતુ નાનપણમાં અમને પ્રશ્નોની આ પદ્ધતિ બહુ ગમતી. જોતજોતામાં વિદ્યાર્થી રંકમાંથી રાય બની જતા, તેમજ રાજામાંથી રંક બનવાને પણ તૈયાર રહેવું પડતું. એમાં પહેલા નંબરના વિદ્યાર્થીને તો, દરેક ઉગ્ર તપશ્ચર્યાથી બીતા રહેતા સ્વર્ગાધિપતિ ઇન્દ્રની પેઠે હમેશાં બીતા રહેવાનું હોય છે, કેમકે વર્ગમાં એનાથી ઊંચું સ્થાન બીજા કોઇનું નહિ હોવાથી એને ચડવાનો આનંદ ક્યાંથી જ હોય. પડવાનો જ સવાલ એની આગળ હોય. એમાં એને પોતાને ભલે આનંદ નહિ આવતો હોય, એને સદા કંપતો જોઇને નીચેના વિદ્યાર્થીઓને તો જરૂર મઝા પડે છે. બીજાની ફજેતીથી આનંદ મેળવવાની રીત રજોગુણી વૃત્તિવાળાને બહુ પસંદ આવે છે. પણ આમાં નીતિશિક્ષણનો નાશ છે એ વાત એ વેળા કોઇના ધ્યાનમાં નહેતી આવી એમ લાગે છે.

એક દિવસ વર્ગમાં આમ પ્રશ્નોત્તર ચાલતા હતા. રોજના મારા નિયમ પ્રમાણે હું નિશાળે મોડો ગએલો હોવાથી છેલ્લો બેઠો હતો. જોતજોતાંમાં હું અરધે સુધી તો પહોંચી ગયો. એવામાં વામન માસ્તરે પહેલા નંબરને એક પ્રશ્ન પૂછ્યો. એમણે પ્રથમથી ધારેલું કે એનો જવાબ કોઇને નહિ આવડે. તેથી બધા વિદ્યાર્થીઓને એમણે ઝટપટ પૂછી લીધું મેં વચમાં જવાબ તો આપી દીધો, પણ માસ્તરે મારા ઉત્તર તરફ ધ્યાન જ ન દીધું. મારી ખાતરી હતી કે મારો જવાબ સાચો હતો. પણ એમની આંગળી તો ઝપાટાબંધ પહેલેથી છેલ્લે સુધી ફરી વળી. જ્યારે કોઇ જવાબ નથી આપી શકતું ત્યારે શિક્ષક પોતે જ એનો જવાબ કહી દે છે, એ પ્રથા મુજબ માસ્તરે જવાબ કહ્યો. એ સાંભળ્યા પછી મારાથી ચૂપ કેમ બેસી રહેવાય? મેં ઊભા થઇને કહ્યું, 'સર, આ જવાબ તો મેં આપ્યો હતો.' વામન માસ્તરના માન્યામાં આ વાત ન આવી; અને એ અવિશ્વાસ એમણે પોતાની દૃષ્ટિથી બતાવ્યો પણ ખરો. મેં ફરીથી જોરપૂર્વક કહ્યું 'હું સાચુ કહું છું, સર, મેં આ જ જવાબ આપ્યો હતો.' હવે તો વામન માસ્તર સામે મહાન ધર્મસંકટ આવી પડ્યું. પોતાના કાન સાચા કે સામે ઊભેલો આ છોકરો? એમની મુશ્કેલી હું જોઇ શકતો હતો. પણ હું એમ ખોટી હાર કેમ કબૂલ કરૂં? હું તો મારી જગ્યાએ એમ ને એમ ઊભો રહ્યો. તેઓ જરા ચીડાયા પણ ખરા. પોતાનું સ્થાન છોડીને એ મારી પાસે આવ્યા, અને બંને હાથે મારા ખભા પકડી મને પહેલા

નંબરે લઈ જઈને કર્કશ અવાજે કહ્યું, 'લે બેસ અહીં.' હું બેસી તો ગયો, પણ એમનું આ વર્તન જોઈને હું અસ્વસ્થ થઈ ગયો. રહીરહીને બધા વિદ્યાર્થીઓ માસ્તરની તરફ તથા મારી તરફ એકીટશે જોતા હતા. એ પણ એક જોવાલાયક દૃશ્ય હતું. હું એવો મૂંઝાઇ ગયો કે શું કરવું એ મને સૂઝ્યું નહિ. આમ થશે એવી કલ્પના મને પહેલેથી જ હોત તો હું આ વાત છેડત જ નહિ: પહેલા નંબરનો એટલો મોહ તો મને કદિ હતો જ નહિ. કોણ જાણે મારી આ મૂંઝવણની માસ્તરના હૃદય પર શી અસર થઇ. એમણે ફરી મને પૂછ્યું: 'Do you think you deserve the first place?' (તું માને છે કે તું પહેલા નંબરને યોગ્ય છે?) એક તો શિક્ષકની ચીડ અને અવિશ્વાસને લીધે હું મૂંઝવણમાં પડ્યો જ હતો; હું તો વિચાર કરતો હતો કે આ બધી ધાંધલ આગળ પહેલો નંબર ધૂળ બરાબર છે; તેમાં વળી આ પ્રશ્નનો ઘા આવી પડ્યો. પોતાની યોગ્યતાનો એકરાર કરવો એ આપણા હિંદુ સદાચારથી વિરુદ્ધ છે. જે એમ કહે કે 'હું સર્વોત્તમ છું, હું લાયક છું, હું બુદ્ધિમાન છું' એ કુલીન નથી ગણાતો. આ શીલ હું નાનપણથી શીખ્યો હતો. એટલે માસ્તરના પ્રશ્નના જવાબમાં મારા મોંમાંથી જલદી 'હા' કેમ નીકળી શકે? શરમનું માર્યું મારૂં મોં લાલચોળ થઇ ગયું. મેં જોયું કે મારા કાન પણ એની અસરથી ગરમ થઇ ગયા હતા. વિદ્યાર્થીઓ પણ હું શું કહું છું એ જોઇ રહ્યા હતા. મારી આંખો આગળ અંધકાર છવાઇ ગયો. 'હા' કહું છું તો અવિવેક થાય છે; અને આ બધા નાટક પછી હવે 'ના' તો કહી જ કેમ શકું? અને બીજી બાજુ જવાબ આપવામાં જેટલી વાર થતી હતી એટલો મારા પ્રત્યેનો અવિશ્વાસ વધતો જતો હતો. અંતે હું મરણિયો બન્યો, અને જોઇએ તેના કરતાં પણ વધારે જોરપૂર્વક મેં કહ્યું. 'Yes I do' (હા, હું યોગ્ય છું જ). માસ્તર એકદમ ચૂપ થઇ ગયા, અને જાણે કાંઇ બન્યું જ ન હોય તેમ એમણે શીખવવું શરૂ કરી દીધું. પણ જે વાતાવરણ એકવાર આટલું ડહોળાઇ ગયું હોય તે એવી શાન્તિથી કાંઇ સ્વસ્થ થાય ખરૂં? એ દિવસ વીતી ગયો. તે પછી માસ્તરે કે કોઇ બીજાએ એ પ્રસંગનો લેશમાત્ર ઉલ્લેખ કર્યો નહિ. સૌને લાગ્યું હશે કે આવા નાજુક પ્રશ્નને ન છેડવો એ જ સારૂં છે. અથવા તો બધા એ ભૂલી પણ ગયા હોય પણ હું શી રીતે ભૂલું?

નાનપણમાં, તેમજ મોટપણે પણ આવા કેટલા યે પ્રસંગો આવે છે. બાળપણની મુખ્ય મુશ્કેલી એ હોય છે કે એ વેળા ભાવનાઓ કોમલ અને સરસ હોય છે; પરંતુ તેને મુકાબલે પરિસ્થિતિનું પૃથક્કરણ કરવાની શક્તિ કે ભાષા નથી હોતી. મોટાં માણસો તો પોતાનું બાળપણ ભૂલી ગયાં હોય છે, અને બાળકોની બાબતમાં માને છે કે તેઓ અંતે તો બાળક જ છે, એટલે એમના જીવનને એટલું મહત્ત્વ આપવાની એવી શી મોટી જરૂર? માની લઇએ કે આ બધું અનિવાર્ય છે. પણ એથી બાળજીવન સરળ નથી થતું.

નાનપણના આવા આવા પ્રસંગોને માટે મોટાં માણસોનો સ્વભાવ કેટલો જવાબદાર છે એ કોણ કહી શકશે? સારૂં થયું કે ઉપર કહેલા પ્રસંગમાં મારા શિક્ષક સંસ્કારી અને ધીરજવાન હતા. શકનો લાભ તહોમતદારને આપવાની ઉદારતા એમનામાં હતી. પણ એમની જગ્યાએ બીજો કોઈ સામાન્ય શિક્ષક હોત તો એણે મને બદમાશ કહીને સજા કરી હોત, મારો ધિક્કાર કર્યો હોત, અને એ બધાની અસર મારા ઉપર કોણ જાણે કેવી પડત! મનુષ્ય સ્વભાવને વિષે મારામાં કંઇક નાસ્તિકતા તો અવશ્ય આવી જાત. વામન માસ્તર મારા પ્રત્યે બલ્કે બધા વિદ્યાર્થીઓ પ્રત્યે બહુ સારો વ્યવહાર રાખતા હતા. એની મારા ઉપર જે અસર પડી છે તેના કરતાં પણ વધારે પ્રભાવ તે દહાડે મારા ઉપર પડ્યો. ઉપલા પ્રસંગે સારી પેઠે સંશયગ્રસ્ત હોવા છતાં મારા પ્રત્યે એમણે જે ઉદારતા બતાવી, મારા બાલ આત્માની આબરૂની જે કદર કરી, એથી તો હું એમનો ભક્ત બની ગયો. એમણે નીતિ શિક્ષણના કેટલાયે પાઠ અમને શીખવ્યા હશે, પણ આ પાઠ ન્યારો જ હતો. ચરિત્રગઠનમાં આવા પાઠોની અસર ઊંડી અને ચિરસ્થાયી હોય છે.

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર

સ્કૉટલૅન્ડ અને આયર્લૅન્ડને જેમ સ્વાતંત્ર્ય જોઇએ છે તેમ (પોતાના વતન) વેલ્સને પણ જોઇએ છે એવું ભાષણ એક વાર લૉઇડ જ્યૉર્જ કરતો હતો તે વેળા સભામાંથી એક અવાજ આવ્યો: 'And for hell (અને નરકને પણ જોઇએ).' તરતજ લૉઇડ જ્યૉર્જે જવાબ વાળ્યો 'બરાબર છે; દરેકે પોતાના દેશને માટે લડત ચલાવવી જ જોઇએ!'

ડરામણીના દોર પર ચાલી રહેલી આ દુનિયામાં એવું કોઇ નથી જણાતું જે કોઈથી દબાતું ન હોય અને જે કોઇને દબાવતું ન હોય. ભંગીની નાની છોડી લીલીથી માંડીને મોટા મોતીચંદ શેઠ સુધીનું દરેક જણ આજે પોતાની સામે ન્યાયનો અવાજ ઉઠાવનારને ધુરકાવે છે કે

સામું બોલે છે?

ચોમેર ઉકરડાઓની વચ્ચે નાની લીલી દીકરીદા રમતી હતી. તેની નાની બેન ફૂલી પાસે જ ધૂળ ચૂંથતી હતી. તેના નાકનો મેલ ખાવા માખીઓ શેરબજારના દલાલોની જેમ કામે વળગી પડી હતી. એટલામાં પાસેથી ખાતરનું ગાડું નીકળ્યું. લીલીએ એક પગે કૂદકો મારતાં મારતાં રાડ નાખી 'અલી ફૂલકી એ, ખસ; જો ગાડું આવે છે.' ધૂળ ચૂંથવાની ધૂનમાં ફૂલીએ તે ન સાંભળ્યું. પોતાની રમત બગાડી લીલીને આવવું પડ્યું. ચીડમાં ને ચીડમાં તેણે ફૂલીને ઉંચકી બાજુએ પછાડીને બેસાડી. ફૂલીથી આ અપમાન તથા રમતમાં દખલગીરી ન સહેવાયાથી તેણે ભેંકડો જોડ્યો. લીલી 'બબડી: લે વળી, કહ્યું તો ખસી નહિ અને ગાડાના રસ્તામાંથી આઘે બેસાડી એટલે સામે રોવા માંડી! બેસ છાની!' એમ કહી માથામાં ટપલું મારી તે લીલી દીકરીદા રમવા વળગી. ફૂલકી વધુ જોરથી રોવા લાગી.

એટલામાં લીલીનો મોટો ભાઇ શંકરીઓ ત્યાં આવી ચડ્યો. તેણે ફૂલીનું ઉપરાણું તાણ્યું અને લીલીને ધમકાવી કાઢી: 'બાને આવવાદે ને તું. રમત આડે ફૂલકીને રોવરાવ છ, કાં? આજે તારાં હાડકાં સીધાં થઇ જવાનાં છે, યાદ રાખ!' લીલીએ જવાબ વાળ્યો: 'એમાં મારો શો વાંક? ફૂલકીને કહ્યું તો યે એ ક્યાં ખસી?' એ સાંભળતાં તો તડ દેતો શંકરીઆએ લીલીને તમાચો ચોડી દીધો: 'લે વળી, સામું બોલે છે? એક તો ફૂલીને રોવરાવી ને વળી કે' છે મારો શો વાંક?'

ચીસો નાખીનાખીને રોતી લીલીને પડતી મેલી શંકરીઓ પોતાનાં ભૂંડણાં ભેગાં કરતો ચારવા ચાલ્યો. શંકરીઆનો બાપ એ જ વખતે ગામમાંથી આવ્યો. લીલીએ થોડાં લાડથી અને થોડા દુઃખથી પોતાના ડૂસકાં ચોગણાં વધારી દઈ બાપને રાવ કરી: 'બાપા, શંકરીઓ જુઓને . . . અમને . . . માર્યું . . . ઉઉઉ!' બપોરનો વખત હતો. શંકરનો બાપ ભૂખ્યો હતો. ગામમાંથી ત્રાસીને આવ્યો હતો. રાતોપીળો થતો એ થોડે દૂર નીકળી ગએલા શંકરીઆ પાસે જઇ પહોંચ્યો. બાવડું ઝાલી તેને હચમચાવી કાઢ્યો અને કહ્યું: 'ગોધા જેવો થઇ માંદલી લીલીને મારતાં લજાતો નથી? બાયલો નહિ તો!' શંકરીઓ વીલો પડી ગયો અને પોતાનો બચાવ કર્યો: 'પણ એ ફૂલીને રોવરાવતી'તી ને!' શંકરીઆના બાપનો ગુસ્સો હદ બહાર વધી ગયો. કાન આમળી જમીનથી વેંતેક ઉપર ઊંચો કરી તેને પછાડ્યો ને પછી દૂર હડસેલી દીધો. અને ત્યાંથી પાછો ઘરઆંગણા તરફ વળતો ત્રાડૂક્યો: 'હરામખોર! પાછો સામું બોલે છે: "ફૂલીને . . . રોવરાવ . . . તી . . . તીને . . ."'

શંકરીઆનો બાપ ભીખો ઝૂંપડામાં જઇ વાસી રોટલો ખાઇ, પાણી પી બહાર આવીને બેઠો. થોડો ટાઢો પડ્યો અને હાથમાં ચલમ લઇ દેવતા સંકોરવા લાગ્યો ત્યાં ગામના પાંચસાત કણબીનું ધાડું હાથમાં ડાંગો ઉછાળતું, દોડતું, ભંગીઓને ભૂંડી ગાળો દેતું આવી ચડ્યું. ભીખો ચેત્યો ને પાસે પડેલી ડાંગ સંભાળી. સૌથી આગળ પહોંચેલા હીરા પટેલે ભીખાના માથા પર ડાંગનો ઘા કર્યો. ભીખાએ ચતુરાઇથી એ પોતાની ડાંગ ઉપર ઝીલી લીધો. ભારે કડાકો થયો. સાંભળનારા ચોંકી ઊઠ્યા. ભીખો કરગરતો સંભળાયો: 'અન્નદાતા, આ વારકું માફ કરો. આ સાળો શંકરીઓ પેટ પથરો પાક્યો છે. કોણ જાણે ક્યારે એ મારૂં માથું વઢાવી નાખશે. હરામખોરને હજાર વાર ટોક્યો કે ભૂંડણાંને ગણીગણીને નજરમાં રાખ, પણ એ મોંબળ્યો ગનારતો જ નથી. એ મને આ ગામ છોડાવ્યા વિના નહિ રહે.'

કણબી: 'હવે બકતો મટ, બકતો!' તમે ભંગીઆ દા'ડે દીએ ફાટના ચાલ્યા છો. તેમાં યે તમારી નિશાળ બેઠી છે ત્યારથી જીભ છૂટી દોર થઇ છે. મોટા વકીલ થઇ ગયા છો, વકીલ. આખું ખેતર ખવડાવી દીધું. રોજ કહીએ પણ ભૂંડણાંને સંભાળતા જ નથી. એ

તો આ માસ્તર બેઠા છે, નહિ તો માથામાંથી લોહી રેલાત લોહી, સમજ્યો! વાંક તારા છોકરાનો, એ તારો જ તો! ભૂંડણાં ન સચવાનાં હોય તો વેચી નાખ. ભરી દે નુકસાન. જોજે હવે કંઇ ગાળા ચાલ્યા છે તો આ કડિયાળીએ ફરી પાંસળીએ પાંસળી તૂટી જવી છે.'

ભીખો: 'ના, માબાપ, તમે અમારા રાજા. લ્યો, હવે બીજી વાર ભૂલ થાય તો તમારાં પગરખાં છે અને આ મારૂં માથું છે. આખું ગામ એકએક જોડો મારી જજો, માબાપ! જ્યાં લગી તમારી દયા છે ત્યાં લગી આ તમારી જમીનમાં પડ્યા છીએ. તમારી સામે બોલીએ તો અમારી જીભમાં કીડા ન પડે? લો હવે ટાઢા પડો. જરા આ વારકી માફી બક્ષો'

ભીખાની વીનવણીથી કણબીઓનો ઉકળેલો ગુસ્સો ટાઢો પડ્યો. ભંગીઆ માથે નથી ચડ્યા, એને ઘેર નિશાળ બેઠી તોયે કબજામાં છે એવી પતીજ આવતાં તેઓ ખેતરનું નુકસાન દરગુજર કરી શક્યા, અને મોઢાની વરાળ ઠલવતા ત્યાંથી ધીમે ધીમે પાછા ખસી ચાલ્યા ગયા.

ગામમાં એભા પટેલની રાડ બોલે. આધેડથી યે વધુ ઉમરના. નાતના પટેલ તો ખરા જ; ને વળી ચોવ-ટીઆ. એમને છંછેડવાની હીમત કોઇની ન ચાલે. એભા પટેલ જેના ઉપર રૂઠે તેનાં ઘરખોરડાં જોત-જોતામાં ભોંય ભેગાં થઈ જાય, જમીન વેચાઇ જાય અને જેલખાનામાંથી બચી જાય તો નસીબદાર.

હીરો કણબી ભીખા ભંગીને દબડાવી પોતાની બ-હાદુરી ઉપર મલકાતો ને માથું ઊંચું કરતો જેવો ચોરા પાસે થઇ નીકળ્યો એવો એભા પટેલે તેને હાકોટ્યો:

'અલ્યા હીરીઆ! આંઇ આવ્ય આંઈ.'

'બાપા, જરા ભેંશ તરશી સે; પાણી પાઇને આવું સું.'

'હવે જોઇ તારી ભેંશ! નવુકી આવી છે તે ઊંચું જોઇ ગ્યો છ, કાં? આ દરબારી કામમાં ઢીલ કરી છે તો તને ભારે પડી જાવી છે!'

'પણ બાપા, ઘેરે કોઇ ભેંશને પાણી પાય એમ નથી. બીચારૂં મૂંગું ઢોર, એનાથી કંઇ પાણી થોડું મગાય છે? પાણી પાઇને ગયા ભેગો આવું છું.'

'હવે ડાહ્યલો થા મા ને! સવારનો શું કરતો 'તો? આ ઢીલનું કામ નથી, સમજ્યો? તને કહ્યું કે દરબારી જરૂરી કામ છે. ગાળા ન ચાવ. ચડી આવ જોઇએ ચોરા ઉપર!'

હીરાને એભા પટેલનું માન્યે જ છુટકો હતો. બીચારો નીમાણો થઇ ચોરે ચડ્યો. એભા પટેલે એક બદામી કાગળીઉં તેની સામે ધર્યું અને કહ્યું, 'લે કર અંગૂઠાની છાપ.'

'અંગૂઠો શેનો?' હીરાએ પૂછ્યું.

'બીજો શેનો વળી? મકનજીની તરફેણમાં ન્યાયા-ધીશ સા'બ પાસે જુબાની આપવાનો.'

હીરો ગભરાયો. તેને કંઇ સમજાયું નહિ. તેણે વળી અચકાતાંઅચકાતાં પૂછ્યું: 'તે હું કંઇ જાણું કરૂં નહિ ને મારે કચેરીમાં શું કહેવું?'

'એમ કહેવું કે મેઘજીનું ખેતર વઢાયું તે રાતે મકનજી ગોળનું ગાડું લઈ ગુજરીએ ગયો'તો.'

'પણ હું તે દિ' ગામમાં હતો જ ક્યાં તે એમ કહું?'

'એટલે જ તો તારે કહેવું કે મેં તેને ગુજરીમાં ગોળ વેચતો ભાળ્યો 'તો.'

'પણ હું ગુજરીમાં ક્યાં ગયો'તો? હું તો મારી બેનને તેને સાસરે પહોંચાડવા ગયો'તો. ગુજરીથી ત્રણ ગાઉ દૂરને ગામે હતો.'

'તારે એ બધી પંચાત શી? તું તારે કહેજે ને કે મેં ગુજરીમાં તેને જોએલો.'

'પણ એમ ખોટુંખોટું કહું તો મારી આ સ્વામી-નારાયણની કંઠી લાજે.'

'જોયો જોયો, મોટો ભગતડો, હવે. જેનીતેની સાથે ગામઆખામાં કજિયા કરતો ફરે છે ત્યારે કંઠી ક્યાં સંતાઇ જાય છે? ઝાઝું ડહાપણ કર્યું છે તો ફોજ-દારીમાં ફસાવી દઇશ. મને ઓળખતો નથી કેમ? ભેંશ હરરાજ કરાવીશ ત્યારે ઓળખાણ પડશે, ખરૂં?'

વકરેલા એભા પટેલ કેટલા ભૂંડા હતા તેનું હીરાને પૂરૂં ભાન હતું. છતાં આવું પાપ કરવા તેનો જીવ નહોતો ચાલતો. તેણે કરગરતાં કહ્યું: 'એભા બાપા, આમાં મને ન નાખો. કોઇ સાચી સાખ સારૂ જેટલા ધોડા કરાવો એટલા કરૂં. પણ આમાંથી છોડો.'

'લે રાખ રાખ હવે, મોટો સાચનો બેટો થવા જાય છે તે. ચાલ લે, લગાવ શાહી.' એમ કહી એભા પટેલે ખડિયામાં ઊંધી કલમ બોળી. બીચારા હીરા પટેલે અંગૂઠો ધરી દીધો.

મોતીચંદ શેઠના દીકરાનું ભારે ધામધૂમથી લગન થયું. રેલવે સ્ટેશનથી આઠ માઇલ દૂર આવેલા આ

ગામડા ગામમાં પણ શેઠનું મન રાખવાને ભરૂચ, અમદાવાદ, રતલામ જેટલે દૂરથી શેઠના દીકરાના મામા, ફુવા, માસા વગેરે સહકુટુંબ સપરિવાર મુસાફરીનાં ખર્ચ અને હડદોલા વેઠીને આવેલા. અધૂરામાં પૂરું આ ગામમાં મોટરના ખટારા પણ હજુ શરૂ થયા ન હતા. મોતીચંદ શેઠે લગભગ રૂ ૭૦૦) ખરચી ભારે ધામધુમથી લગનની નાત કરીને આખો સમારંભ શોભાવ્યો હતો. હવે મહેમાનોને વેળાસર સ્ટેશને પહોંચાડવાની ચિંતામાં શેઠ પડ્યા હતા. મહેમાનોમાં ત્રણ જણ નોકરીઆત હતા. તેમને સ્ટેશનેથી પહેલી ટ્રેન ન મળે તો નોકરીએ ચડતાં મોડું થાય અને દંડ વેઠવો પડે એમ હતું. પાંચ ગાડાંની જરૂર હતી. એકાકી ગાડું જાય તો રસ્તે ડર હતો. શેઠે અગાઉથી કહેવડાવેલું તો યે હજી બે જ ગાડાં આવ્યાં હતાં. બીજાં ત્રણ ગાડાં ઝટ મોકલવાનું ચાર વાર કહેવડાવ્યું તો યે હજુ ગાડાંનો પત્તો ન હતો. શેઠ ધુવાફુંવા થઈ ગયા. ખભે ખેસ નાખી પોતે જ પહોંચ્યા એભા પટેલને ત્યાં. એમ તો શેઠ કંઈ ભારે ધનવાન નહોતા. તેમની પાઘડીમાં દસ જગ્યાએ ફાટેલા નાનાનાના ચીરા લટકતા હતા, દુપટ્ટામાં ચાર જગ્યાએ મોટાં બાકોરાં પડેલાં હતાં અને ઘીવાળા હાથ લુછાઈને છેડા મસોતાં જેવા થઈ ગયા હતા. લગ્નનો સમારંભ પૂરો થયા પછી ભભકદાર કપડાંની દસ વરસ ચાલેલી ઐતિહાસિક જોડ ક્ષણભર પણ વધુ ન રજોટાવા દેવાની કાળજી શેઠને હતી. એટલે એભા પટેલને ત્યાં તો પોતાના અસલી વેશે જ તે પહોંચ્યા. શેઠને અમલદારું ન હતું, કંઈ ખાસ મોભો યે ન હતો; પણ ધીરધારનો ધંધો, એટલે ખેડુવર્ગ ઉપર તેમનો દોર સારી પેઠે. જતાંની સાથે જ તેમણે એભા પટેલને પડકાર્યા:

'અલ્યા એભા, તેં તો મારું નાક કપાવ્યું. આટલાં ખરચ અને આટલા ઉજાગરા સાવ ધૂળ મેળવ્યાં.'

'પણ શેઠજી, કાલ રાતનો તપાસ કરું છું. કોઈ ગાડું મળતું જ નથી.' એભા પટેલે શેઠને ટાઢા પાડવા નરમાઈથી કહ્યું. પરંતુ શેઠનો ગુસ્સો વધ્યો ને છણકી પડ્યા:

'છોકરાં શેનો પટાવે છે? આટલો ઘરડો થયો, મૂછો ધોળી થઈ, તો યે ખોટું બોલતાં શરમાતો નથી? ગામમાં દોઢસો ગાડાં, તેમાંથી આજનો વખત સાચવવા તને પાંચ ગાડાં યે ન જડ્યાં! હજી બંધાણ નથી ઊતર્યું?'

'ના ભા ના. હવે હું એટલું બંધાણ ક્યાં કરું છું? તમારા સમ, હું ત્રણેય ભાગોળે ધક્કા ખાઈ આવ્યો. ગાડાં તો છે, પણ બળદ નથી. ખળાં આડે કોઈને નવરાશ ક્યાં છે? જ્યાં જાઉં ત્યાં જવાબ મળે છે: આઠ દિવસ ખમી ખાઓ, પછી જોઈએ તેટલાં ગાડાં લઈ જજો. અને વાતે ય ખોટી નથી. જે બળદ આપે તેનું વરસ આખાનું ધાન જોખમાય. બે ગાડાં તમને મોકલ્યાં છે તે યે મારું મન જાણે છે. સવારને પહોરે માણસ પરભાતિયાં ગાય તેને બદલે મારે મોં અપવિતર કરી અપશબ્દનો વરસાદ વરસાવવો પડ્યો ત્યારે બીચારા કાળા પટેલે અને જેસંગે ગાડાં કાઢી દીધાં.' પટેલનું બોલવું અટક્યું કે શેઠે તાર સ્વરમાં રાડ નાખી:

'લવરી મૂક લવરી! તારાં કાળાંધોળાં કોનાથી અજાણ્યાં છે? આજે મુન્સફ સાહેબનો હુકમ હોત તો પાંચ તો શું, વીસ ગાડાં અરધા કલાકમાં તું વેઠે આણી આપત. મને તો ધોળી પી જવાય એવો પોચો વાણીઓ ધાર્યો, એટલે બે ગાડુડી મોકલી એમાં જાણે ગોટો બધો પાડ કરી દીધો! મારે ક્યાં વેઠે ગાડાં જોઈએ છે? જે ગાડાખેડુ આવે તેને કયે દિવસે નથી ચૂકવ્યા? છતાં જો તારે ગાડાં નો'તાં આપવાં તો પહેલેથી મોઢામાંથી ફાટતાં શું મરી જતો 'તો?'

મોતીચંદ શેઠને અત્યારે પારકાનો વિચાર કરવા જેટલી ધીરજ ન હતી. પોતાનું નાક કપાઈ જશે કે શું એ ભયે એકએક ક્ષણનું મોડું થતાં તેમના હોઠની ભીંસ વધ્યે જતી હતી. તેઓ એભા પટેલ સામે તાકીને એવું જોઈ રહ્યા હતા કે જાણે તેને ઊભો ચીરી નાખવાનો જ શેઠે નિરધાર કર્યો હોય! 'એભા! કણબીની જાત જ અવળી. જોડા મારે તેને હાથ જોડે ને ભલાઈ કરવા જાય તેનું ઘર ખોદે. રૂપિયા કઢાવવા હોય ત્યારે ગરીબ ગાય જેવા થઈ જાય, દાંત વચ્ચે જોડા ઝાલી પગે પડે, ને પોતાનું કામ સરે એટલે બીજાનું ઘરે ભલેને સળગતું! તારે ગાડાં ન અપાવવાં હોય તો ના પાડી દે. એકવાર ના પાડ ને પછી તારી પટલાઈ કેટલા દિવસ ચાલે છે એ હું જોઈ લઈશ.'

એભા પટેલ સંકડામણમાં પડ્યા. ગાડાં જોડાવે તો નાતીલામાં કડવાઈ વધે; કારણ ખેડુને એક આઠ આની સામે રૂપિયા ચાર છનું નુકસાન થઈ જાય એમ હતું. ન જોડાવે તો મોતીચંદ શેઠ બસો પાંચસો

રૂપિયાની ત્રણચાર જપ્તીઓ તેના ઉપર લાવી શકે એમ હતા. શું કરવું તે ન સૂઝવાથી તે સ્થિર બેસી રહ્યા. શેઠથી આ સ્થિરતા ન ખમાઇ: 'ઠી...ક ત્યારે. તારે નથી ઊઠવું એમ ને? હું જાઉં છું. વકર્યો વાણીઓ અને વકર્યો સાપ સરખા એ તારા બાપદાદાએ તને શીખવ્યું નથી લાગતું.' એટલું કહી મોતીચંદ શેઠે પીઠ ફેરવી.

ગુસ્સાભર્યા શેઠને જતા જોઇ એભા પટેલ ફલાંગ મારતા ઊઠ્યા અને શેઠનો હાથ પકડી લીધો. તેમના ગોઠણ દાબતાંદાબતાં પટેલ કરગર્યા: 'શેઠજી માફ કરો. મારી ખતા થઇ. હું અટકળ વિનાનો તે તમારી સામે બોલ્યો. શેઠ, આપના મહેમાન તે મારા સાત મહેમાન. જાઓ મહેમાનોને સાબદા કરો; હું હમણાં વાંસોવાંસ ગાડાં લાવું છું.'


ગામમાં મોતીચંદ શેઠનો ધાક આટલો છતાં તેમના જેવા બીકણ અને દાબમાં આવનાર કોઇ ન ગણાતું. દરબારનો સાધારણ પટાવાળો આવે તો યે શેઠ ગાદીએથી ઊઠી સામા ધાય ને ઘેર તેડી જઇ વાળુ કરાવે એમ વાયકા હતી.

ગામ આખામાં ઢૂંઢી વળ્યો, પણ જે કોઇથી દબાતું ન હોય અને જે કોઇને ધુરકાવતું ન હોય એવું કોઇ યે નજરે ન ચડ્યું.

પ્રભુદાસ છગનલાલ ગાંધી

સાબુનું શિલ્પ


ધોવાના સાબુની મોટા કદની ગોટી અથવા ઘરમાં પાડેલા સાબુનું મોટું ચોસલું હોય તો તેમાંથી તમે ઘણા ઘાટ કોતરી શકશો. તેને માટે ઓજારોનો કંઇ જ ખર્ચ કરવો પડે એમ નથી.



ધારદાર ચપ્પુ લઇ તે વડે બાજુએ આપેલા નમૂનામાંના નં. ૧ પ્રમાણે દેવદારની ચીપમાંથી, એક બાજુ ચપટું અને એક બાજુ અણીદાર એવું છથી આઠ ઇંચની લંબાઇનું ઓજાર બનાવી લેવું. પછી નં ૨ જેવા ઘાટનું બીજું ઓજાર બનાવવું તેને એક છેડે, ચિત્રમાં બતાવ્યા પ્રમાણે વાંક ઘડવો અને બીજે છેડે તાર વાળીને બાંધવો. તાર બરોબર કેમ બંધાય તે માટે ચિત્ર નં. ૩માં 'ક' આગળ જે વિગતો બતાવી છે તે ધ્યાનમાં લેવી.



આટલી તૈયારી બાદ આ સાથે આલેખી બતાવ્યો છે તેવો દેડકાનો ઘાટ કોતરવાનો આરંભ કરજો. તેને માટે જે ચિત્રોમાં જેમાં 'બાજુ' અને 'ઉપરથી' એવા શબ્દો લખેલા છે તે ચિત્રો જોઇ તે પ્રમાણે સાબુની વડી કે ચોરસ ગોટી પર પહેલાં તો અણીદાર ઓજારથી રેખાઓ પાડો; અને પછી તારના ઓજારથી એ રેખા સુધી બહારનો ભાગ છોલી કાઢો જરા પણ ઉતાવળ કરશો નહિ. ધીરેધીરે છોલ ઉતારતા જજો વખતે વખતે બધી બાજુ ફેરવી ફેરવીને તપાસતા રહેજો.



ધ્યાનમાં રાખજો કે પાછલો ભાગ ઢાળમાં જાય છે. આગલા ભાગમાં ઊંચું મોં તેમજ આંખોના ગોળા પણ ખ્યાલમાં રાખવાના છે. તે વખતે દરેક અંગના ઢોંચા સાચવજો પગ તથા આંખના ઝીણા ખાંચા પાડતી વેળા અણીદાર ઓજાર લેવું. આકારની પૂરી સમજણ ને ધીરજ હશે તો સરસ નમૂનો બનશે.

વધેલી કરચો અને ટુકડાનો ભૂકો કરી ઊના પાણીમાં પીગાળી તે કપડાં ધોવા માટે વાપરી શકાશે. બગડેલા નમૂના પણ પાછા આ જ રીતે વાપરી શકાશે.

નમૂના ખરેખર આકર્ષક બને તો ધાતુમાં તેના ઢાળા પાડવાનું પણ સહેલું છે. સીસાનો રસ તો ઘેર પણ થઇ શકે. પણ પિત્તળ કે લોઢાના રસથી ઢાળા પાડવા હોય તો ધાતુ ગાળનારાને કામ સોંપવાથી જૂજ કિંમતે ધાતુના નમૂના સંઘરી શકશો.

દેડકા જેવા બીજા નમૂના હવે પછી આપવામાં આવશે.

અખાડો

શરીરવિકાસનું વિજ્ઞાન ચર્ચતો વિભાગ

પ્રશ્નોત્તર

જેમાં વ્યાયામની ઉપાસના કરનાર યુવાનો પરસ્પર અનુભવની આપલે કરે છે

નિરીક્ષક · શ્રી હરિનારાયણ આચાર્ય

સાદરાથી ભાઇ ચીમનલાલ પંડ્યા પૂછે છે:

૧ શરીરના સ્નાયુઓનો વ્યક્તિગત વિકાસ કરવો હોય તો દરેક સ્નાયુ માટે સારામાં સારી સાધન વગરની અને સાધનવાળી દેશી અગર વિદેશી કઇ કઇ કસરતો છે?

૨ આ કસરતો કયા ક્રમથી અને કેવા પ્રમાણસર કરવાથી શરીરના એકેએક અંગનું harmonious development થાય?

૩ શરીરના vital parts–હૃદય, જઠર, આંતરડાં, લીવર વગેરે માટે ખાસ સ્પેશિયલ કસરતો કઇ છે?

૪ કસરત કરનારે ઋતુના ફેરફાર સાથે કસરતના કાર્યક્રમ તથા ખોરાકમાં કેવો ફેરફાર કરવો જોઇએ? દેશી વૈદક મુજબ તો ચોમાસામાં કસરત કરવા ના પાડેલી છે; તો આ બાબતમાં ખરી હકીકત શી છે?

૫ પરણેલા માણસે કયા કયા નિયમોનું પાલન કરવું જોઇએ કે જેથી શરીરને નુકસાન ન થાય અને કસરતનો પૂરેપૂરો લાભ લઇ શકાય?

૬ દેશી તથા પરદેશી વ્યાયામની જુદીજુદી પદ્ધતિઓ છે, જેવી કે Muller's 'My System,' સૂર્યનમસ્કાર વગેરે; તેમાં સરસમાં સરસ પદ્ધતિ કઇ હશે?

૭ Anatomyનું જ્ઞાન સાદી ભાષામાં પણ સચોટ રીતે આપતાં હોય એવાં કોઇ પુસ્તકો જણાવશો?

૮ આપણા ખોરાક–ઘઉં, ચોખા, શાકભાજી, ફળ-ફળાદિ વગેરે–ની food values આપતું હોય તેવું પુસ્તક કયું તે જણાવશો?

૯ અ કબજિયાત માટે સારામાં સારી કસરતો કઇ?

આ કબજિયાતવાળા માણસને સાધારણ રીતે કસરત કરવાથી કબજિયાત ઘટતી નથી, પણ વધે છે એવો કેટલાકનો અનુભવ છે. તો કબજિયાતવાળા માણસે કસરત કેવી રીતે કરવી જોઇએ કે જેથી કબજિયાત વધે નહિ પણ દૂર થાય?

ઇ કબજિયાત દૂર કરવામાં યુરોપમાં છેલ્લામાં છેલ્લી પદ્ધતિ massageની છે; તો તે 'મસાજ' કેવી કેવી રીતે કરાય છે તે જણાવશો.

ઉત્તર

૧ આ વિષયનો થોડોઘણો ઊહાપોહ મેં પાછલા લેખોમાં કર્યો જ છે. સાધન વગેરેમાં વિવિધ પ્રકારનાં દંડબેઠક, હૅન્ડ બૅલૅન્સિંગ, ટૅમ્બ્લિંગ, મસલ્સ-કૉન્ટ્રોલ વગેરે સેલ્ફ રિઝિસ્ટન્સવાળી કસરતોનો સમાવેશ કરી શકાય. જેમને સાધનો પ્રાપ્ય હોય તેવા વ્યાયામોત્સુઓ માટે તો વેઇટ લિફ્ટિંગ (ડંબબેલ્સ, બારબેલ્સ, પૅરેલલ અને લીવરેજ બારબેલ્સ, રિંગ વેઇટ્સ, સંતોલાં, નાળ વગેરે) રોમન રિંગ્સ, ટ્રૅપીઝ, બાર્સ (પૅરેલલ, સિંગલ, ટ્રિપલ, સ્વિંગ અને વૉલ), ભારે જોડી, કારેલી, ટેન્શન સ્પ્રિંગ્ઝ વગેરે અનેક વ્યાયામપદ્ધતિઓ છે. પરંતુ આમાંની કોઇપણ એક જ પ્રણાલિકા વડે સમગ્ર શરીરનો સંપૂર્ણ વિકાસ સાધી શકાય એવી માન્યતા ભૂલભરેલી છે. શરીરના વિવિધ સ્નાયુઓની સમાનતા માત્ર આકુંચન પ્રસારણ પૂરતી જ છે. બાકી પ્રત્યેક સ્નાયુદ્વય, અમુક અંગની અમુક પ્રકારની ગતિસ્થિતિ સ્વતંત્રપણે સાચવતો હોવાથી અન્ય સ્નાયુઓથી તદ્દન ભિન્ન અવસ્થા ભોગવે છે. તેથી બધા યે સ્નાયુઓને સરખા રીતે કેળવવા—એટલેકે સ્નાયુઓનાં જોડકાંના પરસ્પર ભિન્ન ગતિવર્તનને એક જ સાથે પ્રેરવા–માં કોઇપણ એક જ વ્યાયામપદ્ધતિ સંપૂર્ણ ન નીવડી શકે.

વ્યાયામ એટલે અંગોનું અગર સ્નાયુઓનું સંચલન. આવું સંચલન સ્નાયુના પ્રત્યેક જોડકાનું એક જ દિશામાં ન હોઇ શકે. કારણ પૃથ્વીનું ગુરુત્વાકર્ષણ બળ મનુષ્યને ટટ્ટાર ન રહેવા દેતાં સદૈવ પોતાની તરફ ખેંચે છે. આવા ખેંચાણને નિષ્ફળ કરી શરીરને ટટ્ટાર રાખવાનો, શરીરનાં અંગોની વિવિધ ચેષ્ટાઓથી સંભવિત કરવાનો ધર્મ સ્નાયુઓનો છે. અર્થાત્ ક્વચિત ગુરુત્વાકર્ષણની દિશામાં, ક્વચિત્ તેથી ઊલટી રીતે, વખતે એ બળના ખેંચાણની સમરેખામાં—આમ વિવિધ રીતે જે દુર્ધર્ષ શક્તિ મનુષ્યદેહને ભૂમિવશ કરવા મથે છે, તેનો પ્રત્યવાય કરનારૂં બળ–resistance–તે સ્નાયુઓના આકુંચન-પ્રસારણથી ઉત્પન્ન થાય છે. આવી

પ્રત્યેક ક્રિયાને અનુકૂળ નીવડે એવી જુદીજુદી વ્યાયામ-પદ્ધતિઓનો સમન્વય બુદ્ધિપૂર્વક કરીને જો સ્નાયુઓને કેળવવાનો યત્ન કરવામાં આવે તો જ આખા શરીરનો એકધારો વિકાસ સાધી શકાય. માત્ર એકાદ પદ્ધતિનો આશ્રય લેનારનું શરીર કેળવાય તો ખરું જ, પણ સંપૂર્ણ તો નહિ જ. દાખલા તરીકે કેવળ દંડ કરનારના કેડ ઉપરના શરીરના અમુક (ખાસ કરીને ભુજા અને છાતીના) સ્નાયુઓનો જ અપૂર્વ વિકાસ થાય છે; તેમ જ રોમન રિંગ્ઝ અને બાર્સ કરનારનું કેડ ઉપરનું શરીર સંપૂર્ણ કેળવાય છે, પણ આ બંનેના પગ તો દોરડી જેવા દુર્બળ જ રહે. વળી, વગર સાધને બેઠક કરનારના સાથળો આગળથી અને અંદરની બાજુએ સરસ કેળવાય છે, પણ સાથળનો પાછળનો ભાગ તથા પિંડલી તદ્દન દુર્બળ જ રહે છે.

મસલ્સ-કૉન્ટ્રોલ પણ ઉપયોગી છે; પરંતુ તે અગાઉથી સ્નાયુઓ ઘનીભૂત થયા હોય તેવે પ્રસંગે જ. જ્યાં મૂળમાં જ સ્નાયુઓ નથી, અર્થાત્ કેવળ દોરડી જેવા, તાકાત વિનાના, બીનકેળવાએલા છે તેને આ વ્યાયામથી ઝાઝો ફાયદો નથી થતો. એટલે શરીરના સંપૂર્ણ વિકાસ માટે તો બેત્રણ વ્યાયામપદ્ધતિઓની મિશ્ર ઉપાસના અત્યંત અનિવાર્ય છે.

પણ જેને આવો અભ્યાસ શકય નથી એવા વ્યાયામપ્રેમીઓને માત્ર એક જ એવી કસરત કરવી હોય કે જેનાથી (છાતીના તથા બીજા એકાદ બે બાદ કરતાં બાકીના) બધા યે સ્નાયુઓનો સંપૂર્ણ વિકાસ થાય, જેનાથી અપ્રતિમ ચપળતા અને પ્રચંડ શક્તિ આવે, તો તે વેઇટ લિફ્ટિંગ જ. એની એકલક્ષી ઉપાસનાથી મનુષ્યશરીરનો પોણાસોળ આની જેટલો સંપૂર્ણ વિકાસ સાધી શકાય.

૨ જે જે વ્યાયામપ્રણાલિકાઓ એકઠી અગર સ્વતંત્ર કરવાની હોય તે તથા વ્યાયામ કરનારની શરીર સ્થિતિ, સમય અને સ્થળાદિને ધ્યાનમાં લઇને જ પ્રમાણ તથા ક્રમાદિનો નિર્ણય કરી શકાય. માત્ર એટલું ધ્યાનમાં રાખવાનું કે શરીરનો પૂર્ણ વિકાસ સાધવા કઠોર તપશ્ચર્યા કરવી પડે છે. જેમ આના પાવલોવા નિજિન્સ્કી કે ઉદયશંકર જેવા નટો, અથવા કરૂઝો જેવા ગાયકોની કળા અમાનુષી પ્રયત્ન વિના કેળવાતી નથી તેમ સૅન્ડો, મૉડ કે હૅકેન્સ્મીટ જેવા દર્શનીય માનવદેહ પણ આડી રાતમાં સરજાતા નથી.

૩ આ બધા involuntary સ્નાયુઓ છે; અર્થાત્ એમની ક્રિયાના વેગને આપણે આપણી ઇચ્છા પ્રમાણે રોકી શકતા નથી. એમને જો અસર કરવી હોય તો શરીરનાં અન્ય અંગોની ક્રિયા દ્વારા જ કરી શકાય છે. એટલે એમને સીધી રીતે કેળવવા કરતાં એમની ક્રિયાશક્તિમાં મદદ કરે તેવો વ્યાયામ જ હિતાવહ છે. દાખલા તરીકે હૃદયના સ્નાયુને કેળવવામાં અન્ય સ્નાયુઓનો વિકાસ કારણભૂત બને છે. જઠર વગેરેની ક્રિયામાં પ્રત્યવાય ન આવે એવી આહારાદિની યોજના ઉપકારક બને છે. વળી જેનાથી શરીરના મધ્ય ભાગને સીધો શ્રમ પડે તેવી કસરત કરવાથી પણ આ બધાં પર સારી અસર થાય છે. આસનો, મલખમ, દોડવું, કૂદવું, જમીન ખોદવી, લાકડાં ફાડવાં વગેરેમાં મલખમ પેટ માટે સર્વોપરિ કહેવાય. કુસ્તી કરનારનાં પેટ પણ ખૂબ કેળવાય છે.

૪ જેઓ નિયમિત વ્યાયામ સેવે છે તેમને ઋતુ પરત્વે ખાસ ફેરફાર કરવાની જરૂર નથી. ટાઢ, તડકા ને વરસાદને અનુકૂળ એમનો શારીરિક વ્યવસાય આપોઆપ ગોઠવાઇ જાય છે. વળી વ્યક્તિભેદે પણ ઋતુ પરત્વે એક નિયમ ન ઘડી શકાય. ઘણાને કસરત માટે શિયાળો અનુકૂળ આવે છે. મારા જેવા કેટલાકને શિયાળો નથી ફાવતો, પરંતુ ભરઉનાળે ભારે શ્રમ કરવા છતાં પણ થાકતા નથી. છતાં જો કોઇ મૂર્ખતા વાપરી અસહ્ય વ્યાયામ કરવા જાય અને નુકસાન ખમે તો તેમાં વાંક ઋતુનો નથી, પણ ખોટી પદ્ધતિનો છે.

ભોજન એ રુચિનો અને આર્થિક અનુકૂળતાનો વિષય છે. પ્રત્યેક વ્યક્તિ દીઠ સ્વતંત્ર નિયમ ન હોય. જેવી જેવી રહેણી, જેવો શ્રમ અને જેવી શરીર-સ્થિતિ, તેવો તેને અનુકૂળ આહાર હોય એ જ ઇષ્ટ છે.

વરસાદની ઋતુમાં હવામાં પાણીનું પ્રમાણ પુષ્કળ હોવાથી એનો શ્વાસ લેવામાં ફેફસાંને હરકત પડે છે અને કવચિત નુકસાન પણ થાય છે. એટલે જ્યાં આવી ભેજવાળી (humid) હવા હોય તેવે સ્થળે કે તેવા સમયે વ્યાયામ કરવો અનુકૂળ નથી થતો. દેશી વૈદ્યકનો પ્રતિબંધ આવા ધોરણ ઉપર જ રચાએલો છે. જેને આ નિયમને અનુસરવું હોય તેણે વરસાદ આવતો હોય તે દિવસે અને જે સ્થળની આસપાસ લાંબો વખત ચોમાસાનાં પાણી ભરાઈ રહેતાં હોય તેવે સ્થળે

(દા.ત. ભાસ પ્રદેશમાં) વ્યાયામ ન કરવો. સાધારણ રીતે ગુજરાત કાઠિયાવાડ જેવા સુક્કા પ્રદેશમાં આ નિરોધને ઝાઝું મહત્ત્વ ન આપીએ તો પણ ચાલે.

૫ વ્યાયામની વાત આવે ત્યાં પરણેલો માણસ કુંવારાથી જુદી જ જાતનો 'પશુ' છે એવી જે માન્યતા પ્રવર્તે છે તેના મૂળમાં શરીરશાસ્ત્રના સિદ્ધાન્તોનું કેવળ અજ્ઞાન જ કારણભૂત હોય છે, આપણા દેશમાં 'બ્રહ્મચર્ય'ની બાંગ પોકારનારાઓની ઉરાંગઉટાંગ તોપોથી જ આવો ભ્રમ ઉત્પન્ન થયો છે. બધા યે પરણેલા વિષયવાસનાના કીડા નથી હોતા; તેમ બધા યે કુંવારા નૈષ્ઠિક બ્રહ્મચારી છે એ કોણ જોવા ગયું છે? જેમ ભૂખ, તરસ, થાક ઊંઘ બંનેને સમાન હોય છે તેમ બંનેનાં પાશવી જીવન—animal life—પણ સરખાં જ હોય છે. આ બધી યે 'આવશ્યકતાઓ' જો સુનિયન્ત્રિત હોય તો વ્યાયામની યથેચ્છ યથાશક્તિ ઉપાસનામાં કશો જ વાંધો નથી. પરણેલો પુરુષ નૈસર્ગિક ભૂખ ભાગવા પૂરતું 'જાતીય' જીવન ગાળે તો, તે વ્યાયામ કે બળની દૃષ્ટિએ, ગમે તેવા 'નૈષ્ઠિક' બ્રહ્મચારી (કુંવારા) થી રજ પણ ઊતરતો નથી. જગતના પ્રાચીન તેમ જ આધુનિક પ્રચંડ શક્તિશાળી મલ્લો ઘણાખરા 'પરણેલા' જ છે: કુંવારાનાં ઝાઝાં નામ જાણવામાં નથી.

૬ બધા યે સરસ. જેની જેવી આવશ્યકતા, તેવો તેની શરીરશક્તિને યોગ્ય વ્યાયામ તેને માટે સર્વોત્તમ.

૭ સ્નાયુઓનાં નામ અને સામાન્ય વર્ણન પૂરતું ઉપયોગી પુસ્તક બર્નાર મૅકફૅડન કૃત ઍનેટૉમી ફૉર ઍથલેટ્સ છે. આ જ વિષયની માહીતી એના 'ફિઝિકલ કલ્ચર એન્સાઇક્લોપીડયા'માં આપેલી છે. પણ જેને શરીરના પ્રત્યેક સ્નાયુનો સંપૂર્ણ વિકાસ સાધવો છે, તેનો અર્થ સ્નાયુઓનાં નામના જ્ઞાનમાત્રથી સરવાનો નથી. તેને તો પ્રત્યેક સ્નાયુની રચના, શરીરની ઘટના અને હલનચલનની વિવિધ ક્રિયામાં એનું સ્થાન, એની સ્વતંત્ર ક્રિયા, એના વિકાસથી શરીરના દેખાવમાં (સુંદરતામાં)-સ્નાયુઓના આવરણ રૂપ ત્વચાની સપાટી પર, અંતર્ગત સ્નાયુઓના વિકાસથી થતી ઉચ્ચાવચ રેખાઓથી—થતો ફેરફાર, વગેરે જાણવું અત્યંત અનિવાર્ય છે, એમ હું માનું છું. આવા જ્ઞાનથી એના વિકાસનો માર્ગ સરળ બને છે અને વિકાસને અનુકૂળ વ્યાયામપદ્ધતિઓ તે વીણી વીણી પસંદ કરી શકે છે કે નવી તારવી શકે છે. આવું જ્ઞાન આપનારાં પુસ્તકો આ રહ્યાં:

પાર્ક્સ—એ ટેક્સ્ટ બુક ઑન ધી આર્ટિસ્ટિક ઍનેટૉમી ઑફ હ્યૂમન ફૉર્મ.

આર્થર ટૉમસન–ઍનેટૉમી ફૉર આર્ટિસ્ટ્સ.

વ્યાયામથી શરીરના યંત્ર પર શી અસર થાય છે, તેનું અપૂર્વ જ્ઞાન આપનાર સુંદર પુસ્તક ડૉ. લા ગ્રાન્જનું ધી ફીઝીઓલોજી ઑફ બૉડીલી એક્સરસાઇઝ છે.

૮ ગૂજરાત કૉલેજના ભૂતપૂર્વ અધ્યાપક કાંગાનું ડાયટિક્સ, ફૂડ ઍન્ડ રેઇસ.

૯ અ કોઇ નથી. કબજિયાત functional અનિયમિતતા છે: પેટના સ્નાયુઓની નિર્બળતા એકલી જ એમાં કારણભૂત નથી. એટલે કેવળ વ્યાયામથી આ દરદ મટતું નથી. આહાર પણ એનો ઉપાય છે.

કસરત જ કરવી હોય તો મલખમ કરવો. દોડવાકૂદવાથી, જમીન ખોદવાથી કે લાકડાં ફાડવાથી પણ ફાયદો થાય છે. યોગનાં આસનો પણ ઉપયોગી છે, જોકે સંપૂર્ણ મળશુદ્ધિ અર્થે તો યોગીઓને પણ બસ્તીનો આશ્રય શોધવો પડે છે. વળી જેમ પશુઓ ચારે પગે ચાલે છે તેમ દરરોજ અમુક સમય જો હાથેપગે 'ઊંટ' થઇ ચાલવાનો વ્યાયામ થાય તો આંતરડાં પરનું દબાણ ઓછું થવાથી ફાયદો થશે. ઉપાય અજમાવવા જેવો છે: પણ બંધ બારણે.

આ આવા 'અનુભવીઓ'ની સંખ્યા જૂજ છે. એમની કબજિયાત ટાળવા સારૂ જ જો વ્યાયામ કરવાનો હોય તો લાચાર. એમની કબજિયાત વધે નહિ અને એ કસરત પણ કરી શકે એવી 'રીત' તો આહારવિહારના સામાન્ય નિયમોનું પાલન અને આસન જેવો હળવો વ્યાયામ એટલી જ છે.

ક કબજિયાતવાળા પેટને નિયમિત અમુક વખત પર્યંત મસળવાથી કબજિયાત મટે છે; પણ ચોક્કસ જ વખત પૂરતો massage કરવાથી કબજિયાત હમેશ માટે દૂર થાય છે, એ સાચું નથી. આવા મસાજનું પ્રયોગાત્મક જ્ઞાન આપવું અહીં શકય નથી. પણ બર્નાર મૅકફૅડનની એન્સાઇક્લોપીડિયામાં એનું સરળ વર્ણન આપેલું છે.

હરિનારાયણ આચાર્ય

જર્મનીનાં યુવકગૃહોમાં

ગયા અંકથી



આલ્ટનારથી લાખારઝી (Lachaar-See) જવાને અમે બસ ભાડે લીધી. કેટલાંયે નાનાં શહેરોમાં પસાર થતાં અમે એક સ્થળે ટોચ પર લાકડાનું મોટું સ્વસ્તિકચિહ્ન જોયું. વાવટાઓ પર, વીંટી પર કે ટાઇપિન પર તો સ્વસ્તિક હોય, પણ ડુંગરાઓ ઉપર પણ સ્વસ્તિક! બાખારખમાં પણ દ્રાક્ષવેલીઓથી છવાએલા ડુંગરાની ટોચ પર, જાણે હ્રાઇનભૂમિનું રાજ્ય ભોગવતો ન હોય એવો સ્વસ્તિક અમે જોએલો. લાખારઝી અને મૅરાયા લાખ (Maria Lach)નાં સરોવરો દેવદારની ઘટાઓ અને લાવા વાળા ડુંગરાઓના વિભાગમાં આવેલાં છે અને આઇફેલના સૌંદર્યમાં વૃદ્ધિ કરે છે. મૅરાયા લાખ પાસે એક જૂનો મઠ છે અને રોમાનસ્ક ઢબનું સુંદર દેવળ પણ પાસે જ છે. દેવળ અને મઠ સાથે જોડાએલા કલામંદિરમાં મઠવાસીઓએ બનાવેલા આધુનિક (modernistic) કલાના કેટલા યે સુંદર નમૂનાઓ છે.

બસમાં લાખારઝી જતાં રસ્તામાં જ અમે ચાર જણ ઊતરી ગયાં અને બાકીનો રસ્તો પગે કાપવાનું શરૂ કર્યું. ગામમાંથી ખાવાનું લઈ સરોવરકિનારે દેવદારની ઘટામાં બેસી એ ખાધું. વરસાદે અમારા આનંદમાં ભંગ પાડ્યો એટલે એક ઘાડા સ્થળે જઇ બેઠા અને દરેકને ભાગે આવેલાં બબ્બે પીચ ખાધાં. પછી વધેલા એક પીચ માટે એક રમત રમ્યા અને એમાં જે જીત્યો તેને એ પીચ આપ્યું! ત્યાં યુવકગૃહમાંથી ફરવા નીકળેલા જર્મન યુવકો ત્યાં રસ્તામાં જ મળ્યા. એમની સાથે યુવકગૃહમાં જઇ સંગીત અને વાર્તાલાપમાં સાંજ વીતાવી.

બીજે દિવસે 'વેનીકમ'ના સૂરો સાંભળતાં યુવકગૃહ છોડ્યું અને ડુંગરાઓ પર થઇને આડેઅવળે રસ્તે માયેન જવા નીકળ્યા. માયેન શહેર જવા માટે સીધો ધોરી રસ્તો હતો, પણ નકશા પર બીજો વધારે રસ પડે એવી પગદંડી પણ બતાવેલી હતી. એટલે અમે એ લેવાનું ઠરાવ્યું. અર્ધે રસ્તે ગયા ત્યાં ૨૦૦૦ ફીટ ઊંચો ડુંગરાની ટોચ પર આવેલો, આસપાસના પ્રદેશનું રાજ્ય ભોગવતો એક ઊંચો મિનારો (watchtower) જોઇ ઉપર ચડ્યા. આકાશ સાથે વાતો કરતા આ મિનારા પરથી આઇફેલના ડુંગરાળ પ્રદેશનો દેખાવ જોવાનો મળ્યો. દૂરદૂર વહેતી હ્રાઇન નદી સાપ જેવી દેખાતી હતી. બહાર ઠંડો પવન વાતો હતો એટલે મિનારામાં જ સંકડાઇને બેસી નાસ્તો કર્યો. એક ઓવરકોટ નીચે અમે ચારે જણા ભરાયાં હતાં તેની કોઇએ છબી લીધી અને પાછા બધા રસ્તે પડ્યા.

કિલ્લા બધે સરખા

સાંજે એક કિલ્લા પાસે થોભ્યા અને અંદર જઇ એ જોયો. બારમી સદીથી માંડી અઢારમી સદીના એના જુદાજુદા ભાગો અમને એના રક્ષકે બતાવ્યા. બહારથી હુમલો આવે અને બહારના દરવાજા તૂટે તો બીજો દરવાજો કામ આવે અને એ પણ ભાંગે તો ત્રીજો એવાંએવાં એના રક્ષણનાં સાધનો જોઇ થયું કે કિલ્લાઓ તો બધે સરખા જ-- હિંદમાં શું કે જર્મનીમાં. આ કિલ્લામાંથી નીકળી એક નાના વહેળાને કિનારે-કિનારે થઇ માયેન પહોંચ્યા. અહીં શહેર બહાર તરવાનો કુંડ જોઇ અમે પાંચ જણ એમાં તરવા પડ્યા અને પછી યુવકગૃહ પર ગયા ત્યારે જણાયું કે યુવકગૃહના આરામથી અને નિયમોથી કંટાળી સરસ સુખસગવડવાળી હૉટેલ શોધવા અમારી ટોળીમાંના કેટલાક ગયા હતા. અમને તો કોટના દરવાજામાં આવેલું એ યુવકગૃહ ઘણું ગમ્યું, એટલે અમે અને જર્મન વિદ્યાર્થી ત્યાં જ રહ્યા અને રાત માળિયા પર ઘાસના બિછાનામાં ગાળી.

થોડી ગમ્મત

સવારે વહેલા ઊઠી પાછાં અમે ચાર જણ—અમારી ત્રિપુટી અને પેલી અંગ્રેજ યુવતી—ફરવા નીકળ્યાં અને શહેરના મધ્ય ભાગમાં જાહેર ચોક આગળ આવેલી અમારા મિત્રોની હૉટેલની બારી નીચે ઊભાંઊભાં ગીતો ગાવાં શરૂ કર્યાં. આંખો ચોળતા એ બધા બારી આગળ આવ્યા અને અમને sexenade ગાતાં સાંભળી ઉપરથી પૈસા ફેંક્યા. એમાંથી અમે પાસે આવેલા બજારમાંથી એક મોટું ગાજર ખરીદી ચાર જણ વચ્ચે એ ખાતાંખાતાં યુવકગૃહમાં પાછાં ફર્યાં.

સાંજે એક વહેળાને કિનારેકિનારે થઇ ખૂબ ઘાડી ઘટામાં થઇને જવાનું હતું. કાંટાવાળા છોડોની ઘટામાં

જતાં અમારા જેવા ઊંચા માણસોને વાંકા વળીને ચાલવું પડતું હતું એટલે ખૂબ થાકી ગયા. રસ્તામાં મૅન્ડોલિન સાથે જતા યુવાનોને જોઇ એમને ઊભા રાખી ગીતો ગવડાવ્યાં. મોડી સાંજે સ્ટેશન પર જઇ ગાડી પકડી ડુંગરાઓમાં થઇ નદીને કિનારે પહોંચ્યા અને નદી ઓળંગી સામે પાર જઇ મોઝેલ નદી પર આવેલા બ્રોડનબાખ (Broden bach)ના સુંદર યુવકગૃહમાં રાત ગાળી.

three Cheers for India

આ યુવકગૃહ ઉપર જતાંજતાં રસ્તામાં ટૉની સાથે હિંદની સ્વાતંત્ર્યની લડત અને બીજા હિંદી વિષયો ઉપર ખૂબ લાંબી વાતો થઇ. આ વિષયો પર અમારે ઘણીવાર લાંબી ચર્ચા થતી અને ઘણાખરા અંગ્રેજ યુવકોની પેઠે આ બાબતમાં એનું દૃષ્ટિબિંદુ ઘણું સહાનુભૂતિવાળું હતું. પણ એકવાર દારૂના નશામાં એણે હિંદમાંના બ્રિટિશ રાજ્યનો બચાવ કરેલો એ સાંભળી મને ખૂબ હસવું આવ્યું. એક સ્થળે ર્હાઇન નદીને સુંદર કિનારે રાત્રે બાર વાગે ર્હાઇન દારૂના નશાચકચૂર બનેલા વિદ્યાર્થીઓ ગીતો ગાઇ રાત્રિની શાંતિનો ભંગ કરી રહ્યા હતા.

મર્યાદામાં રહી શકનાર અમારો જર્મન મિત્ર તથા કેટલીક યુવતીઓ અને બીલકુલ નહિ પીનાર હું, એટલાં અમે છેલ્લે સુધી એ લોકોની સાથે જ હતાં. છેલ્લે તદ્દન ચકચૂર બનેલા બે જણને સીધા ઘેર લઇ જવાનું મેં માથે લીધું અને એમને સમજાવી પટાવી ઘેર લઈ જવા પ્રયત્ન કર્યો. એક ભાઇ કહે, ચાલો આપણે કિનારેકિનારે ફરીએ. બીજા ભાઇની મગજશક્તિ બહુ તેજ હતી. એટલે એમણે કિનારા પર ઊભા રહી નદી તરફ મીટ માંડી હિંદમાંના બ્રિટિશ રાજ્ય ઉપર ભાષણ શરૂ કર્યું. શ્રોતાજનોમાં અમે બે જ જણ હતા. સાડા પાંચ મિનિટ સુધી લાગલાગટ બહુ જ ઠાવકા શબ્દોમાં એમણે ભાષણ ચાલુ રાખ્યું અને બ્રિટિશ રાજ્યનો સરસ બચાવ કરી બ્રિટિશ રાજ્યની હુરરે બોલાવી. પછી 'Three Cheers for India' થયું અને અમે ઘર તરફનો રસ્તો પકડ્યો.

બીજે દિવસે એ મને કહે કે પોતે તદ્દન ગાંડુંગાંડું બકી ગયો'તો. મેં કહ્યું, ના બ્રિટિશ રાજ્યનો બચાવ કરનારાઓનો પક્ષ તમે સરસ રીતે રજુ કર્યો'તો.

બ્રોડનબાખ ગામ તદ્દન નાનું હતું, પણ એનું યુવકગૃહ બહુ સરસ હતું. નદીને કિનારે ટેકરીની સપાટી પર અરધે રસ્તે આવેલું અને ઝાડોની ઘટામાં છુપાએલું એ યુવકગૃહ રાત્રે બગીચામાં ગાએલાં અને સાંભળેલાં ગીતોને લીધે અમને યાદ રહી ગયું છે. જે જર્મન યુવતીએ અમને ગીતો ગાવાનો ખૂબ આગ્રહ કર્યો હતો તે પોતે સંગીતશિક્ષિકા હતી અને તદ્દન અજાણ્યાં લાગતાં હિંદી ગીતોના રાગ પણ સહેલાઇથી ઊપાડી ગાઇ શકતી હતી. અહીં રાત્રે સાડાદસ વાગ્યા સુધી ગીતો ગાઇ વળી પાછો યુવકગૃહના નિયમોનો અમે ભંગ કર્યો.

જર્મનીમાં છાશ પીધી

રવિવારે બ્રોડનબાખથી બોપ્પાર્ડ (Boppard) ચાલતાં જવાનું અમે થોડાકે પસંદ કર્યું. બીજા બધા ગાડીમાં કૉબ્લૅન્ઝ (Koblenz) ગયા અને ત્યાંથી સ્ટીમરમાં થઇ બોપ્પાર્ડ પહોંચ્યા. આઇફેલ ડુંગરાઓમાં બે નદીની ખીણોમાં અમે ફર્યા હતા. હવે ત્રીજી નદી મોઝેલની ખીણમાં ફરવાનું હતું. રળિયામણા ડુંગરો, વહેળાઓ અને આમતેમ વિખરાએલાં નાનકડાં ગામડાંઓમાં થઇને ફરવાનું કોને ન ગમે? અમે જે સુંદર રસ્તે નીકળ્યા હતા ત્યાં ઘણા શહેરીઓ ખભે રુકસાક (Ruck-sack)લઇ ફરતાફરતા અમને મળ્યા. એક gast-housમાં તરસ છીપાવવા થોભ્યા અને ત્યાં છાશ પીધી. ચહા તરીકે દૂધનો નહિ જેવો વપરાશ કરનારા ઇંગ્લંડ દેશમાંથી જર્મનીમાં આવ્યા ત્યારે યુવકગૃહોમાં શું કે શહેરનાં મોટાં રેસ્ટોરામાં શું, દૂધની બાટલીઓ લઇ લઇને પીતા લોકોને જોઇ મને આશ્ચર્ય થતું હતું પછી તો દુકાનોમાં અને ગાડીમાં પણ દૂધની બાટલીઓ straw સાથે વેચાતી જોવાને અમે ટેવાઇ ગયા હતા. પણ છાશ તો જર્મનીમાં અહીં પહેલી વખત જોઇ. મારા અંગ્રેજ સાથીઓને તો છાશ શું અને તે કેમ બને એ પણ મારે સમજાવવું પડ્યું.

બપોરે એક ડુંગર પર સ્ટેશન સામે નાસ્તો કરી ગાડી પકડી બોપ્પાર્ડ (Boppard) ગયા ત્યારે ત્યાં કેટલા યે દિવસોના ભેગા થએલા કાગળોનો થોકડો મળ્યો. ફિનલૅન્ડ ટાપુના રાજ્યપ્રવાસી સંઘે કેટલીક પત્રિકાઓ મોકલી હતી. બર્લિનથી International Student Serviceવાળા મિત્રે ડ્રેસ્ડન અને બર્લિન વિષે કાંઇક મોકલ્યું હતું. અને જૂનાં ભૂત જાગતાં થયાં હોય એમ હોલંડ અને લંડનથી જૂની સફર વિષે કોઇ પત્રો મોડામોડા મને મળતા હતા. ઑક્સફર્ડથી

આવેલું એક મોટું પરબીડિયું ખોલ્યું તો અંદરથી સાત-આઠ કાગળો નીકળ્યા. ગત જીવન ભૂલી જઇ ભમતાં પંખીની જેમ સ્વપ્નસૃષ્ટિમાં વિહરતો હતો ત્યાં એકાદ ઘડી માટે જૂનાં સ્મરણો તાજાં થયાં, અને વળી પાછાં અદૃશ્ય થઇ ગયાં. તરત જવાબ આપવા જેવા કાગળો-નો જવાબ આપી શહેરમાં ફરવા નીકળ્યો.

ર્હાઇનપ્રદેશનું સૌંદર્ય

નદી કિનારો બધો દીપકોથી ઝગમગી રહ્યો હતો, અને ઠેકાણેઠેકાણે સંગીતના સૂરો સંભળાઇ રહ્યા હતા. ઉનાળામાં તો સારા યે ર્હાઇનલૅન્ડમાં નદીના બંને કિનારા પર દીવાળી ઉજવાતી હોય તેમ દીપકમાળાઓ દેખાય અને નૃત્ય તથા સંગીતથી બધો પ્રદેશ પ્રજ્વલિત થઇ ઊઠે. બોપ્પાર્ડની સાંકડી શેરીઓમાં પથ્થરના રસ્તા-ઓમાં ફરતાં જૂનાં ઘરોની હારોને નાકે કોઇ સ્થળે તદ્દન અર્વાચીન મકાન અચાનક જોતા. પણ ઘણું-ખરૂં તો આ શહેરોમાં વર્ષોજૂનાં ઘરો જ જોવામાં આવે છે. ર્હાઇનલૅન્ડમાં નદીને કિનારે સંખ્યાબંધ જૂના કિલ્લા અને શહેરો દેખાય છે અને એ કિલ્લાની કે શહેરની કહાણી ગીતોમાં ગવાય છે. કેટલેક સ્થળે તો નદીને બંને કિનારે સામસામે જ બે શહેર વસેલાં નજરે પડે છે. એક પાસ પેલા 'ઉંદરના મિનારા'વાળા બિશપે પ્રખ્યાત કરેલું જૂનું બિંગન (Bingen) અને એની સાથે જ દ્રાક્ષવેલીઓથી વીંટળાએલું 'રૂડેશાઇમ દારૂ'થી પ્રખ્યાત થએલું રૂડેશાઇમ. બાખારખ શહેરના સુંદર મોહિની રસ્તાઓમાં કાંઇ વિચિત્ર અમને લાગી ને બિંગનમાં કોઈ સ્થાનિક તહેવારના પ્રસંગે નીકળેલું ધાર્મિક સરઘસ જોયું.

બોપ્પાર્ડથી બાખારખ નદીને કિનારે ડુંગરાઓ પર થઇ ચાલતાં જવાનું અમે થોડાકે ઠીક ધાર્યું. પણ 'બે ભાઇઓ'ના કિલ્લાઓ પર પહોંચ્યા ત્યાં તો ધોધમાર વરસાદ પડવો શરૂ થયો. વરસાદમાં ગીતો ગાતાં રસ્તો કાપતાં અમે સાત યુવકો અને એક સ્કૉચ યુવતી ચાલ્યાં પણ આખરે અમે હાર્યાં. ડુંગરાના રસ્તાઓ બધા કાદવથી ભરાઇ ગયા અને અરધે રસ્તેથી જ અમારે સ્ટીમર પકડવી પડી.

જૂના વેરભાવ

બાખારખ યુવકગૃહમાં એકને બદલે બે રાત ગાળી, કેમકે રૂડેશાઇમ યુવકગૃહમાં એ રાત માટે સોઈ નહોતી. આ સુંદર સ્થળે એક વધુ દિવસ ગાળવાનો મળ્યો એ સારૂં જ થયું. મારે પત્રો લખવાના હતા એટલે મેં એ દિવસ એ કિલ્લામાં જ ગાળવાનું પસંદ કર્યું. પત્રો તો લખ્યા; ઉપરાંત, સાથેનાં જર્મન યુવકો અને યુવતી-ઓ સાથે જર્મનમાં ખૂબ વાત કરી અને એ રીતે મારો એ ભાષાનો અભ્યાસ ચાલુ રાખ્યો. પછી એમાંનાં બે જર્મન બાળકો સાથે શહેરમાં ફરવા ગયો. નદીકિનારે એક weather beaten ખલાસી મળ્યો. બહુ વૃદ્ધ નહિ છતાં વૃદ્ધ જેવા લાગતા એ ખલાસીનો સુકો ચહેરો ઘણો દયાજનક લાગ્યો. એણે મારી સાથે વાતો કરવી શરૂ કરી મને પૂછ્યું, 'તમે હિંદુસ્તાનથી આવો છો ને?' જર્મનીમાં અને બીજે બધે હું હિંદથી આવું છું એમ લોકો બહુ સહેલાઇથી કલ્પી શકતા લાગે છે. પછી તો એણે એની લાંબી જીવનકથા કહી. ઘેર જઇ જૂનાં ચિત્રો લઇ આવ્યો. જુદાજુદા દેશોમાં—છેક સુએઝ સુધી એ ફર્યો હતો તેનાં જૂનાં સ્મરણો ઊભાં કર્યાં અને મહાન યુદ્ધની બધી વાતો કરી. મેં પૂછ્યું, 'બીજું યુદ્ધ આવે તો લડો ખરા કે?' સાધારણ રીતે આવા સવાલનો જવાબ ગત યુદ્ધમાં ભાગ લીધેલો હોય એવા માણસ પાસેથી સાદા નકારમાં જ મળે. આ આ કહે 'હિટલર યુદ્ધ નહિ કરે.' 'પણ ધારો કે યુદ્ધ થયું તો?' એ કહે 'જર્મની યુદ્ધમાં ભાગ લે તો પાયમાલ થઇ જાય. હમણાં તો ઉપર ફ્રાંસ તાજુંમાજું છે અને જર્મની બીચારૂં કચડાએલું નીચે રીબાય છે.' ફ્રાંસનું નામ દેતાં જ ઘણા યે જર્મનોની આંખમાં ઝનૂન ભરાઇ આવે છે. આ વૃદ્ધ ખલાસીની આંખોમાં એ એક શબ્દે જ કાંઇકાંઈ જૂના વેરભાવો જાગૃત કર્યા હોય એમ લાગ્યું.

જૂની ફિક્કી પડી ગએલી છબીઓ બતાવી કાંઈ કાંઇ જૂનાં સ્મરણો યાદ કરતા અને એમાં કોઇ રસ લે એવા હૃદય પાસેથી સહાનુભૂતિ યાચતા એના ભાવમાં કોઇ વિચિત્ર કરુણરસનો અમને ભાસ થયો.

એક બીજું મીઠું સ્મરણ

બાખારખમાં એક બીજો મીઠો અનુભવ થયો. નદીકિનારે શહેર આવ્યું હતું અને યુવકગૃહ ટેકરીની ટોચ ઉપર કિલ્લામાં હતું. અધવચમાં જ એક જૂના દેવળનાં સુંદર ખંડિયેર હતાં. મોડી સાંજના આછા પ્રકાશમાં timing આપી એની છબી લેવાનો હું પ્રયત્ન કરી રહ્યો હતો. કિલ્લો જોઇ પાછી ફરતી ત્રણચાર જર્મન સ્ત્રીઓએ મને જમીન ઉપર પથ્થરોની મદદથી

કૅમેરા ગોઠવવાનો પ્રયત્ન કરતો જોઇ એ ગોઠવવામાં મદદ કરી એટલું જ નહિ, પણ હું છબી લઇ રહું ત્યાં સુધી રસ્તા આડે ઊભા રહી આવતા જતા લોકોને રોકયા! રસ્તામાં જ ઊભાઊભા પછી તો અમે કલાકેક સુધી જર્મનમાં વાતો કરી. હું હિંદથી આવું છું અને એકલો ફરૂં છું અને આટલે દૂરથી એકલો આવું છું વગેરે જાણી એમણે ઘણું આશ્ચર્ય દર્શાવ્યું.

બાખારખથી રૂડેશાઇમ બિંગન થઇને સ્ટીમરમાં ગયા. રૂડેશાઇમમાં નીચે નદીકિનારે ગામ હતું અને ઉપર ટેકરી પર યુવકગૃહ હતું. આ યુવકગૃહમાંથી નદીના પટનું દૃશ્ય એટલું સુંદર દેખાતું હતું કે અહીં જ જિંદગી ગાળવાનું હોય તો વિસામણું ન લાગે એમ આજે થયું. ત્યાંથી થોડે દૂર જર્મન પ્રજાનું માનીતું પૂતળું—Niederwelddeukmal—આવેલું હતું. ૧૮૩૦માં ફ્રાંસ સાથેના યુદ્ધમાં મેળવેલી જીતના સ્મરણરૂપ આ જંગી પૂતળું ડુંગરની ટોચ ઉપર ઊભું કરવામાં આવ્યું છે. નદી પરથી પણ આ સ્મારક દેખાય છે અને કેટલા યે જર્મનો અહીં યાત્રા કરવા આવે છે. વર્ષમાં ગમે ત્યારે, દિવસના ગમે તે વખતે ત્યાં જાઓ તો જર્મન રાષ્ટ્રગીતો ગાતા જર્મનોનો મેળો ભરાએલો તમે જુઓ.

સંગીતપ્રાણ જર્મનો

અહીંથી થોડે દૂર ઑસમાન્સ હાઉસેન (Ousmans hausen) નામનું નાનું રમણીય ગામડું આવેલું છે. એનાં નાનાંનાનાં ઘરોમાં અને જૂનાં પીઠાંમાં કાંઇકાંઇ ર્‌હાઇનના અને ર્‌હાઈન દારૂનાં ગીતો ગવાતાં સંભળાય. અંદર બેઠેલા દરેકને ગીતોનું નાનું પુસ્તક મફત આપવામાં આવે અને સંગીતકાર ગીતો ગાય તેમાં બધા મહેમાનો ને પ્રેક્ષકો પણ સાથ પૂરે. મોટે લલકારીને ગીતો ગાવા અને નૃત્યમાં ભાગ લેવા બધાને આમંત્રણ આપે એ રીત મને ઘણી ગમી. હું એક પીઠાની બહાર ઊભો હતો ત્યાંથી એના માલિકે મને અંદર બોલાવ્યો. મેં કહ્યું, 'હું દારૂને અડકતો નથી.' તો કહે, 'કાંઇ નહિ, અંદર આવી સંગીત સાંભળો.' ત્યાં જઇ એક ટેબલ પર બેઠો. એક ઇટાલિયન અને બે જર્મનો બેઠા હતા. તેમણે મારી સાથે વાતો શરૂ કરી અને છેવટે we drink to the health of India એમ કહી વિદાયગીરી આપી. અહીં ગીતો સાંભળતો અને ગાતો બેઠો હતો એવામાં અમારી ટોળી આવી પહોંચી અને પછી કલાકેક અમે ત્યાં ગાળી પાછા ફર્યાં.

સાત્ત્વિક કલાપૂજા

રૂડેશાઇમ ર્‌હાઇન નદી પરનું અમારૂં છેલ્લું ધામ. ત્યાંથી આગળ ન વધતાં અને કૉબ્લેન્ઝ પાછા ફર્યા. આ તો મારો કોબ્લેન્ઝનો બીજો પ્રવાસ થયો. અને આ વખતે અમે હૉટેલમાં ઉતર્યાં'તા. આ સુંદર સ્થળમાં અમે છેલ્લો દિવસ હતા એટલે પાર્ટી ગોઠવી હતી ત્યાં ખૂબ ધીંગામસ્તી કરી બધા નદીકિનારે ગયા અને સ્કૉચ ગીતના સૂરો સંભળાવતી હૉટેલો પાસે થઇ એક જૂના wine house (પીઠા)ના ભોંયરામાં જઇ ત્યાં મદિરા અને ગીતોની ધૂન મચાવી. ર્‌હાઇન નદી પર બધે દારૂ બહુ સસ્તો હોય છે, પણ અહીં તો ઘણો જ સસ્તો હતો. મને તો એ દારૂ ભરવાના નાના નાના માટીના ભાતવાળા કૂજાઓ બહુ ગમ્યા, એટલે એમાંનો એક કૂજો ત્યાંથી ખરીદી હું બધા સાથે બહાર નીકળ્યો. એ જોઈ મારો જર્મન મિત્ર જૉન કહે તમારી રીત બહુ વિચિત્ર લાગે છે. બધાએ કૂજામાંનું પીણું પીધું, અને તમે એ કૂજો ખરીદ્યો અને પીણાને અડકયા પણ નહિ. 'તમારી કલાની પૂજા ખરી સાત્ત્વિક.'

સલામ

છેલ્લો દિવસ અમે કૉલનમાં ગાળ્યો. મને તો એ શહેર એટલું ગમી ગયું'તું કે ત્યાં ત્રીજી વાર જવાનું મળ્યું એટલે ઘણો આનંદ થયો. એના ભવ્ય દેવળમાં અમે થોડોક વખત ગાળ્યો અને એની સુંદર શાંતિમાં થોડી પવિત્ર અને ભવ્યગંભીર પળો અમને ગાળવાની મળી એ માટે પ્રભુનો પાડ માન્યો. સાંજે છએક વાગ્યે બધાને સ્ટેશન પર વળાવી આંજ અમારા જર્મન મિત્ર સાથે ગાળી રાત્રે વળી પાછા એકલા પ્રવાસ શરૂ કરવાની મેં તૈયારી કરી. બે અઠવાડિયા પર જેમ બધા ગમે ત્યાંથી ભેગા મળ્યા હતા તેમ જ પાછા છૂટા પડયાઃ સૌ સૌને રસ્તે અને હું મારે રસ્તે.

હીરાલાલ ગોદીવાળા



ગુજરાતના ઈતિહાસનું એક સોનેરી પાનું

ખંભાતનો ઇતિહાસ : કર્તા–રત્નમણિરાવ ભીમરાવ; પ્રકાશક દિવાન સાહેબ, ખંભાત સ્વસ્થાન; મળવાનું સ્થળ : ગુજરાત સાહિત્ય સભા, સર ચીનુભાઇની વીમા ઑફિસ રીચીરોડ, અમદાવાદ, ૪–૮–૦.

ગુજરાતમાં કમભાગ્યે હળવા સાહિત્યનો શોખ સર્વવ્યાપી બનતો જાય છે આપણા પ્રખર સાહિત્યકારોની કીર્તિ બહુ મોટે ભાગે નવલકથા અને કવિતા ઉપર જ રચાએલી છે. એકાદ સુદર્શનકાર કે આણંદશંકરની તત્ત્વાન્વેષણા અપવાદ રૂપે જ દેખાય છે. ખુશાલ શાહ જેવા અર્થશાસ્ત્રીઓ અંગ્રેજીમાં જ લખે છે. એવા જ ગૌરવશાળી અપવાદરૂપે ભાઇ રત્નમણિરાવ આજે ઇતિહાસસંશોધનની અણખેડાએલી પ્રવૃત્તિમાં પડી ગુજરાતને દેશગૌરવના નકશા ઉપર ઉજ્જ્વલ રંગે પૂરવાનો સફલ યત્ન કરી ગુજરાતને મગરૂર બનાવે છે, અને ગુજરાતી અક્ષરજીવનને ઓપ ચડાવે છે.

એકલા ખંભાતનો નિર્દેશ વાંચી કોઇ આ ગ્રંથને સંકુચિત વિષય પર માનવાની ભૂલ ન કરે પ્રાચીન ખંભાતને જ પરદેશી મુસાફરો ગુજરાત માનતા. સુરત તો મુગલાઇ નવાબી કારણોને લઇને અને પરદેશી કોઠીઓના મોરચાનું વહેલું ભોગ બનવાને લીધે જરા વધારે નામચીન બન્યું હતું; અને મુંબાઇ તો મલબાર લેખાતું એ હજુ તાજી જ બીના છે. 'કંબો'ના નામથી દૂરદૂરના મુલકોમાં જે સમૃદ્ધિ અને રૌનકનો ખ્યાલ ઊભો થતો હતો તે સમૃદ્ધિ અને તે રૌનક આખા ગુજરાતને ઓપ ચડાવતી હતી. એ રીતે ખંભાતનો ઇતિહાસ એ ગુજરાતનો જ ઇતિહાસ છે.

આવું પુસ્તક કોઈપણ સ્વતંત્ર દેશમાં અનેક વિદ્વાનોના સહકારથી પ્રકટ થાય. એવા અનેક વિદ્વાનોના શોધને એકલે હાથે પહોંચી વળવાનો ભાઈ રત્નમણિરાવે બહુ અંશે સફળ પ્રયત્ન કર્યો છે. પેશ્વાઇ બખરો આમને પૈસે છાપતી મુંબાઈ સરકારની રત્નમણિરાવને પૂઠ નથી. મહારાષ્ટ્રના ઇતિહાસસંશોધન જેવા કોઇ મંડળનો દફતરભંડાર કે સાધનભંડાર એમને નથી મળ્યો. પારસનિસ કે માવજી જેવાની ચાસખેડનો લાભ પણ એમને નથી મળ્યો. છતાં 'ગુજરાતનું વહાણવટું' 'અમદાવાદ' અને હવે આ 'ખંભાતનો ઇતિહાસ' રચી, શ્રી રત્નમણિરાવે, એવાં મંડળ, એવા શોધક અને એવા પોષક ગુજરાતને મળે તો સાધનોની ખોટ નથી એ સારી પેઠે દેખાડી આપ્યું છે. મુંબાઇ યુનિવર્સિટી પાસે પડેલાં શોધખોળ માટેના ભંડોળમાંથી સારી જેવી રકમ ખરચાવી રત્નમણિરાવને હાથે આ દિશામાં વધારે કાર્ય કરાવી લેવાનું જોઇએ યુનિવર્સિટીના કર્મચારીઓમાં ઘણા યે ગુજરાતીઓ છે ગુજરાતનું ઋણ ફેડવાનો આના જેવો યોગ્ય પ્રસંગ માંડ મળશે. રત્નમણિરાવમાં ગુજરાતને ઠરેલ વિદ્વાન સંશોધક સાંપડ્યો છે. એનો પૂરો લાભ ઉઠાવવાની ફરજ દરેક વસીલાદાર અને સમૃદ્ધ ગુજરાતીની છે. જો એકલે હાથે આ વિદ્વાન આટલું કરી શકે છે તો વસીલાની ઓથે એઓ ગુજરાતનાં ઐતિહાસિક સંશોધનમાં ઘણો મોટો હિસ્સો આપી શકે એ નિર્વિવાદ છે. ગુજરાતના ઇતિહાસનાં સાધનો માટે ઠેરઠેર દટાએલા જૈન અને અન્ય ભંડારો ઉપરાંત પોર્ટુગલ, ફ્રાન્સ, હોલૅન્ડ અને ઇગ્લૅન્ડના ભંડારો શોધાવા જોઇએ; પૂર્વ આફ્રિકા, જાવા, ઇસ્ટ ઇન્ડીઝ, ચીન વગેરેનો ઇતિહાસભંડાર શોધાવો જોઇએ; અને એ થાય તે માટે સરકાર, યુનિવર્સિટી અને વગદાર મંડળોના ધનભંડાર અને સાધનભંડારની જરૂર છે.

પુરાણદૃષ્ટ ઇતિહાસમાં, સહેતુક ગૂંચવાડાભરી લેખનપ્રણાલીએ અનેક હકીકતો ભરી પડી છે. એ ગૂંચ ઉકેલવાની હિંમત, જહેમત અને શ્રદ્ધા દેખાડવાનું અનુકરણીય સાહસ કરવામાટે લેખકને ધન્યવાદ ઘટે છે.

એક કાળે ધીખતા આ બંદરનો તરી ઇતિહાસ અઢળક સમૃદ્ધિની આયાત-નિકાસ દેખાડતો આ પુસ્તકમાં નજરે પડે છે. 'રાજાને ગમી તે રાણી ને છાણાં વીણતી આણી' એ કહેવત અનુસાર પરદેશી બડભાગીને પનારે પડી રાણી બનેલી મુંબાઇને આંજી જાય એવી તે કાળની ખંભાતનગરીની ઝાંખી આ ગ્રન્થમાં થાય છે. ફરક એટલો જ કે પ્રાચીન ખંભાતના લક્ષ્મીવરો તે ખરા વેપારીઓ હતા, વહાણવટી હતા; જ્યારે આજે ધીખતાં બંદરો, મુંબાઇ કલકત્તા, રંગુન વગેરેમાં વસતા ગુજરાતી શેઠિયાઓ કેવળ પરદેશી 'ફર્મ્સ' ના દલાલો છે કે પેટિયાદાર જેવા ગૌણ વચિયાતો છે. કંઇ નહિ તો હીણાએલી અને હણાઈ ગએલી પુરાતન સમૃદ્ધિની ઝાંખી કથા વાંચી બે આંસુ પાડવા ખાતર જ આ ગ્રન્થ જેવા ઇતિહાસગ્રન્થોની ગુજરાતને જરૂર છે. આવો ગ્રન્થ લખવા બદલ ગુજરાત રત્નમણિરાવનું ઋણી બન્યું છે.

આ ગ્રન્થ જો અંગ્રેજીમાં લખાયો હોત તો હિંદના સર્વપ્રાન્તીય ઇતિહાસસંશોધકોની હરોળમાં, રત્નમણિરાવ ગૌરવભર્યું સ્થાન મેળવત એ નિસ્સંશય છે.

આ નોંધ એ ગ્રન્થની વિવેચના નથી. જે જે સાધનોનો ગ્રન્થકર્તાએ ઉપયોગ કર્યો છે એ વિશાલસાધનભંડારને વાંચી યાદ રાખનાર વિવેચક ગુજરાતમાં નથી જ. આ નોંધ તો એ ગ્રન્થના જન્મની વધામણી આપવાની અદના કોશિશ છે.

દરેકેદરેક શાળામાં આ ગ્રન્થ હોવો જોઈએ. કોઇ પુસ્તકાલય આના વિના રહેવું ન જોઇએ. હું ગુજરાતી છું અને મને વાંચતાં

આવડે છે એમ કહી શકનાર દરેકે આ ગ્રન્થ વસાવવો જોઇએ. એમાંનાં ચિત્રો જ અદ્‌ભુત ઈતિહાસ કહી રહ્યાં છે. એ સ્થાપત્ય કોઇ ઉદ્દામ કલાધરોના આત્માની પિછાન કરાવે છે. એ સુંદર બગીચાઓ કોઇ રંગીલી સંધ્યાનાં ખુશનુમાં સ્વપ્નાં દેખાડે છે. મોમીનખાનના રંગમહેલની બારીમાંથી દેખાતાં વહાણો, દરિયાપારની સલ્તનતોમાં પસરેલી ગુજરાતની રોમાંચકારી કથાઓના ભણકા જગાડે છે-અને એ સાયરસહેલાણી દેશી વહાણને પડખે ઊભેલી કાળી કદરૂપી એડોલ(બે-ડોલ) પૅડલ સ્ટીમર ગુજરાતની રઢિયાળી વાડીઓમાં થએલી પરદેશી વેપારીઓની પેશકદમીની મૂર્તિ જેવી લાગે છે. એ પૅડલ સ્ટીમર તે આજની 'ક્વીન મૅરી'ની પૂર્વજ; એ વેપારીઓ તે આજની જગવિસ્તૃત શહેનશાહતના પૂર્વજ. આવો ગૂઢ ઈતિહાસ તો ગ્રન્થને પાને પાને વંચાય છે.

—ચં.

એક ઉપયોગી પુસ્તક

ગુજરાતી ભાષામાં શાળોપયોગી પાઠ્યપુસ્તકો સિવાય જનતાને ઉપયોગી સામાન્ય જ્ઞાનમાં ઉમેરો કરે એવાં ભૌગોલિક સાહિત્યનાં પુસ્તકો ભાગ્યે જ બહાર પડે છે. સૌથી પ્રથમ આજથી તેર-ચૌદ વરસ પહેલાં શ્રી મણિભાઇ દલાલ પાસે તૈયાર કરાવી ગુજરાત વિદ્યાપીઠે 'વેપારી ભૂગોળ' નામનું પુસ્તક બહાર પાડયું હતું. તેમાં ક્યાક્યા કાચા પદાર્થો કઇ કઇ ઋતુમાં ક્યાક્યા દેશોમાં પાકે છે, અને તે ક્યાં ક્યાં ખપે છે, કેવાં સાધનોથી એ માલની હેરફેર થાય છે, એ પદાર્થોના ભાવો કેવા સંજોગોમાં નક્કી થાય છે, એ વગેરે અનેક વિગતોનું એ પુસ્તકમાં સારું વર્ણન કરવામાં આવેલું છે. તે જ અરસામાં શ્રી ગોકુળદાસ શાહ પાસે તૈયાર કરાવેલાં સયાજી સાહિત્યમાળામાં 'જગતના ઇતિહાસની વાતો'નાં બે દળદાર પુસ્તકો બહાર પડયાં હતાં જોકે તે બંને ભૂગોળના સ્વતંત્ર ગ્રંથો નથી; છતાં કોઇપણ દેશની વર્તમાન ભૌગોલિક સ્થિતિ કયા કયા ઐતિહાસિક બનાવોના લીધે ઘડાઇ છે તે તેમાં દર્શાવ્યુ છે, એટલે એ પુસ્તકમાં ઐતિહાસિક ભૂગોળની દૃષ્ટિએ સારું વિવેચન કરવામાં આવેલું છે. ત્યાર પછી હમણાં પંદર વરસના લાંબા ગાળે ગુજરાતી ભાષામાં 'આર્થિક ભૂગોળ' નામના એક બીજા સુંદર પુસ્તકનો ઉમેરો થયો છે.

ગ્રીસ અને રોમનાં મહારાજ્યો સ્થપાયાં ત્યારે ઇંગ્લંડ શા માટે જંગલી અવસ્થામાં હતું? કયાં કુદરતી બળોને આધારે સોળમી સદી પછી યુરોપની કોઇ પણ પ્રજાને બદલે ઇંગ્લંડ આગળ આવ્યું? અત્યારે ઇંગ્લાંડનું આર્થિક શ્રેષ્ઠત્વ યુનાઇટેડ સ્ટેટ્સના હાથમાં કેમ ચાલ્યું જતું જણાય છે?-એવા અર્થશાસ્ત્રના તેમ જ રાજકારણના પ્રશ્નો ભૌગોલિક દૃષ્ટિએ અત્યાર સુધી ભાગ્યે જ ચર્ચવામાં આવ્યા હતા આ પુસ્તકમાં એવા પ્રશ્નોનો સૂક્ષ્મ વિચાર કરવામાં આવેલો છે. જેમ મિત્ર ફૂટે ત્યારે શત્રુ થાય, તેમ એવાં કુદરતી બળો જેને લીધે કોઈપણ દેશ ઉન્નતિને શિખરે પહોંચ્યો હોય, તે જ બળ કાળ જતાં પ્રતિકૂળ થાય છે, અને તે દેશને અવનતિના ખાડામાં ફેંકી દે છે, એ સનાતન સત્ય તેના એકે એક પ્રકરણમાં પ્રતિપાદિત કરવામાં આવેલું છે. ટૂંકામાં ભૌગોલિક દૃષ્ટિએ દુનિયાની સંસ્કૃતિનો ઇતિહાસ સમજવામાં આ પુસ્તક અત્યંત ઉપયોગી છે.

ભૂગોળ કે ઇતિહાસના શિક્ષકને તો આ પુસ્તક વારંવાર પારાયણ કરવા જેવું છે. એવી સારી હકીકતો વાળું આ પુસ્તક ગુજરાતી ભાષામાં ઉતારવા માટે શ્રી વિદ્વાંસને અને શ્રી દક્ષિણામૂર્તિ પ્રકાશન મંદિરને માન ઘટે છે; અને તેમણે જાણ્યે-અજાણ્યે અંગ્રેજી નહિ જાણનાર સામાન્ય પ્રજાજન ઉપર એક મોટો ઉપકાર કર્યો છે.

મોહનલાલ હરજીવન પંચોળી

ડહાપણની ગોળીઓ

પોતાનું કામ જાણનારો ડાહ્યો ગણાય અને તે પર પૂરેપૂરું ધ્યાન આપી કરનારો વધારે ડાહ્યો ગણાય.

જે નીસરણીથી તમે ચડો છો તેને લાત ન મારતા. વખતે પાછા ઊતરવું પડે તો કામ લાગે.

કાળના રણમાં કેટલાંક પગલાં એવાં પણ છે કે કેટલાંક માનવી ઊંધે રસ્તે ચાલ્યાં હતાં.

વકીલ એટલે તમારા પ્રતિપક્ષી પાસેથી મિલકત છોડાવીને પોતે સાચવનાર માણસ.

મહાન યુદ્ધને અંતે દેશમાં ત્રણ પ્રકારનાં લશ્કરો વધી પડે છે: દુઃખી માણસોનું, પાંગળાઓનું અને ચોરાટિયાઓનું.

કૉલેજ કેળવણીથી ઘણે ભાગે છોકરાઓ એટલું તો શીખે છે કે આવક કરતાં દસ ગણો ખર્ચ કેમ કરાય.

ભોગ આપવાનો ન હોય ત્યારે આપણે બધા સિદ્ધાંતવાદી બની જઇએ છીએ.

જુવાનીમાં સોનામહોરો ઉડાવશો તો ઘડપણમાં પાઇપાઇની ભીખ માગશો.

પૈસો પ્રાપ્ત કરવાનો સહેલો માર્ગ એ છે કે જાતે રળવું.

ધંધાપરાયણો ફુરસદ લે અને ફુરસદવાળા ધંધે ચડે તો ઘણાં દુઃખો નાશ પામે

જે જાતે સંતોષ લઇ શકતો નથી તે બીજાને દઇ શકતો નથી.



બપોર થતાં કાન્શીરો ઝાડના છાંયડા નીચે ભાતું ખાવા બેઠો ત્યાં તેણે પૈસાની વાંસળી છોડી જોઈ. જુએ છે તે પૈસા ગુમ અને તેને ઠેકાણે પથ્થર ભરેલા!

કાન્શીરોનું વેર

ફુનાકામી નામે ગામડામાં કાન્શીરો કરીને વૃદ્ધ પટેલ રહે. પટેલ ભગત માણસ હતો. વરસો-વરસ એ કેટલાં યે તીરથધામોની જાત્રા કરતો; એમ કરતાં ઘડપણ બહુ આવી ગયું એટલે તેણે ઇસે નામના તીરથની છેલ્લી જાત્રા કરી લેવા ધાર્યું. એ

રૂપિયાવાળો દેડકો

ફરવા જાતાં દેડકાએ કંઇ દીઠું ધોળું ધોળું,
ઓહો! આ તો રૂપિયો છે ને? ચકચકતું કુંડાળું!
દેડકો હરખી બોલ્યો ડ્રૉઉં! રૂપિયો ઘેરે લેતો જાઉં.

કુદતો કુદતો ચાલ્યો ત્યાંથી ઘરમાં સીધો પેઠો,
રૂપિયો હેઠો મેલી પોતે એની ઉપર બેઠો.

છાતી કાઢી, ડોળા ફાડી બોલવા લાગ્યો વાણી,
'ધારું તો હું દુનિયા આખી ઘેરે લાવું તાણી.

રૂપિયાના હું અડધા લાવું બે બે પીતા જેવા,
ચાર વળી પાવલીઓ લાવું (કેં) બંદા જેવા તેવા?

ને, ધારું તો નિકલની હું સોળ આનીઓ લાવું,
પૈસા તો, કહો તો તાંબાના ચોસઠ હું લઇ આવું.

અને, અધેલા સો ને અઠ્ઠાવીસ પૂરા હું લાવું,
પૈસા લાવું એકસો બાણું પૈસાદાર કહાવું.

એક સો બાણું, સો ને બાણું— બસો હવે સમજો ને!
એ ઢગલે હું બેસી કેવો રૉફ કરું જોજો ને!

થયો હવે હું રૂપિયાવાળો બીક મને રે, કેની?
જે કોઇ આવે સામું, તેને લાત લગાવી દેની!'

સાંભળીને ગામલોકે ફાળો કરીને પૈસાની એક મોટી રકમ ભેગી કરી અને ઇસેના મંદિરમાં ધરવા માટે ઘરડા પટેલને સોંપી.

કાન્શીરો તો પૈસાની વાંસળી કેડે બાંધી જાત્રાએ જવા નીકળ્યો. ધરતીને સડસડાવી નાખે તેવો ઉનાળાનો ધીકતો તાપ અને વળી મુસાફરીનો થાક. એથી જાત્રાળુ બીચારો રસ્તામાં માંદો પડ્યો અને મ્યોટો ગામમાં આવીને થોડા દિવસ ધરમશાળામાં રહ્યો.

પૈસાની વાંસળી એણે એ ધરમશાળાના માલિક છપ્પાકાંને સાચવવા દીધી અને કહ્યું કે એ દેવધન છે, માટે જતન રાખજે. છપ્પાકાંએ તેને નચિંત રહેવા જણાવ્યું, અને તેની સારવારમાં પોતે જ ઊભે પગે રહ્યો.

છઠ્ઠે દહાડે કાન્શીરોને કાંઇક ઠીક થયું એટલે તે ધરમશાળાના માલિકને તેના પૈસા ચૂકવી પોતાની વાંસળી લઈ માર્ગે પડ્યો. વાંસળીને આ વખતે તેણે કપડાં અને ભાતા ભેગી બાંધી દીધી.

બપોર થતાં કાન્શીરો ઝાડના છાંયડા નીચે ભાતું ખાવા બેઠો ત્યાં તેણે પૈસાની વાંસળી છોડી જોઇ. અંદર જુએ છે તો પૈસા ગુલ અને તેને ઠેકાણે કાંકરા ને પથ્થર ભરેલા! ઘરડો જાત્રાળુ તો તરત પાછો વળીને ધરમશાળાના માલિક પાસે ગયો અને પોતાના પૈસા પાછા માગ્યા. આ સાંભળીને છપ્પાકાંનો મિજાજ ગયો અને તેણે બીચારા બુદ્ધાને મારીને ગામ બહાર કાઢી મૂક્યો.

ત્રણત્રણ વરસના હસરડા કરીને વૃદ્ધ બેકુન ઇસેના તીરથધામમાં પહોંચ્યો. મંદિરમાં ગામલોકના પૈસા ધરવા તેણે પોતાની પાસે જે કાંઇ હતું તે બધું વેચી નાખ્યું. તીરથ કરીને હવે એ પાછો ફર્યો તે વેળા તેની પાસે ખાવાનું સરખું લેવા યે પૈસા રહ્યા ન હતા, એટલે તે ભીખ માગવા મંડ્યો.

ત્રણ વરસે ભીખ માગતો માગતો કાન્શીરો પાછો મ્યોટો ગામે આવ્યો. પેલો ધરમશાળાનો માલિક તો હવે તાલેવંત બન્યો હતો. કાન્શીરોએ ફરી એને વીનવ્યો કે 'બાપુ, ભલો થઇને પૈસા કાઢી દે. એ પૈસા તો દેવને ધરાએલા છે. એ તને પચવાના નથી. અને મારે એ પૈસા ભરવા મારા ઘરની બધી માલમિલ્કત

એવું બોલી છાતી કાઢી ચાલ્યો પોતે ફરવા,
સગાં સબંધી દેડકાં બેત્રણ આવ્યાં એને મળવા.

કોઇ પૂછે, 'કાકા, ક્યાં ચાલ્યા?' કોઇ કહે કે, 'મામા!'
દેડકો બોલ્યો, 'મૂરખાઓ રે તમે મળ્યા શે સામા?

આજ થકી હું રૂપિયાવાળો શેઠ કહી બોલાવો,
નહિ તો જાણો કુમળા ગાલે પડશે લાફો આવો!'

એમ કહીને દેડકા શેઠે ધોલ લગાવી દીધી,
અને વિજયથી ગોં મલકાવી આગે ચલતી કીધી.

એટલામાં ત્યાં જતો હતો કોઇ હાથી નદીએ ન્હાવા;
દેડકો બોલ્યો, રજા વિના હું નહિ દઉં એને જાવા.

'ઊભો રૂહે ઓ બુઢ્ઢા હાથી, બુદ્ધિના ઓ બુઠ્ઠા,
રજા વિના અહીં થઇને જાવા મના; ન જાણે, જુઠ્ઠા?'

કહ્યું દેડકે, પણ હાથીએ જરા ય ના ગણકાર્યું,
ત્યારે એણે એ ઉદ્ધતને શિક્ષા કરવા ધાર્યું.

'શું તું મારો હુકમ ઉથાપે? તું મારાથી મોટો?
રૂપિયાવાળો હું છું, મારો નથી જગતમાં જોટો.

મૂરખ! સમજીને પાછો જા, નહિ તો જાશે માર્યો,
ડાહ્યો થઇને પાછો વળ, ને બોલ, "હવે હું હાર્યો!'"



પણ ના કંઇ યે બોલ્યો હાથી એ તો આગળ ચાલે,
દેડકો એની સામે આવી ક્રોધે પગ ઉછાળે.

હાથી બોલ્યો 'મુરખા મેડક, રસ્તો છોડી રે'ને,
પહેલાં તારો જીવ બચાવી કે'વું હોય તે કે'ને.'

દેડકો ગરજી બોલ્યો, 'ગદ્ધા! મૂર્ખો કે'છે કોને?
લાત લગાવી હમણાં તારો ભાત નિકાલું, જોને!'

એવું બોલી દેડકા શેઠે પગ જ્યાં ઊંચો કીધો,
સૂંઢમાં લઇ હાથીએ એને દૂર ફગાવી દીધો.

રૂપિયાના ગર્વે એ મેડક ભાન ભૂલીને મૂઓ,
ને રૂપિયો કોઇ માણસ આવી ગયો ઉઠાવી, જુઓ!

રમણલાલ સોની

વેચી નાખવી પડી છે. હાલ હું ચીંથરેહાલ ભિખારી થઇ ગયો છું. માટે મહેરબાની કરીને પૈસા દઇ દે.'

પણ જીમ્પાકી તો તદ્દન નામક્કર જઇને કાન્શીરોને ગાળો ભાંડવા લાગ્યો. એમ કરતાં બંનેને બરોબર જામી પડી. એટલામાં ગામનો ચોકીદાર આવ્યો. તે કાન્શીરોને પકડી ઘસડીને ગામઝાંપે લઈ ગયો અને ધમકી આપવા મંડ્યો કે 'મરી ગયો જાણજે હવે કોઇ દિ' પાછો ગામમાં ટાંટિયો મૂક્યો છે તો.'

કાન્શીરો બાપડો રસ્તે ચાલ્યો તો ખરો, પણ જ્યાં ગામના સીમાડા આગળ ત્યાં જ તેનો દેહ છૂટી ગયો. રસ્તે જતા કોઈ સાધુએ તેને જોયો અને દયા લાવીને તેના શબને મંદિર પાછળ કબ્રસ્તાનમાં દફનાવ્યું.

કાન્શીરોના મોત પછી જીમ્પાકીના દિલમાં પાપ ડંખવા મંડ્યું. ફીકરમાં ને ફીકરમાં એ માંદગીને બિછાને પડ્યો. ઊઠીને ઊભા થવાની પણ તેનામાં શક્તિ ન હતી.

હવે થયું એવું કે કાન્શીરોની કબરમાંથી આગિયાઓનું મોટું જૂથ ઉડીને જીમ્પાકીની પથારી આગળ ઘૂમવા લાગ્યું અને તેની મચ્છરદાની ઉપર તૂટી પડ્યું. ગામલોકે આવીને કેટલા યે આગિયાને મારી નાખ્યા; પણ મારી નાખ્યે કાંઇ તેમનો પાર આવે એમ નહોતું. કબરમાંથી હારોહાર નીકળીને પથારી તરફ ધસતી હતી. ઓરડામાં સઘળે પ્રકાશ પ્રકાશ થઇ રહ્યો હતો, અને સો મરતા તો હજાર હાજર થતા.

આગિયાઓના આ ધસારાને લીધે મચ્છરદાની તો બેસવા લાગી. જેમજેમ ભાર વધતો ગયો તેમતેમ મચ્છરદાની તૂટવા માંડી. એ ચમત્કાર જોઇને ગામલોક અંદરઅંદર વાત કરવા લાગ્યું કે 'ભાઇઓ, માનો ન માનો, પણ આ જીમ્પાકીએ પેલા વૃદ્ધ જાત્રાળુના પૈસા દબાવેલા છે, અને એનું જ આ વેર છે.'

આ શબ્દો બોલાયા તેવી જ મચ્છરદાની તૂટી પડી અને આગિયાઓ જીમ્પાકીનાં આંખ, મોં, કાન અને નાકમાં પેસવા હુમલો કરવા લાગ્યા. જીમ્પાકી તો બીબીને અધમૂઓ થઇ ગયો. વીસ દિવસ લગી એણે બૂમો પાડી અને ઇશ્વરની દયા માગી. પણ દયા ન મળી.

હજી પણ, જાણે વૈરાગ્નિથી બળતાં હોય તેમ એ જંતુઓનાં ટોળેટોળાં ઉભરાતાં જ ગયાં, તે દુષ્ટ જીમ્પાકીનો જીવ લીધા પછી જ અદૃશ્ય થયાં.

(જાપાની વાર્તા) ર. જી.

લવીંગિયા



ઘરાક: ગઇ વખતે તેં જ મારા વાળ કાપ્યા હતા ને?

હજામ: નાંય શાયેબ; હું તો છ મહિનાથી જ અહીં આયો છું.

શિક્ષક: (ઇતિહાસનો વિષય શીખવતાં છોકરાઓની કલ્પનાશકિતનું માપ કાઢવા) જો નેપોલિયન વૉટર્લૂની લડાઇ જીત્યો હોત તો?

એક છોકરો: તો આ સવાલ જ ઊભો ન થાત


જયંતીની નવમી વર્ષગાંઠને દહાડે મિજબાની પૂરી થયા પછી એક તાસકમાં ધારીનો ઢગલો વધેલો જોઈ તેણે માને પૂછ્યું 'બા, એક ધારી લઉં?'

'ના ભાઇ, તેં આજે ખૂબ ઠાંસ્યું છે; તું હવે સૂઈ જા.'

'ત્યારે એક મારી પાસે ઓશીકા નીચે રાખી મૂકું તો?'

'ઠીક લે, જા; પણ હવે સૂઇજ જજે.'

થોડીવાર પછી મા જુએ છે તો જયંતી ઘસઘસાટ ઊંઘતો હતો. પણ ઓશીકું પેટ ઉપર મૂકેલું હતું!



આવતા મહીનામાં ઑસ્ટ્રેલિયન ક્રિકેટ ટીમ ગુજરાતમાં રમવા આવવાની છે તેનો ઉત્સાહ દેડકાઓમાં પણ વ્યાપી ગયો છે

આપણને વાસ કેમ કરીને આવે છે



ગંધ જેમાંથી નીકળતી હોય છે તેમાંથી તે, આંખે દેખી કે બીજી કોઇ રીતે અનુભવી ન શકાય એવા અત્યન્ત બારીક કણના રૂપમાં નીકળે છે. એ કણ નસકોરામાં પ્રવેશીને નાકના ઉપરના ભાગમાં જાય છે. જ્યાં તે ઓગળીને પ્રવાહી થઇ જાય છે અને એનાથી ઉત્તેજિત થઇને ઘ્રાણેન્દ્રિયના તંતુ એ સુગંધરસને તાબડતોબ મગજના ગંધખાતામાં પહોંચાડે છે. આપણને સળેખમ થાય છે ત્યારે નાક નીતરીને એ ઉપલો ભાગ સુકાઇ જવાને લીધે આપણને વાસ આવી શકતી નથી. નાકના નીચેના ભાગમાં આંખ ને નાક વચ્ચે સંબંધ ધરાવતા તંતુઓ આવેલા છે, તે મરચાંની કે એવી કોઇ ઉગ્ર વાસ વેળા તરત ઉત્તેજિત થઇને છીંકો લાવીને તેમજ આંખમાં પાણી લાવીને એની અસર નાક બહાર ધકકેલી કાઢે છે.



મધુકરી

ચઢાવ કપરો દીવાલ સરખો સીધો હોય છો,
ઊંડી અતલ ખીણ છો ઉભય પાસ, મૃત્યુ તણા
કરાલ મુખ શી પદે પદ ગળી જવા ઊઘડે.
ધરી જીવન મુઠ્ઠીમાં હૃદય હામ ને શ્રીડનિ,
બનીશ શુભયાત્રી મૃત્યુન્દર મિત્રભાવે ગ્રહી;
ચઢીશ ગિરિરાજ ભવ્ય ક્ષુરધાર પંથે ઊંચે,
ઠરીશ કરી પ્રાપ્ત માત્ર નભચુંબી એ શૃંગને.

—પૂજાલાલ

અદ્‌ભુત દોડનારા

છેલ્લાં ત્રીસ વર્ષમાં જે વ્યાયામવીરોએ દોડવામાં અસાધારણ કીર્તિ પ્રાપ્ત કરી છે, તેમાં ટી ઇ. હૅમેન્ડનું નામ અગ્રસ્થાને છે. તેણે ઈ.સ. ૧૯૦૮માં ૧૬૧ માઇલ અને ૫૮૦ વાર દોડવાની શરત ચોવીસ કલાકમાં પૂરી કરી હતી. તેની ઝડપ તો ફક્ત કલાકના સાડા પાંચ માઇલની થઈ પરંતુ ચોવીસ કલાક સતત દોડવાનું કામ બહુ મુશ્કેલ ગણાય.

તે પછી છ વર્ષે ચાર્લી હાર્ટ પ્રકાશમાં આવ્યો તેણે લંડનથી બ્રાઇટન અને બ્રાઇટનથી લંડન અને ફરી લંડનથી બ્રાઇટન અને બ્રાઈટનથી લંડન એમ સતત ૧૫૪ માઇલ લંબાઇના આંટા માર્યા હતા. આ પ્રમાણે સહનશક્તિમાં તે હૅમેન્ડ કરતાં પણ આગળ વધ્યો હતો. આખી દુનિયામાં અટકયા સિવાયની આ દોડ લાંબામાં લાંબી ગણાય છે.

પરંતુ એ જ વીરનું ઇ. ૧૯૨૫નું પરાક્રમ તો આના કરતાં પણ ચઢી જાય એવું અદ્‌ભુત છે. ક્રિસ્ટલ પૅલેસ આગળ તે સતત છ દિવસ સુધી બે ઘોડાઓની સાથે દોડવાની ફરીફાઇમાં ઊતર્યો હતો અને જીત્યો હતો. એ પછી એક વર્ષે તે ૧૩ કલાક અને ૩૧ મિનિટમાં સો માઈલ દોડ્યો હતો. કલાકના સાડા સાત માઇલની એ ઝડપ થઈ; અને તે પણ સો માઇલ જેટલી લાંબી દોડમાં!

પણ ચાર્લીએ જે છેલ્લું પરાક્રમ કર્યું તે જોઇને તો તેના પ્રશંસકો છક થઈ ગયા! તેણે પાંસઠ વર્ષની ઉંમરે અમેરિકામાં લૉસ ઍન્જેલિસથી ન્યૂ યૉર્કની ત્રણ હજાર માઈલની શરત પૂરી કરી. અમેરિકા ખંડને પૂર્વ–પશ્ચિમ એણે વીંધી નાખ્યો.

પરંતુ આ બાબતમાં અંગ્રેજોને પણ ટપી જાય એવા તો નૉર્વેજીઅનો છે. મેન્સેન ઇન્સ્ટ નામનો વીર ફ્રાંસની રાજધાની પારીસથી રશિયાની રાજધાની મૉસ્કો સુધી બે અઠવાડીઆમાં દોડીને ગયો હતો! એ ઝડપ દરરોજના કેટલા માઈલની થઇ તે જાણો છો? સવાસો માઇલ! રાયકાની સાંઢણી પણ એટલું નહિ ચાલતી હોય! પણ ત્યાર પછી તો તેણે ન માની શકાય એવું પરાક્રમ કર્યું! યુરોપના કૉન્સ્ટૅન્ટિનોપલથી દોડીને કલકત્તા સુધી રોજના ૯૫ માઇલની ઝડપે તે ગયો હતો. આ ઝડપ તેની આગલી ઝડપ કરતાં ઓછી ગણાય, પણ અંતર લગભગ બમણું હતું. આ શરતમાં તે ૫૬૨૫ માઇલ દોડ્યો હતો, જેમાંના ૩૦૦૦ માઇલનો રસ્તો તો સડક વિનાનો, ડુંગરાળ અને રેતાળ હતો! વાત માની શકાય એવી છે?

આ પરાક્રમોમાં હિંદુસ્તાને પણ પોતાનું નામ ઊજળા અક્ષરો વડે નોંધાવ્યું છે. ગયે વર્ષે સર્વનસિંહ નામનો માત્ર ચોવીસ વર્ષનો જુવાન ઊંટની સાથે દોડવાની હરીફાઇમાં ઊતર્યો હતો. તેણે એકવીસ કલાકમાં એકસો અને બાવીસ માઇલ કાપ્યા હતા! (કલાકના છ માઇલ થયા) એના હરીફ ઊષ્ટ્રરાજ (ઊંટ)ને એટલું દોડવામાં ચોવીસ કલાક થયા હતા! એટલે તેણે એટલી લાંબી મુસાફરીમાં ઊંટ જેવા ઝડપી પ્રાણીને ત્રણ કલાકની હાર ખવરાવી હતી પરંતુ આશ્ચર્ય જેવું તો એ છે કે આ વીરે પોતાની શરત સુખચેનથી પૂરી કરી, ત્યારે ચાલવામાં મુલ્કમશહૂર એવું એનું હરીફ પ્રાણી ઊંટ એ શરતના થાકથી અઠવાડીઆ કેડે સ્વર્ગવાસી થયું! માનશો? માણસ જીત્યો અને મજબૂત પ્રાણી મરી ગયું! માણસની સહનશક્તિને હદ છે?

(અંગ્રેજી ઉપરથી) —રામલાલ ચુનીલાલ મોદી

ભારતવર્ષમાં પોર્ટુગીઝ ભાષાની અસર

એક પ્રજા બીજી પ્રજા પર રાજ્ય કરે ત્યારે એ જીતનારી પ્રજા તરફથી જીતાએલી પ્રજાને લાભાલાભ થાય છે તે તો જાણકારો જાણે; પરંતુ એક ચોક્કસ પ્રકારનો ફાયદો તો એ રાજ્ય કરનારી પ્રજા સાથેના સહવાસને લઇને જીતાએલી પ્રજાને—

અવશ્ય થાય છે; અને તે એ છે કે કેટલી યે વિદેશી ભાષાના શબ્દો એ જીતાએલી પ્રજાની માતૃભાષાના શબ્દભંડોળમાં અનાયાસે આમેજ થતા પામે છે. એ રીતે જુદી જુદી પ્રજાઓના પરસ્પરના સંસર્ગને પરિણામે ભિન્નભિન્ન ભાષાઓમાં પેસી ગએલા શબ્દો વખતના વહેવા સાથે એવા તો રૂઢ તેમજ પ્રચલિત થઇ જાય છે કે એ શબ્દોનું ઉચ્ચારણ કરતી વેળા તેમાં પરદેશીપણાનો રણકારો સામાન્ય મનુષ્યોને તો ભાગ્યે જ સંભળાય છે; કારણકે એ શબ્દોનાં મૂળ તો શબ્દશાસ્ત્રના અભ્યાસીઓ જ જાણતા હોય છે.

ભૂતકાળમાં ઈસ્લામી સંસ્કૃતિ અને ભાષા સાથેના ભારતવર્ષની 'સભ્યતા' (Civilization) તથા ભાષાનાં ઘર્ષણ તેમજ સંસર્ગને પરિણામે સંખ્યાબંધ અરબી તેમજ ફારસી શબ્દો ગુજરાતી ભાષાના શબ્દસંગ્રહમાં દાખલ થઈ ચૂક્યા છે એમ શબ્દોના ખાસ અભ્યાસીઓ જણાવે છે. એ જ પ્રમાણે અનેક અંગ્રેજી શબ્દો પણ આજે અપનાવાઇ ચૂક્યા છે. ટેબલ, સ્ટેશન, બલૂન, પ્લેગ, પોલીસ, એન્જિન, રેલવે અને એવા બીજા અનેકાનેક શબ્દોને ગુજરાતી જનતા તો ગુજરાતી શબ્દો તરીકે જ ઓળખે છે, અને એમ થાય એ તદ્દન સ્વાભાવિક છે.

આ જ દૃષ્ટિબિંદુને ધ્યાનમાં લઇને કેટલા યે ગુજરાતી ગણાતા તેમજ રૂઢ થઇ ચૂકેલા શબ્દોને તપાસીએ અને તેનાં મૂળ શોધવા માટે સારી સરખી મહેનત લઇએ તો સ્પષ્ટ રીતે જણાઇ આવે કે ભૂતકાળમાં ફિરંગીઓ સાથેના સહવાસને લઇને ભારતવર્ષની ભાષાઓમાં કેટલા યે પોર્ટુગીઝ ભાષાઓના શબ્દો પણ પેસી જવા પામ્યા છે. એવા કેટલાક શબ્દોનો એક સંગ્રહ આ નીચે આપવામાં આવ્યો છે. એ શબ્દોના અર્થને સહેલાઇથી સ્પર્શી શકાય એટલા ખાતર જરૂર જણાઇ ત્યાં તેના ગુજરાતી અથવા અંગ્રેજી અર્થ પણ કૌંસમાં આપ્યા છે.

ગુજરાતી	પોર્ટુગીઝ
અનેનાસ	Ananas
'આફુસ' કે 'હાફુસ' (કેરી)	Alfonso
આચાર (અથાણું)	Achar (Pickles)
આલ્મારી	Armario (Cup-board)
'અંગ્રેજ' કે 'ઇંગ્રેજ'	Ingrez
ઇસ્ત્રી	Estirar (Iron)
કમરો (ઓરડો)	Camra (Room)
કાજુ	Caju
ખમીસ	Camisa (Shirt)
ગિરજા(હિંદીમાં વિશેષ પ્રચલિત છે.)	Igreja(Church)
ચાવી	Chave (Key)
છાપ	Chapa (Impression)
ટુવાલ	To-alho (Towel)
પાદરી	Padre (Priest)
પાયરી (કેરી)	Pires

ગુજરાતી	પોર્ટુગીઝ
પીપ	Pipa (Tub)
પેરૂ	Peru
પોપૈયા	Popaia
બટાટા	Batata
બસી (રકાબી)	Bacia (Plate)
બાલ્દી	Balde (Bucket)
બાંક (બાંકડો)	Banco (Bench)
મુંબઇ	Bombaim (Bombay)
મેજ	Mez (Table)
રતલ	Arratel (Pound)
લવાદ	Louvada (Arbitrator)
લીલાંઉ (લીલામ)	Leilo (Auction)
સંતરાં	Cintra

આ નોંધ પૂરી કરતાં પહેલાં એક વાત એ પણ નોંધવી ઘટે છે કે ભારતવર્ષમાં ફિરંગીઓનો રાજ્યઅમલ બીજી પાશ્ચાત્ય પ્રજાઓની સરખામણીમાં બહુ લાંબો ન ગણાય, છતાં પણ ફિરંગીઓ તેમજ હિંદીઓના પરસ્પરના સહવાસના એ ટૂંકા ગાળા દરમ્યાન ભારતવર્ષની અમુક અમુક બોલીઓ તેમજ ભાષાઓ પર તેની ચોક્કસ પ્રકારની અસર થવા પામી છે એમ સ્પષ્ટ રીતે ઉપરના શબ્દો પરથી સમજી શકાય છે. આ રીતે હિંદની ભાષાઓમાં પૂરતી રીતે પ્રચલિત તેમજ ચલણી થઇ ચૂકેલા એ ફિરંગીઓની માતૃભાષાના શબ્દોનું અસ્તિત્વ રહેશે ત્યાંસુધી એ શબ્દો પોતે હિંદમાં પોર્ટુગીઝ લોકોના રાજ્યઅમલની સાક્ષી પૂરશે એ નિર્વિવાદ છે. કોઇ મોટા ઉલ્કાપાત કે ધરતીકંપને પરિણામે કદાચ એ ફિરંગીઓના રાજ્યઅમલની સાબિતીરૂપે રહેલા સ્થૂલ અવશેષો તો નાબૂદ થાય પણ ખરા, પરંતુ ભારતવર્ષની ભાષાઓમાં રોળભેળ થઇ ગએલા એ પોર્ટુગીઝ શબ્દો તો ચિરકાળ સુધી પ્રચલિત જ રહેશે એમાં શંકાને સ્થાન નથી.

--ત્રિભુવન વીરજીભાઇ હેમાણી

ઘઉંના પૌંઆ

* * * ગઇ માણેકઠારી પૂનમે તમે ખાધા હશે એ તો ચોખાના પૌંઆ. એમાં માત્ર મિઠાશ હશે. પરંતુ મિઠાશ અને લાભ બંને આપનારી તો આ નવી વાની જ. એનું નામ અમારી માફક તમે પણ આ પહેલી જ વાર જાણો છો ને?

સાંગલીના એક જુવાન શ્રી ભાસ્કર પાંડુરંગ સહસ્રબુદ્ધેએ ઘણી મહેનત, સમય અને નાણાંનો ખર્ચ કર્યા પછી ઘઉંના પૌંઆ બનાવનારૂં એક યંત્ર તૈયાર કર્યું છે. તેમાં તૈયાર થએલા ઘઉંના પૌંઆ પચવામાં સરળ અને પોષક હોય છે. ચોખાના પૌંઆ ખાધા પછી તે પેટમાં ફૂલે છે એ તો જાણીતું છે. પણ આ ઘઉંના પૌંઆ પાચનશક્તિ મંદ થઇ ગઇ હોય તેવા દરદીઓને માટે અથવા મધુપ્રમેહ, ક્ષય, વગેરે ગંભીર દર્દોમાં પણ બહુ જ અનુકૂળ ખોરાક છે. મીરજની ઇસ્પિતાલમાં તે વપ-

રાયા છે તેમજ દેશી વૈદ્યકપ્રણાલી પણ એ પૌંઆની સિફારશ કરી રહ્યા છે. મજા ખાતર તેનો ચેવડો પણ બનાવી શકાય છે. સવારમાં દૂધ-સાકર સાથે આ પૌંઆ લેવાથી હલકા નાસ્તાની ગરજ સારે છે અને વળી વખતસર ભૂખ પણ લાગે છે. રાત્રે પણ અલ્પાહાર તરીકે તે ચાલી શકે એવા છે.

શ્રી સહસ્રબુદ્ધે રત્નાગિરિમાં કસ્ટમ્સ ખાતાની નોકરીમાં હતા. ત્યાં તેમને પૌંઆના કોથળા જોઇ વિચાર આવ્યો કે તે બનાવવાનું યંત્ર કેમ ન બને? કેટલાક અખતરા પછી યંત્ર બન્યું. ત્યારે સૂઝ્યું કે ચોખાના પૌંઆની હરીફાઇ કરે એવું બીજું ક્ષેત્ર કાં ન ઊભું થઇ શકે? એટલે પછી ઘઉંના પ્રયોગો કરી તેમાં સફળતા મેળવી. નોકરી છોડી ઉદ્યોગ પર નભવાનો રસ્તો થયો. તરુણોની શોધક બુદ્ધિ જ બેકારી તોડી શકશે.

શ્રી સહસ્રબુદ્ધેનું ઠેકાણું ૭૫૩, સદાશિવ પેઠ પૂના એ મુજબ છે. ઇચ્છુકોએ તેમની સાથે પત્રવ્યવહાર કરવો.

તમે જાણો છો?

***આ નીચેની અન્તર્યામીભરી હકીકતો લખી મોકલનાર ભાઇ લખે છે કે એમણે જાતે એમાંનાં ઘણાંખરાં સ્થાનો જોયાં છે. આપણે ત્યાં એવી નવાઇભરી હકીકતવાળાં ઘણાં સ્થાનો હશે–છે; એમાંનું લોકવાયકાનું કસ્તર ચાળી નાખીને વસ્તુસ્થિતિનું સાચું દર્શન કરાવનારી શુદ્ધ માહિતી વાચકો મોકલતા રહે તો એ રસભર્યું દેશદર્શન થઇ પડે.

ભાવનગર રાજ્યના મીઠી વીરડી (ખદડપર) ગામની પાસેના દરિયામાં મીઠાં પાણીનાં વીરડા છે. દરિયાનાં પાણી ભરતી વખતે ઉપર ફરી વળે તોપણ તરત જ જો કોઇ માણસ તેમાંનું પાણી પીએ, તો મીઠું દૂધ જેવું હોય છે. આવા લગભગ પાંચ વીરડાં ત્યાં છે.

ગીરના જંગલમાં ગાયકવાડી ગામ ધારીથી તુળશીશ્યામ જતાં, રસ્તામાં એક જંગી પીપળો આવે છે. ખૂબી એ છે કે આ પીપળાંના પાન દૂધ જેવાં ધોળાં છે. આ ઉપરથી લોકવાયકા ચાલી છે કે કોઈ ઋષિએ દૂધ પાઇને આ વૃક્ષને મોટું કરેલું!

ભાવનગર પાસે લગભગ સાતઆઠ માઈલ દૂર ડુંગરની ગાળીમાં ખોડિયાર માતાજીનું મંદિર છે, તેની બાજુમાં એક લીમડો છે. માતાજીના મંદિર ઉપર પડતા લીમડાના ભાગનાં પાન મીઠાં છે, પરંતુ બાકીના ભાગના પાન કડવાં ઝેર છે! ભાવનગરથી ત્રીજું સ્ટેશન તે જ ખોડિયાર મંદિર!

વીર મોખડાજીનું માથા વિનાનું ધડ લડયું હતું એ વાત તો તમે સાંભળી હશે. લડતાં લડતાં જે સ્થાને એ ધડ પડેલું ત્યાં હાલમાં નાનોશો ઓટલો બાંધી દેરી ચણેલી છે. કહેવાય છે કે કોઇ અફીણના બંધાણીને વખાના માર્યા અફીણ ના મળ્યું હોય, અને અચાનક આ સ્થાને આવી ચડે, તો આ ઓટલેથી અફીણની કાંકરી તેને મળે છે. આ જગ્યા ખદડપર (ભાવનગર રાજ્યનું ગામ) અને મોરચંદ (જિલ્લાનું ગામ) બંને ગામની વચ્ચોવચ બે ડુંગરની ગાળીમાં આવેલું છે. બંને ગામ વચ્ચે ૬ માઇલનું અંતર છે.

એ જ મોરચંદ પાસેના ડુંગરની પાછળની બાજુએ, મીઠી વીરડી જતાં, જરા દૂર ભીમના પલંગના પથ્થરના પાયા છે. તાજુબીની વાત એ છે કે, પાયા જેવા હોય છે, તેવા જ નકશીદાર આ પથ્થરો છે. એની લંબાઇ ૧૭ ફૂટ અને પહોળાઈ ૨॥ ફૂટ છે. તેમાં ૧॥ ફૂટ લાંબું અને ૧ ફૂટ પહોળું ઈસ ભરાવવાનું બાકું પણ છે. જોનાર તો ઘડી આભો જ બની જાય. સાથે લાંબી બે ઇંસ પણ છે. જંગલમાં પડેલી આવી જૂની પુરાણી વસ્તુઓ સંગ્રહસ્થાનમાં અગર તો ભરાતાં પ્રદર્શનોમાં ગોઠવાય તો?

ભાવનગર રાજ્યના મહુવા મહાલમાં દરિયાકાંઠે આવેલા કોટડા (હેઠા-ઉંચા) નામના ગામમાં એક રાક્ષસી કૂવો છે, જેની ઉપર બત્રીસ કોસ એકીસાથે ચાલે છે. વળી કૂવામાં પાણી ફક્ત ઢીંચણ સુધી જ. અને છતાં બત્રીસે કોસ ચાલે તો પણ પાણી બારે માસ ખૂટે જ નહિ.

તા ૬-૪-૧૯૩૫ના રોજ વળા સ્ટેટની હદમાં, ઘણાં વર્ષો પૂર્વેનું એક શિવલિંગ (થાળા સહિત) જમીનમાંથી નીકળ્યું છે. તેની ઊંચાઇ ૨॥ ફૂટ અને ઘેરાવો ૧ ફૂટનો છે. પથ્થર લીલા રંગનો છે. ખુબી તો એ છે કે આપણે પાસે જઇ ઊભા રહીએ તો આપણું ચોખ્ખું પ્રતિબિંબ તદ્દન તેમાં દેખાય છે. તે ઉપરાંત લિંગ દિવસમાં ત્રણ રંગ બદલે છે. સૂર્યોદય વખતે લીલું, મધ્યાહ્ન વખતે ભૂરું અને સૂર્યાસ્ત વખતે તે કાળું દેખાય છે. લિંગનો પથ્થર કિંમતી હોવાનું બોલાય છે અને ૨૦૦૦ વર્ષો પૂર્વેનું હોવાનું તે અડસટ્ટાય છે.

અલ્લાહાબાદ જિલ્લામાં એક જાગીરમાં હાથીનું એક પ્રચંડ હાડપિંજર મળી આવ્યું છે, તે એક લાખ વર્ષ પૂર્વેનું હશે તેમ પ્રાણીશાસ્ત્રવેત્તાઓનો મત છે. હાડપિંજર જેવું ને તેવું જ છે. તેના દંતૂશળ બાર ફૂટ કરતાં પણ વધારે લાંબા છે. આ ઉપરથી આ પ્રચંડ શરીરની સહજ કલ્પના થશે. આ હાડપિંજર જાગીરદારે બનારસ વિશ્વવિદ્યાલયને ભેટ આપ્યું છે અને હાડપિંજરનો વધુ અભ્યાસ વિશ્વવિદ્યાલયના પ્રો. ડી. કે. ચક્રવર્તી ચલાવી રહ્યા છે.

ઉપર વર્ણવેલાં ઘણાંખરાં સ્થાન નજરે જોએલાં છે.

—છોટુરાવ બાબુરાવ પ્રધાન

ખારીમીઠી વીરડી

***ઉપર નોંધેલી અન્તર્યામીઓના પહેલા પૅરેગ્રાફમાંની હકીકત વિષે એક ભાઈ નીચેની વિગતવાર નોંધ મોકલે છે.

ભાવનગરથી ત્રીસેક માઇલ દૂર દક્ષિણમાં દરિયા કિનારા

ઉપર આ સ્થળ આવેલું છે. સમુદ્રની અંદર પાણી ખારૂં હોય છે એ બાબતની તો સર્વે લોકોને ખબર હોય છે, પરંતુ અહીં તો સમુદ્રની અંદર મીઠું પાણી છે! કોઇ એક દુઃખી માણસને એક જ માણસનો આધાર હોય તો આપણી હિંદુ કહેવત પ્રમાણે લોકો કહે છે કે 'ખારા સમુદ્ર વચ્ચે મીઠી વીરડી રૂપ તે એક જ છે.' પરંતુ આ તો કહેવત છે, જ્યારે અહીં તો તે તાદૃશ છે.

અહીં દરિયા કિનારાથી થોડે દૂર અંદર જતાં એક જૂનો–પુરાણો જર્જરિત પથ્થરનો ચોતરો આવેલો છે. આ ચોતરાની અંદર લગભગ દસેક જેટલી ચોરસ વીરડીઓ છે. હાલમાં જેટલા પ્રમાણમાં આ ચોતરો છે તેના કરતાં અગાઉ તે મોટો હતો અને તેના ઉપર આ કરતાં વધારે વીરડીઓ હતી પરંતુ સમુદ્રના ખારા પાણીને લીધે તે ધીરેધીરે ખવાતો જાય છે. સમુદ્રમાં જ્યારે ભરતી આવે છે ત્યારે તેનું પાણી આ ચોતરાથી ઘણે ઊંચે સુધી ચડી જાય છે, અને દરેક વીરડી સમુદ્રના પાણીથી ભરાઇ જાય છે. ભરતી ઊતર્યા બાદ દરેક વીરડીનું પાણી અરધે સુધી થઇ જાય છે. હવે અજાયબ થવા જેવું એ છે કે સમુદ્રનું પાણી દરેક વીરડીમાં સરખું ભરાતું હોવા છતાં આમાંની અરધી વીરડીઓમાંનું ખારૂં અને અરધી વીરડીઓમાં, આપણે હમેશા ઉપયોગમાં લઇએ છીએ તેના કરતાં પણ વધારે મીઠું પાણી લાગે છે. પહેલાં આ સ્થળની કોઇને માહિતી ન હતી, પરંતુ ધીરે ધીરે લોકોને જાણ થતાં હાલમાં અહીં એક નાનું ગામ વસ્યું છે. આ ચોતરા ઉપર બેસી પહેલાં ઋષિઓ તપ કરતા હતા એવી આ તરફના લોકોની માન્યતા છે અને તેને લીધે આ સ્થળ પવિત્ર મનાય છે. બીજું કંઈ ખાસ જાણવા કે જોવા જેવું ન હોવા છતાં દૂરથી લોકો આ વીરડીઓ જોવા જ ખાસ આવે છે. તેમને ઊતરવા માટે હાલમાં ત્યાં એક ધર્મ-શાળા પણ બાંધવામાં આવી છે. —રમણિકલાલ મણિશંકર ભટ્ટ

મધ

મધ એ સૌથી ઉત્તમ કાર્બોહાઇડ્રેટવાળું ખાદ્ય છે. શરીરમાં તરત પચીને શક્તિ અને ગરમી આપનારૂં છે. એ સૌથી પથ્ય પદાર્થ છે, કારણકે તેને પાચન થવાની જરૂર જ પડતી નથી. પરભાર્યું જીભ ઉપરથી જ તે રસવાહિની વાટે લોહીમાં ભળવા માંડે છે. થાકેલા તંતુઓને તાજગી આપનાર તે સરસ ઉદ્દીપક છે. વળી તે એવું છે કે કોઇ બાળકને તે માગે તેટલું આપવા છતાં તે ગજા ઉપરાંત ખાશે નહિ, તેમજ મિઠાઇના મોહમાં તણાશે નહિ દૂધ કરતાં પણ મધ બાળકો માટે સલામત ખાદ્ય છે, કારણકે મધમાં જંતુઓ ટકી શકતાં નથી; અને તેથી જ મધ લાંબા સમય સુધી સંઘરી શકાય છે. જંતુરહિતતા-થી તેનો ઉપયોગ જખમો ઉપર મલમપટામાં પણ થાય છે. તેનાથી બળેલા ભાગો પર ઠંડક અને રાહત વળે છે. મધમાં કોઇ એક એવું તત્ત્વ છે કે જેથી પાચન સુધરે છે; પણ મધને ગરમ કરવાથી તે ગુણનો નાશ થાય છે. કદાચ નહિ પરખાએલું એવું એક ઓજસ (વિટામીન) એથી નાશ પામતું હશે મધમાં લોહનું જે તત્ત્વ છે તે માણસના લોહીમાં સત્વર ભળી શકે છે. પાંડુ રોગના દરદીઓના હૃદયને તે બહુ ટેકો આપે છે. ફિક્કાં બાળકોને છ અઠવાડિયાં મધ ઉપર જ રાખવાથી તે લાલચૂગ બન્યાનો અનુભવ છે. મધનો ઉદ્યોગ શાસ્ત્રીય રીતે આપણા દેશમાં ખીલે તો પ્રજા અને ખેડૂતો બંનેને લાભ થાય એમ છે.

('લિસનર' ઉપરથી)

જખમ પર શું લગાડવું ?

જખમો સારા કરવા માટે કૉડલિવ્હર ઑઇલ એક ઉત્તમ દવા છે એમ ઘણા પ્રયોગ ઉપરથી પુરવાર થયું છે. આ પ્રયોગ કરતી વખતે કેટલાંક પ્રાણીઓને જખમો કરીને તેમાંના કેટલાક જખમોમાં રોગજંતુ પણ દાખલ કરવામાં આવ્યાં હતાં. આવા જખમોમાંના કેટલાક પર કૉડલિવ્હર ઑઇલનો મલમ લગાડવામાં આવ્યો હતો અને બીજા જખમો પર કાંઇ પણ લગાડ્યું ન હતું. તેજ મલમ ૧૩૦ ડિગ્રી સેંટીગ્રેડ સુધી તપાવીને તે પછી લગાડવામાં આવ્યો હતો તપાવેલા મલમની કાંઇપણ અસર થઇ નહિ, તે પરથી જણાયું છે કે ઉષ્ણતાથી નષ્ટ થનારાં જે વિટામીન તથા ખાટા પદાર્થો આ તેલમાં હોય છે, તે જ જખમો સારા થવામાં મદદગાર નીવડતા હોવા જોઇએ. આ મલમ લગાડવાથી જખમો જલદી સારા થાય છે, એટલું જ નહિ પણ તે જગ્યાએ ચાઠાં પણ વિશેષ પ્રમાણમાં રહેતાં નથી અને ચામડી સાફ થાય છે. અનુભવ લેવો ઘટે છે.

(સમાજ સ્વાસ્થ્ય)

બુદ્ધિશાળી પ્રાણીઓ

ન્યૂ યૉર્કના પ્રાણીસંગ્રહસ્થાનના નિયામક ડૉ. ડબ્લ્યુ. રેઇડ બ્લેઅરે માનસશાસ્ત્રીય પ્રયોગશાળામાં જુદાંજુદાં પ્રાણીઓ પર અખતરા કરીને સૌથી બુદ્ધિશાળી પ્રાણીઓની એક ક્રમવાર યાદી તૈયાર કરી છે. તેમાં ચિમ્પાન્ઝી વાંદરો મોખરે આવે છે. તે પછી ઉરાંગઉટાંગ વાંદરો બીજો, હાથી ત્રીજો, ગોરીલા વાંદરો ચોથો, પાળેલો કૂતરો પાંચમો, બીવર છઠ્ઠો, પાળેલો ઘોડો સાતમો, દરિયાઇ સિંહ આઠમો, રીંછ નવમો અને પાળેલી બિલાડી દસમો દરજ્જો ભોગવે છે.

'જો હવાઈ મુસાફરી કરતાં પહેલાં વિમાનીઓ એક કલાક સુધી ફક્ત પ્રાણવાયુ જ લે અને શરીરમાંથી નત્રવાયુ કાઢી નાખે તો ૫૦,૦૦૦ ફૂટ–એટલેકે લગભગ ૧૦ માઇલ–સુધી તો મૃત્યુ કે કોઇપણ જાતના ભય સિવાય તે ઊડી શકે.'

બ્રિટિશ શરીરશાસ્ત્રી સર લીઓનાર્ડ ઓછા દબાણવાળી જગ્યાઓમાં ઢોરો રાખી તેમના ઉપર કરેલા પ્રયોગનાં પરિણામો ઉપરથી આ નિશ્ચય ઉપર આવ્યા છે. થોડા વખત પહેલાં ફ્રાંસમાં થએલા શોધન પ્રમાણે એમ મનાતું હતું કે વિમાની પ્રાણવાયુ-થી ગમે તેટલો સજ્જ હોય તોપણ વધારેમાં વધારે ૪૫,૦૦૦ ફૂટ ઊંચે જઇ શકે. સિવાય કે આટલી ઊંચાઇના હવામાનમાંથી બચવા માટે તે અતિશય દબાણવાળી બંધ જગ્યાનો આશરો લે.

પારીસમાં ભણતો બાર વરસનો એક અંગ્રેજ બાળક કસરતશાળામાં પોતાના ફ્રેંચ સહાધ્યાયીઓ એક ઊંચે લાકડે ચડી રેતીના ઢગલા પર કૂદતા હતા તેમાં પોતાનો વારો ક્યારે આવે તેની આતુરતાથી રાહ જોતો ઊભો હતો. તે સૌથી નાનો ને વળી સારણગાંઠના દરદવાળો હતો, તેથી બધાએ તેને ઘણો વાર્યો, પણ તેણે મક્કમ રહી કોઇના પણ કાલાવાલાને ન ગણકારતાં લાકડા પર ચડીને કૂદકો માર્યો જ. એ પડ્યો તે પડ્યો. સૌ તેને બિછાના પર લઈ ગયા ને એક કલાક પછી તો તે મરણ પામ્યો; પણ તેના છેલ્લા શબ્દો એ જ હતા કે 'એમ તો કદિ નહિ કહેવાય ને, કે એક અંગ્રેજ બાળક ફ્રેન્ચમૅનની માફક કૂદી શકતો નથી!'

અનેકાર્થી શબ્દ: **તાર**=દોરો તાંતણો, રેસો; ધાતુને ખેંચી બનાવેલો તાર; ટેલિગ્રાફ મારફત આવેલો સંદેશો; ઉત્તમ: કેફની ખુમારી; સામો કાંઠો, કિનારો; અંત, છેડો, મુક્તિ; તરી શકાય તેવી પાણીની સ્થિતિ; એક કાગળ, તા

ગમ્મતભર્યો સરવાળો

	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯
	૯	૮	૭	૬	૫	૪	૩	૨	૧
	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯
	૯	૮	૭	૬	૫	૪	૩	૨	૧
								વત્તા	૨
૨	૨	૨	૨	૨	૨	૨	૨	૨	૨

આની ચાવી તમને સમજાઈહશેતો આવી ઘણી ગમ્મતો એમાંથી ઉપજાવી શકશો.

કહેવતોના અર્થ: 'દેડકાંની પાંચ શેરી' =તોળતાં તોળતાંમાં તો એટલી કુદાકુદ કરી મૂકે કે તમે પાંચ શેર દેડકાં પણ સ્થિરપણે-ચોક્કસરીતે જોખી શકો નહિ. એવો રમૂજી દાખલો આપી, કોઇ કામમાં એકસંપીથી માણસો કામ ન કરી શકે તેને આ કહેવત વડે ઉપાલંભ અપાય છે. એ જ અર્થની બીજી કહેવતો: 'ચીભડાંની ભારી', 'ઊંટનાં લીંડાં બધાં જુદાં જ હોય', 'ત્રીજ ને તેરશ એક થાય જ નહિ'.



'હમિંગ બર્ડ' નામનું દુનિયાનું આ નાનામાં નાનું પંખી ઊંચે અને નીચે તેમજ આગળ અને પાછળ પણ ઊડી શકે છે!


આરસપહાણની ફરસબંધી અગર બીજી વસ્તુઓ ઉપર પડેલા ડાઘ પર તાજા કાપેલા લીંબુની ચીર ઘસીને પાણીથી સાફ કરી જોજો.

ન્યૂ યૉર્કમાં ગંધ વગરના ડુંગળીના દડા રજુ કરવામાં આવ્યા છે!

મનાય છે કે પાઇઝાનો જગવિખ્યાત ઝૂકેલો મિનારો એ જ સ્થિતિમાં બંધાયો હતો તે ૧૭૯ ફીટ ઊંચો છે, પણ તેનો પાયો તો માત્ર ૧૦ જ ફૂટ જમીનમાં છે. તેની ટોચ જમીનથી લંબ (perpendicular) દોરતાં ૧૬ ફૂટ બહાર છે.

હિંદમાં પોણા ચાર કરોડ માણસો પાસે રોજનું રોજ કમાઇને ખાવા ઉપરાંત કશી પૂંજી નથી, અને છ કરોડ તો દેવામાં ડૂબેલા છે.

કાચબાનું હૃદય તેના શરીરથી છૂટું પાડ્યા છતાં ૫૦ મિનિટ જીવતું રહે છે.



ઉપરની ચોરસ આકૃતિમાંની બધી કર્ણરેખાઓ સમાંતરે જ છે, પણ તેના ઉપર જે વાંસા છરકા સામસામા મોંના કરેલા છે તેથી દૃષ્ટિભ્રમ ઉત્પન્ન થવાને લીધે એ રેખાઓ વાંકી લાગે છે.

ઑસ્ટ્રેલિયામાં કોઈ તળપદાં ભારવાહી પશુઓ (બળદ, ગધેડાં, ઘોડા, ઊંટ જેવાં) નિપજતાં જ નથી. આખી પૃથ્વી પર એ એક જ ખંડ એ રીતે બાતલ રહ્યો છે એ આશ્ચર્યજનક છે. ત્યાં ઘોડા છે તેની ઓલાદ સ્પેનથી આયાત કરેલી છે.

વ્હેલની જિંદગી પાંચસો વર્ષની ગણાય છે અને તેની ચામડી કેટલેક ઠેકાણે બે ફૂટ જાડી હોય છે.

યુનાઇટેડ સ્ટેટ્સની દોલતનો પંચાણુ ટકા ભાગ ત્યાંની વસ્તીના માત્ર નવમા ભાગના કબજામાં છે.



બ્રહ્મદેશમાં એવડા પહોળા વાંસ થાય છે કે જેના પોલાણમાં નાનાં છોકરાંઓ આ રીતે ઘર માટે પાણી ભરી લાવે છે. પૂર્વના એ દેશોમાં વાંસની લગભગ વીસ જુદીજુદી જાતો થાય છે અને કંઇ અસંખ્ય રીતે જીવનના વિધવિધ ઉપયોગ માટે તે વાપરવામાં આવે છે.

સોના કરતાં રેડિયમ સત્તર હજાર ગણું મોંઘું છે.

ચોપગાં પ્રાણીઓના ગર્ભવાસની મુદત

નામ	કેટલા દિવસ
બિલાડી	૫૦
કૂતરો	૬૦
ડુક્કર	૧૧૫
બકરું તથા ઘેટું	૧૫૦
ગાય	૨૮૫
ભેંસ	૩૧૦
ઘોડો	૩૪૫
ગધેડું	૩૮૦
હાથી	૬૧૫

(સંકલિત)-ત્રિ. વી. હે.



'ભાડભૂંજો' પ્રાણલાલ પટેલ (અમદાવાદ) બીજું ઈનામ

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

આ માસની હરીફાઇમાં આવેલા ફોટોગ્રાફો નબળા અને ગુણ વિનાના છે. કોઇ ફોટોચિત્ર પહેલા ઇનામને પાત્ર નહિ લાગવાથી તે ઇનામ આ માસે મોકૂફ રાખ્યું છે. માત્ર એક જ ચિત્ર હરીફાઈનું ધોરણ જાળવી શક્યું છે: તે ભાઈ પ્રાણલાલ પટેલ (અમદાવાદ)નું 'ભાડભૂંજો'.

ભાડભૂંજાનો ઉદ્યોગ એ હિંદના ઘસાતા ઉદ્યોગોમાંનો એક છે. વૈજ્ઞાનિક સાધનોથી કાર્યની સરળતા વધે છે; કદાચ કામ સફાઇદાર પણ બને છે; પરંતુ રૂપીઆ-બે રૂપીઆની લોઢાની કઢાઇ અને કથરોટથી પ્રામાણિક ધંધો કરી ગુજરાન ચલાવનાર 'ભાડભૂંજો વીજળીક બળો ક્યાં લેવા જાય ? ફોટોચિત્રમાં વાતાવરણ અને ભાડભૂંજાની કાર્યએકાગ્રતા સ્પષ્ટ જણાય છે. કલાદૃષ્ટિએ ચિત્ર તાવતાં બે ત્રૂટીઓ એકદમ આંખને ખૂંચે છે ડાબી તરફથી એક ઇંચ કાપી, ચિત્રમાંની દિવાલ કાઢવાની જરૂર છે; તેમજ બૅકગ્રાઉન્ડમાં બારણામાંથી નજરે પડતું દૃશ્ય જોનારને મુખ્ય લક્ષ્યથી આડે દોરે છે. બારણું બંધ કરીને ફોટો લેવાયો હોત તો સુંદર ચિત્ર બનત.

બલવન્ત ભટ્ટ



તમાસ કૅમેરાને પૂરો ઓળખો. તેની મર્યાદાઓ સમજીને ચાંપ દાબો. કૅમેરાના ઢાંકણ-શટર-ની ગતિઓ અને ઝડપ-સ્પીડ જાણી લો. અને તેનાથી ઝડપાય એવા જ વિષયો પાડવાનો પ્રયાસ કરો દાખલા તરીકે બૉક્સ કૅમેરામાં ઘણુંખરૂં એક જ ગતિથી શટર ઉઘડે-વસાય છે. તેની ગતિ ૧/૨૫ સેકન્ડના આશરાની હોય છે. શહેરના રસ્તા પર દોડતાં ગાડીઘોડા અને મોટરો, ઊડતાં પક્ષીઓ, રમતગમતમાં દોડતાકૂદતા હરીફો વગેરે દૃશ્યો-જેમાં મુખ્ય વસ્તુ ત્વરિત ગતિથી હાલતી હોય તેવા વિષય-ના ફોટોગ્રાફ આ કૅમેર થી લેવા નું લગભગ અશક્ય છે. તેથી જ તેવા વિષયો પાડવાનું માંડી વાળો. ૧/૨૦૦ કે ૧/[illegible] સેકન્ડની ગતિએ શટર ચાલે એવું હોય તો જ એવા વિષયો ઝડપાય.